શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત


Retail Price Rs. 5/- Each

# દિવ્યધ્વનિ

વર્ષ : ૩૬, અંક : ૩
માર્ચ-૨૦૧૨

આધ્યાત્મિક મુખપત્ર

## શ્રી રાજમંદિર પ્રતિષ્ઠા મહોત્સવ વિશેષાંક




પરમકૃપાળુદેવની સૌમ્ય અને શાંતિપ્રદાયક પ્રતિમા

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત) કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)

## સંસ્થામાં નવનિર્મિત શ્રી રાજમંદિર





## રાજમંદિરમાં બિરાજમાન પરમકૃપાળુદેવ

-: પ્રેરક :-
શ્રદ્ધેયશ્રી આત્માનંદજી

-: સંપાદક :-
શ્રી મિતેશ એ. શાહ

-: સ્વત્વાધિકારી :-
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-
ડૉ. શ્રી શર્મિષ્ટાબેન એમ. સોનેજી
ટ્રસ્ટી, શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
કોબા - ૩૮૨ ૦૦૭
ફોન : (૦૭૯) ૨૩૨૭ ૬૨૧૯
૨૩૨૭ ૬૪૮૩/૮૪
ફેક્સ : (૦૭૯) ૨૩૨૭ ૬૧૪૨
srask@rediffmail.com
www.shrimad-koba.org

-: લવાજમ શ્રેણી :-
ભારતમાં
ત્રિવાર્ષિક રૂા. ૧૮૦
આજીવન રૂા. ૭૫૦
પરદેશમાં
By Air Mail
ત્રિ-વાર્ષિક : Rs. 2500
$-60, £-35
આજીવન : Rs. 7000
$-170, £-110
By Sea Mail
આજીવન : Rs. 3500
$-85, £-60

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા

(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ ...................... શ્રીમદ્ રાજચંદ્રજી ...... ૩
(૨) પ્રતિષ્ઠા મહોત્સવ .................. શ્રી મિતેશભાઈ શાહ ...... ૫
(૩) યુગપ્રધાન શ્રીમદ્જી .............. પૂજ્યશ્રી આત્માનંદજી .... ૧૪
(૪) શ્રીમદ્જીના હૃદયના મર્મને ......... પૂ.શ્રી સુનંદાબહેન વોહોરા .... ૧૬
(૫) આપણા સહુનું સૌભાગ્ય ..... પૂજ્ય નલિનભાઈ કોઠારી .... ૧૮
(૬) પરમકૃપાળુદેવની દિવ્યવાણી ..... પૂ.શ્રી ડૉ. રાકેશભાઈ .... ૨૧
(૭) શ્રીમદ્ રાજચંદ્રની અસંગ સ્વરૂપે ........ પૂ.ગાંગજીભાઈ મોતા .... ૨૫
(૮) ज्ञान क्रियाभ्याम् मोक्षः ................ શ્રી મણિભાઈ શાહ .... ૨૮
(૯) પરમકૃપાળુદેવની પરાભક્તિની .......... પૂજ્ય બહેનશ્રી .... ૩૧
(૧૦) અગ્રગણ્ય સંત - શ્રીમદ્ .......... ડૉ. જિતેન્દ્રભાઈ શાહ .... ૩૩
(૧૧) સપ્તર્ષિનું દર્શન .................... ડૉ. કુમારપાળ દેસાઈ .... ૪૩
(૧૨) શ્રીમદ્ રાજચંદ્રજીની સમાધિભાષા ..... પ્રા. ચંદાબહેન પંચાલી .... ૪૯
(૧૩) આ છે અમારા અણગાર ! ....... શ્રી સુધીરભાઈ મહેતા .... ૫૪
(૧૪) શ્રીમદ્ રાજચંદ્રજીનું પરમ હિતકારક ..... શ્રી વિભાબેન મહેતા .... ૫૯
(૧૫) સંભવામિ યુગે યુગે ................ શ્રી મધુભાઈ પારેખ .... ૬૪
(૧૬) ભગવત્ દર્શનાર્થે વલખા મારતું ..... શ્રી દીપ્તિબેન શાહ .... ૬૭
(૧૭) શ્રી રાજવંદના ....................... શ્રી પૂર્ણિમાબેન શાહ .... ૬૯
(૧૮) સનાતન સત્ય ધર્મના ઉદ્ધારક ...... શ્રી જયકાંત ઘેલાણી .... ૭૧
(૧૯) व्यवहार धर्म व परमार्थ धर्म ............ बा. ब्र. सुरेशजी ..... ૭૩
(૨૦) સમાજ-સંસ્થા દર્શન ............................................ ૭૫


વર્ષ : ૩૬ માર્ચ, ૨૦૧૨ અંક - ૩

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા - ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭ ૬૨૧૯/૪૮૩/૮૪
ફેક્સ : (૦૭૯) ૨૩૨૭ ૬૧૪૨
srask@rediffmail.com
www.shrimadkoba.org

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદક મંડળને સંપૂર્ણ અધિકાર રહેશે.
- લેખકોનાં મંતવ્યો સાથે સંપાદક મંડળનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

આજે સવારે જ્યારે સૂર્ય ઊગ્યો ત્યારે મારા મનમાં પણ એક વિચાર ઊગ્યો છે.

જેમ રસોઈમાં મીઠું ન હોય તો ન ચાલે, વર્ષ દરમ્યાન વર્ષાઋતુ (વરસાદ) વગર ન ચાલે, તેમ મારા જીવનમાં આપના વિના પણ ન ચાલે. આપના વિના જીવનમાં અંધકાર જ છવાઈ જાય. આપના અમૃતવચનો વિના જીવનમાં શૂન્યતા જ વ્યાપી જાય.


વ્યાવહારિક જીવનમાં તો કદાચ અમુક વસ્તુઓનો વિકલ્પ મળી પણ જાય, પરંતુ પારમાર્થિક જીવનમાં તો આપના શરણનો કોઈ પણ વિકલ્પ મને મળતો નથી. સંસારના સંગ-પ્રસંગમાં જ્યારે જ્યારે પ્રતિકૂળતાઓ આવે છે, મન અશાંત થઈ જાય છે, કોઈ ઉપાય જણાતો નથી ત્યારે આપનું શરણ જ મને શક્તિ આપે છે. આપના અમૃતવચનો અમૃતનો છંટકાવ કરે છે, અને મારું મન પરમશાંતિનો અનુભવ કરે છે. મારો જીવનબાગ ફરીથી નવપલ્લવિત થઈ જાય છે. આપના મુખારવિંદના દર્શન થતાં મારા હૃદયમાં ઉલ્લાસના પૂર ઊમટે છે. આત્મા પાછો મોક્ષમાર્ગમાં સ્થિર થતો જાય છે. આવા વારંવારના અનુભવો પછી તો મને આપને એટલું જ કહેવાનું મન થાય છે કે,

"હે પરમકૃપાળુદેવ ! મન, વચન અને કાયાના જોગમાંથી સ્વરૂપદશાની પ્રાપ્તિ થતાં જેને અહંભાવ મટી ગયો છે એવા જે આપ જ્ઞાનીપુરુષ, આપના પરમ ઉપશમરૂપ ચરણારવિંદ, તેને નમસ્કાર કરી, વારંવાર તેને ચિંતવી, તે જ માર્ગમાં પ્રવૃત્તિની હું ઇચ્છા કરું છું. મારી એ અંતરની ઇચ્છા પૂર્ણ કરવા આપ કૃપા કરો. પરમ કૃપા કરો."

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી



- જિંદગી ટૂંકી છે, અને જંજાળ લાંબી છે, માટે જંજાળ ટૂંકી કર તો સુખરૂપે જિંદગી લાંબી લાગશે.
- દર્પણ હાથમાં લેતાં જેમ મુખાકૃતિનું ભાન થાય છે તેમ સિદ્ધ કે જિનેશ્વરસ્વરૂપનાં ચિંતવનરૂપ દર્પણથી આત્મસ્વરૂપનું ભાન થાય છે.
- શુદ્ધ પંચ મહાવ્રતધારી ભિક્ષુકે જે રિદ્ધિ અને મહત્તા મેળવી છે તે બ્રહ્મદત્ત જેવા ચક્રવર્તીએ લક્ષ્મી, કુટુંબ, પુત્ર કે અધિકારથી મેળવી નથી, એમ મારું માનવું છે !
- બહુ બહુ મનનથી અને મારી મતિ જ્યાં સુધી પહોંચી ત્યાં સુધીના વિચારથી હું વિનયથી એમ કહું છું કે, પ્રિય ભવ્યો ! જૈન જેવું એક્કે પૂર્ણ અને પવિત્ર દર્શન નથી; વીતરાગ જેવો એક્કે દેવ નથી, તરીને અનંત દુઃખથી પાર પામવું હોય તો એ સર્વજ્ઞ દર્શનરૂપ કલ્પવૃક્ષને સેવો.
- ક્રિયા એ કર્મ, ઉપયોગ એ ધર્મ, પરિણામ એ બંધ, ભ્રમ એ મિથ્યાત્વ, બ્રહ્મ તે આત્મા અને શંકા એ જ શલ્ય છે. શોકને સંભારવો નહીં; આ ઉત્તમ વસ્તુ જ્ઞાનીઓએ મને આપી.
- જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યું; તેથી રૂડું થયું નથી. કેમકે પરિભ્રમણ અને પરિભ્રમણના હેતુઓ હજુ પ્રત્યક્ષ રહ્યા છે. એક ભવ જો આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે, તો અનંત ભવનું સાટું વળી રહેશે, એમ હું લઘુત્વભાવે સમજ્યો છું; અને તેમ કરવામાં જ મારી પ્રવૃત્તિ છે.
- જગતમાં સત્‌પરમાત્માની ભક્તિ-સત્‌ગુરુ-સત્‌સંગ-સત્‌શાસ્ત્રાધ્યયન-સમ્યક્‌દૃષ્ટિપણું અને સત્‌યોગ એ કોઈ કાળે પ્રાપ્ત થયાં નથી. થયાં હોત તો આવી દશા હોત નહીં. પણ જાગ્યા ત્યાંથી પ્રભાત એમ રૂડા પુરુષોનો બોધ ધ્યાનમાં વિનયપૂર્વક આગ્રહી તે વસ્તુ માટે પ્રયત્ન કરવું એ જ અનંત ભવની નિષ્ફળતાનું એક ભવે સફળ થવું મને સમજાય છે.
- એક ભવના થોડા સુખ માટે અનંત ભવનું અનંત દુઃખ નહીં વધારવાનો પ્રયત્ન સત્‌પુરુષો કરે છે.
- ઉદય આવેલાં કર્મોને ભોગવતાં નવાં કર્મ ન બંધાય તે માટે આત્માને સચેત રાખવો એ સત્પુરુષોનો મહાન બોધ છે.
- પ્રભુભક્તિમાં જેમ બને તેમ તત્પર રહેવું. મોક્ષનો એ ધુરંધર માર્ગ મને લાગ્યો છે.
- મુમુક્ષુપણું, સરળપણું, નિવૃત્તિ, સત્સંગ આદિ સાધનો આ કાળને વિષે પરમ દુર્લભ જાણી પૂર્વના પુરુષોએ આ કાળને હુંડા-અવસર્પિણીકાળ કહ્યો છે; અને તે વાત પણ સ્પષ્ટ છે.
- જે મુમુક્ષુજીવ ગૃહસ્થ વ્યવહારમાં વર્તતા હોય, તેણે તો અખંડ નીતિનું મૂળ પ્રથમ આત્મામાં

સ્થાપવું જોઈએ. નહીં તો ઉપદેશાદિનું નિષ્ફળપણું થાય છે.

- જગતના સર્વ પદાર્થ કરતાં જે પ્રત્યે સર્વોત્કૃષ્ટ પ્રીતિ છે, એવો આ દેહ તે પણ દુઃખનો હેતુ છે, તો બીજા પદાર્થમાં સુખના હેતુની શું કલ્પના કરવી ?
- સત્સમાગમ અને સત્શાસ્ત્રના લાભને ઈચ્છતા એવા મુમુક્ષુઓને આરંભ, પરિગ્રહ અને રસસ્વાદાદિ પ્રતિબંધ સંક્ષેપ કરવા યોગ્ય છે, એમ શ્રી જિનાદિ મહાપુરુષોએ કહ્યું છે.
- એક પળનો હીન ઉપયોગ તે એક અમૂલ્ય કૌસ્તુભ ખોવા કરતાં પણ વિશેષ હાનિકારક છે, તો તેવી સાઠ પળની એક ઘડીનો હીન ઉપયોગ કરવાથી કેટલી હાનિ થવી જોઈએ ?
- સર્વ દુઃખથી મુક્ત થવાનો સર્વોત્કૃષ્ટ ઉપાય આત્મજ્ઞાનને કહ્યો છે, તે જ્ઞાની પુરુષોનાં વચન સાચાં છે, અત્યંત સાચાં છે.
- સર્વ પ્રકારના આરંભ તથા પરિગ્રહના સંબંધનું મૂળ છેદવાને સમર્થ એવું બ્રહ્મચર્ય પરમ સાધન છે.
- આ દેહે કરવા યોગ્ય કાર્ય તો એક જ છે કે કોઈ પ્રત્યે રાગ અથવા કોઈ પ્રત્યે કિંચિત્માત્ર દ્વેષ ન રહે. સર્વત્ર સમદશા વર્તે.
- જે અનિત્ય છે, જે અસાર છે અને જે અશરણરૂપ છે તે આ જીવને પ્રીતિનું કારણ કેમ થાય છે તે વાત રાત્રિદિવસ વિચારવા યોગ્ય છે.
- દેહની જેટલી ચિંતા રાખે છે તેટલી નહીં પણ એથી અનંતગણી ચિંતા આત્માની રાખ, કારણ અનંતભવ એક ભવમાં ટાળવા છે.
- દુરન્ત તથા સારવર્જિત આ અનાદિ સંસારમાં ગુણસહિત મનુષ્યપણું જીવને દુષ્પ્રાપ્ય અર્થાત્ દુર્લભ છે. હે આત્મન્ ! તેં જો આ મનુષ્યપણું કાકતાલીય ન્યાયથી પ્રાપ્ત કર્યું છે, તો તારે પોતામાં પોતાનો નિશ્ચય કરીને પોતાનું કર્તવ્ય સફળ કરવું જોઈએ. આ મનુષ્યજન્મ સિવાય અન્ય કોઈ પણ જન્મમાં પોતાના સ્વરૂપનો નિશ્ચય નથી થતો.
- સંસારમાં રહેવું અને મોક્ષ થવા કહેવું એ બનવું અસુલભ છે.
- મોટા પુરુષોએ અને તેને લઈને અમે એવો દઢ નિશ્ચય કર્યો છે કે જીવને સત્સંગ એ જ મોક્ષનું પરમ સાધન છે.
- આરંભ અને પરિગ્રહનો જેમ જેમ મોહ મટે છે, જેમ જેમ તેને વિષેથી પોતાપણાનું અભિમાન મંદપરિણામને પામે છે; તેમ તેમ મુમુક્ષુતા વર્ધમાન થયા કરે છે.
- કોણ જાણે લક્ષ્મી આદિકમાં કેવીયે વિચિત્રતા રહી છે કે જેમ જેમ લાભ થતો જાય છે તેમ તેમ લોભની વૃદ્ધિ થતી જાય છે; ધર્મ સંબંધી કેટલુંક જ્ઞાન છતાં, ધર્મની દઢતા છતાં પરિગ્રહના પાશમાં પડેલો પુરુષ કોઈક જ છૂટી શકે છે.
- કર્મ એ જડ વસ્તુ છે. જે જે આત્માને એ જડથી જેટલો જેટલો આત્મબુદ્ધિએ સમાગમ છે, તેટલી તેટલી જડતાની એટલે અબોધતાની તે આત્માને પ્રાપ્તિ હોય, એમ અનુભવ થાય છે.
- સર્વ કરતાં વીતરાગનાં વચનને સંપૂર્ણ પ્રતીતિનું સ્થાન કહેવું ઘટે છે. કેમકે જ્યાં રાગાદિ દોષનો સંપૂર્ણ ક્ષય હોય ત્યાં સંપૂર્ણ જ્ઞાનસ્વભાવ પ્રગટવા યોગ્ય નિયમ ઘટે છે.

● ● ●

## આપણી સંસ્થામાં મહામાંગલિક અપૂર્વ અવસર

# શ્રી રાજમંદિર પ્રતિષ્ઠા મહોત્સવ

મિતેશભાઈ એ. શાહ

### પ્રસ્તાવના

મુમુક્ષુઓના મહત્ પુણ્યના ઉદયથી તથા સત્પુરુષોની કૃપાથી કેટલીક વાર અવિસ્મરણીય ઘટનાઓ ઘટતી હોય છે કે જે આધ્યાત્મિક ઈતિહાસમાં સુવર્ણાક્ષરે નોંધાય છે અને તે ચિરંજીવ સનાતન બની જાય છે. આવી જ એક અપૂર્વ ઘટના શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર - કોબાની પાવન ભૂમિમાં ઘટિત થઈ - શ્રી રાજમંદિરમાં પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીની પ્રતિમાની પ્રતિષ્ઠાનો મહોત્સવ.

આ પંચમકાળમાં વીતરાગ ભગવંતોના હૃદયની વાતને જાણીને, મોક્ષમાર્ગને આત્મસાત્ કરી આપણા જેવાને સમજાય તેવી ગુજરાતી ભાષામાં મોક્ષમાર્ગનું પ્રતિપાદન કરી આપણા પર મહાન ઉપકાર કરનાર વિરલ વિભૂતિ એટલે મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી. મુક્તિની અભિલાષાવાળો આત્માર્થી સાધક આવા મહાજ્ઞાની પુરુષના ચરણ અને તેઓની વાણીનું શરણું સ્વીકારે - આરાધના કરે તો તેઓ નિઃશંકપણે મોક્ષમાર્ગને પ્રાપ્ત કરી લે છે. આજે સમાજમાં વિષય-કષાયોનું ભયંકર વાવાઝોડું અને ભૌતિકતા તરફની આંધળી દોડ સૌને અધઃપતન તરફ દોરી રહી છે ત્યારે આવા વિષમ વાતાવરણથી બચવાનો એક માત્ર ઉપાય છે - સત્પુરુષોનો નિશ્ચય અને આશ્રય. આવા પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી પ્રત્યે સૌની આશ્રયભક્તિ દૃઢ થાય તે માટે શ્રી રાજમંદિરમાં પરમકૃપાળુદેવની પ્રતિમાની પ્રતિષ્ઠા થાય તેવી પૂજ્યશ્રી અને ટ્રસ્ટીમંડળની દૃઢ ભાવના હતી અને આ ભાવના તા. ૧૩-૨-૧૨ના શુભ દિને મૂર્તિમંત થઈ. જેમ ચાતક આતુર નજરે વર્ષાનો ઈંતજાર કરે છે તેમ મુમુક્ષુઓ રૂપી ચાતક પણ અધ્યાત્મજગતમાં અનંત ઉપકાર કરનાર પરમકૃપાળુદેવની પ્રતિમાજીની કૃપાદૃષ્ટિની ક્યારે અમીવર્ષા થાય તેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. શ્રી રાજમંદિર પ્રતિષ્ઠા મહોત્સવ (તા. ૧૨-૨-૧૨ થી તા. ૧૩-૨-૧૨) સાકાર થતાં તેઓની આતુરતાનો અંત આવ્યો. પૂજ્યશ્રી આત્માનંદજીની પાવન નિશ્રા તથા સંતો-મહાનુભાવોના સાન્નિધ્યમાં ઉલ્લાસપૂર્વક ભક્તિસભર વાતાવરણમાં પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થયો. અત્યંત પુણ્યના ઉદયે આવા પરમાર્થપ્રેરક કાર્યક્રમમાં સહભાગી થવાનું સદ્ભાગ્ય સાંપડે છે. ઘણી મોટી સંખ્યામાં મુમુક્ષુઓને આ પાવન પ્રસંગમાં ઉપસ્થિત રહેવાનું સદ્ભાગ્ય સાંપડ્યું હતું. સમગ્ર મહોત્સવના વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોનું સુંદર, સફળ અને આગવી શૈલીમાં સંચાલન સંસ્થા સાથે સક્રિય રીતે સંકળાયેલ સેવાભાવી અને પ્રતિભાસંપન્ન મુમુક્ષુ ભાઈ આદ. શ્રી શરદભાઈ ડેલીવાળાએ સુપેરે કર્યું હતું.

### પધારેલા સંતો / મહાનુભાવો

પ્રતિષ્ઠા મહોત્સવમાં પૂજ્ય આચાર્યશ્રી અમૃતસાગરસૂરીજી મ.સા., પૂજ્યશ્રી ભાનુવિજયજી મ.સા., પૂજ્યશ્રી ગોકુળભાઈ, પૂજ્યશ્રી રાકેશભાઈ, પૂજ્ય ભાઈશ્રી નલિનભાઈ કોઠારી, પૂજ્ય ગાંગજીભાઈ મોતા, પૂજ્ય

સ્વામીશ્રી વિદિતાત્માનંદજી, સ્વામી શુકદેવાનંદજી, પૂજ્ય શ્રી હંસાબા, સ્વામી પરમાનંદ સરસ્વતી, પૂજ્ય વંદનાબેન ગોસ્વામી, કબીરપંથી સંતશ્રી નિર્મદદાસજી, આદ. પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈ દેસાઈ, આદ. ડૉ. જિતેન્દ્રભાઈ શાહ, આદ. શ્રી વસંતભાઈ ખોખાણી, આદ. શ્રી સુધીરભાઈ મહેતા વગેરે સંતો-મહાનુભાવોની ઉપસ્થિતિથી સભામંડપમાં પવિત્રતાના સ્પંદનો પ્રવહી ઊઠ્યાં.

આ ઉપરાંત શ્રી રાજપરિવારની વિવિધ સંસ્થાઓ અમદાવાદ, ધરમપુર, સાયલા, કુકમા (કચ્છ), પર્લી, મુંબઈ, નરોડા જેવી અનેકવિધ સંસ્થાઓના ટ્રસ્ટીશ્રીઓ/પ્રતિનિધિઓ/શ્રેષ્ઠીવર્યોએ પધારીને શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

મહોત્સવમાં નરોડાથી આદ. શ્રી ગોવિંદભાઈ પટેલ, મુંબઈથી આદ. શ્રી મહેન્દ્રભાઈ દોશી (બાપુ), આત્માર્થી આદ. ભાઈ શ્રી પ્રકાશભાઈ ડી. શાહ, આદ. શ્રી અરવિંદભાઈ પી. શાહ, શ્રી નિલેશભાઈ શાહ (પર્લી), આદ. શ્રી કે. જી. વણઝારા (ગુજરાત રાજ્ય, સમાજકલ્યાણખાતુ વિચરતી જાતિના સેક્રેટરીશ્રી), આદ. શ્રી શ્રીપાલભાઈ શાહ (સંસ્થાની જમીનદાતા તથા શ્રી જૈન મહાવીર આરાધના કેન્દ્ર, કોબાના ટ્રસ્ટીશ્રી), આદ. શ્રી પૂનમચંદભાઈ કામદાર, આદ. પ્રા. બહેનશ્રી ચંદાબેન પંચાલી (બોટાદ), સુજ્ઞ શ્રી પારેખ બહેનો (રાજકોટ) વગેરે ઉપસ્થિત રહ્યા હતા, જેની સાભાર નોંધ લઈએ છીએ.

પ્રતિષ્ઠા મહોત્સવમાં દેશ-વિદેશથી મોટી સંખ્યામાં મુમુક્ષુ ભાઈ-બહેનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને દીપાવ્યો હતો.

## સ્વાગત / અભિવાદન

મહોત્સવમાં ઉપસ્થિત સંતો, વિદ્વાનો, સ્વાધ્યાયકારો, રાજપરિવારની વિવિધ સંસ્થાના ટ્રસ્ટીઓ/પ્રતિનિધિઓ, સેવાભાવી તથા દાનવીર મહાનુભાવો, પરમકૃપાળુદેવની પ્રતિમાજીના સર્જક શ્રી ગણેશજી વગેરેનું સંસ્થા દ્વારા આંટી પહેરાવીને, શાલ ઓઢાડીને તથા સ્મૃતિચિહ્ન અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું.

## શોભાયાત્રા તથા વિધિવિધાન

તા. ૧૨-૨-૧૨ના દિવસે સવારે શ્રી શાંતિનાથ ભગવાન તથા પરમકૃપાળુદેવની પ્રતિમાજીની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. સુંદર બગી તથા રથમાં ઉપરોક્ત પ્રતિમાઓ શોભી રહી હતી. રથમાં પરમકૃપાળુદેવની પ્રતિમા સાથે રહેવાનું પરમ સૌભાગ્ય દાનવીર મુમુક્ષુવિશેષ શ્રી કુમુદભાઈ મહેતા તથા આદ. શ્રી સુધાબેન મહેતાને સાંપડ્યું હતું. બેન્ડવાજા સહ, પવિત્ર મંત્રોના ઉચ્ચારણપૂર્વક રાજભક્તો પરમકૃપાળુદેવના રથને હાથથી ખેંચીને લઈ જતા હતા; આવો અનુપમ પારમાર્થિક લાભ લેતાં રાજભક્તો જાણે આત્મામાંથી દુષ્ટ કર્મોને ખેંચીને બહાર કાઢી રહ્યા હતા ! માથે કળશ અને સત્શાસ્ત્રો લઈ રહેલા ઈન્દ્ર-ઈન્દ્રાણીઓ તથા મુમુક્ષુઓ શોભાયાત્રાની શોભામાં વિશેષ વૃદ્ધિ કરતા હતા. સભામંડપની બહાર ધ્વજવિધિ-ધ્વજપ્રતિષ્ઠાનો લાભ આદ. શ્રી કિશોરભાઈ શેઠ તથા આદ. શ્રી ઉષાબેન શેઠે લીધો હતો. મંડપ ઉદ્ઘાટન, મંડપશુદ્ધિ, ભૂમિશુદ્ધિ, મંગળ કળશની સ્થાપના વગેરે વિધિઓ વિધાનાચાર્ય શ્રી પ્રદીપકુમારજીએ શાસ્ત્રોક્ત રીતિથી કરાવી હતી. ઈન્દ્ર-ઈન્દ્રાણીઓને પૂજાવિધિ, અભિષેક તથા નવદેવતા પૂજન અને શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુની પૂજામાં સહભાગી થવાનું સૌભાગ્ય સાંપડ્યું હતું. મહાનુભાવોના દીપ-પ્રાગટ્ય દ્વારા સભામંડપમાં કાર્યક્રમનો શુભારંભ થયો હતો.

## શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર પૂજા-વિધાન

પરમકૃપાળુદેવે અવનિના અમૃત સમી અલૌકિક શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની રચના કરીને અધ્યાત્મજગતમાં પરમ ઉપકાર કર્યો છે. ષટ્દર્શનના સાર સમી શ્રી આત્મસિદ્ધિને સમજવાથી, જીવનમાં ચરિતાર્થ કરવાથી અવશ્ય આત્માની સિદ્ધિ થાય છે. કોઈપણ શાસ્ત્રની વિશેષ આરાધના કરવા માટે તેનું વાંચન, ચિંતન ઈત્યાદિની સાથે તેની પૂજા-વિધાન કરવાની વીતરાગદર્શનની એક પદ્ધતિ છે, જેનાથી સાધકના ચિત્તમાં તે શાસ્ત્ર પ્રત્યે વિનય, પ્રીતિ, ભક્તિ, પ્રતીતિ અને રુચિની વૃદ્ધિ થાય છે. આ બાબતને લક્ષમાં રાખી તા. ૧૨-૨-૧૨ના દિવસે શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર પૂજા-વિધાન રાખવામાં આવ્યું હતું. આત્મસિદ્ધિની પ્રત્યેક ગાથા બાદ તેના ભાવને અનુસરતા અર્ઘ અર્પણ કરવામાં આવ્યા હતા. બા. બ્ર. અલકાબેને આ વિધાનની મૌલિક રચના કરી મહત્ પુણ્ય ઉપાર્જન કર્યું છે, તે બદલ તેઓને અનેકશઃ ધન્યવાદ પાઠવીએ છીએ. આ પ્રસંગે અષ્ટદ્રવ્યથી શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની પૂજા કરવામાં આવી હતી. આ પ્રસંગે વિધાનાચાર્ય શ્રી પ્રદીપકુમારજીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે ગૃહસ્થ માટે દાન અને પૂજા મુખ્ય ધર્મ છે. ભક્તિ એ મુક્તિની દાતાર છે. જિનેન્દ્ર પરમાત્માની ભાવપૂર્વક ભક્તિ કરવાથી સર્વ દુઃખોનો નાશ થાય છે તેમજ સર્વ ઈચ્છાનો અભાવ થઈ જાય છે. સર્વ પ્રકારના સુખની પ્રાપ્તિ શ્રી સત્‌દેવ-શાસ્ત્ર-ગુરુની ઉપાસનાથી થાય છે.

## સ્વાધ્યાય - આશીર્વચન

**• પૂજ્યશ્રી આત્માનંદજી :**

પૂજ્યશ્રી આત્માનંદજીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે શ્રી સત્‌દેવ-ગુરુ-ધર્મનું શરણ તેઓને ઓળખીને લઈએ અને આત્મકલ્યાણ કરીએ તે કોઈપણ ધાર્મિક અનુષ્ઠાનનો હેતુ છે. મહાપુરુષોની પ્રતિષ્ઠા આપણા હૃદયમાં કરવાની છે. મહાપુરુષોના ગુણો આપણા જીવનમાં પ્રતિષ્ઠિત થાય તો સાચી પ્રતિષ્ઠા કરી કહેવાય. મહાપુરુષોના માત્ર ગુણગાન ગાવાં તે પૂરતું નથી પરંતુ તેઓ જેવું જીવન જીવ્યા, જેવો બોધ આપ્યો તે જીવનમાં પરિણામ પામવો જોઈએ. કામ અઘરું છે પણ દૃઢ નિશ્ચય અને સતત પ્રયત્નથી સફળતા મળી શકે છે. જે જ્ઞાન આચરણમાં આવતું નથી તેની પરમાર્થદૃષ્ટિએ કિંમત નથી. પરમાર્થ ન ચૂકાય તે રીતે આપણે જીવનને ઊર્ધ્વગામી બનાવીએ અને મહાપુરુષોએ આરાધેલા માર્ગને અનુસરીએ.

**• પૂજ્યશ્રી ભાનુવિજયજી મહારાજ :**

સર્વમંગલમ્ આશ્રમ, સાગોડિયા (પાટણ)ના અધિષ્ઠાતા પૂજ્યશ્રી ભાનુવિજયજી મહારાજે જણાવ્યું કે આ જગતમાં વીતરાગ પુરુષોને જોતાં આપણને યાદ આવે છે કે (નિશ્ચય નયથી) હું પણ એમના જેવો છું. સમાધિરસથી ભરેલા પરમાત્માને જોતાં આપણને સ્વરૂપનું ભાન થાય છે. વીતરાગપ્રભુ મળ્યા ને જીવન કંઈ સુધર્યું નહિ તો તેમાં આપણો જ વાંક છે. પોતાના સ્વરૂપનું વિસ્મરણ એ મોટો અપરાધ છે. હૃદયમાં રાગ-દ્વેષ-અજ્ઞાનાદિ ચોરો બેઠાં હોય તો પરમાત્માનો નિવાસ ક્યાંથી થાય ? તમામ સાધના રાગ-દ્વેષ-મોહાદિને દૂર કરવા માટે છે. હૃદયને મંદિર સમાન બનાવવા માટે મંદિરમાં જવાનું છે. જે મંદિર આપણા રાગ-દ્વેષ-અજ્ઞાન જવામાં નિમિત્તરૂપ બને તે સુવર્ણમંદિર છે. નિજ સ્વરૂપ પૂર્ણપણે પ્રગટ થઈ જાય તે સાધનાની પૂર્ણતા છે. માત્ર ગામ

પૂછવાથી નહિ પહોંચાય, ચાલવું પડશે. આજનો દિવસ ભક્તિના આનંદથી છલકાવા માટે છે.

**• પૂજ્યશ્રી ગોકુળભાઈ :**

જૈનદર્શનના ઊંડા અભ્યાસી અને શાસ્ત્રોના રહસ્યના જ્ઞાતા પૂજ્યશ્રી ગોકુળભાઈએ વચનામૃત પત્રાંક-૭૩૫ના આધારે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે ભાવપૂર્વક હર્ષોલ્લાસ સહ પ્રતિષ્ઠા સંપન્ન થઈ તે જોઈને લાગ્યું કે આ પાંચમો નહિ પણ ચોથો આરો છે ! નિશ્ચય ભક્તિ તો પરાભક્તિ છે. વ્યવહાર ભક્તિ નિશ્ચયભક્તિ તરફ લઈ જનારી હોવી જોઈએ. સ્વના આશ્રયે વીતરાગતા પ્રગટ થાય છે. જ્ઞાની પુરુષના અંતરંગ રહસ્ય (સ્વરૂપ)ને જાણે તે જીવ જ્ઞાની થાય છે. ગમે તેવા વિષમ પ્રસંગોમાં પણ જ્ઞાની સમતા રાખે છે. અંતરમાં કેટલી શાંતિ-સમભાવ રહે છે તે સાધનાનું માપ છે. મને નુકસાન રાગ-દ્વેષ-મોહ વગેરે ભાવોથી છે, જગતના પદાર્થો કે વ્યક્તિઓથી નહિ. અંતરમાં જેટલા રાગ-દ્વેષનો અભાવ થાય તેટલી સાચી શાંતિનો અનુભવ થાય. વીતરાગતા એ આત્માનો સ્વભાવ છે. નિશ્ચય ચારિત્ર વિના વીતરાગતા સંભવિત નથી. રાત્રે ખાવું તે માંસ ખાવા બરાબર છે અને પાણી પીવું તે લોહી પીવા બરાબર છે. જ્ઞાનીનું ધ્યાન અવિષમ ઉપયોગ પ્રત્યે વર્તે છે. બધા વ્રત  આત્મભાવમાં સમાય છે. ધ્યાનમાં યોગીઓ જેવી શાંતિ અને નિર્વિકલ્પ આનંદનો અનુભવ કરે છે તેવી શાંતિ ઈન્દ્ર, ધરણેન્દ્ર કે ચક્રવર્તીને પણ નથી ! પરિગ્રહના ઢગલા પર બેસીને શાંતિનો અનુભવ નહિ થાય ! દૃષ્ટિરાગ ઘટે અને ગુણાનુવાદ વધે તો મનુષ્યભવ સફળ થાય.

**• પૂજ્યશ્રી રાકેશભાઈ :**

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધરમપુરના અધિષ્ઠાતા, દેશ-વિદેશમાં ધર્મના પ્રચાર દ્વારા લોકોમાં ધર્મજાગૃતિ લાવનાર, કૃપાળુદેવના પરમ ભક્ત પૂજ્યશ્રી રાકેશભાઈએ અનેકવિધ દૃષ્ટાંતસભર સ્વાધ્યાય આપતા જણાવ્યું કે નિત્ય અને નિરંતર પ્રેમશક્તિને પ્રભુ તરફ વાળેલી રાખવી તે ભક્તિમાર્ગ છે. ભક્તિમાર્ગમાં જાતનું અનુસંધાન થાય છે. શરૂઆતમાં ભક્તિમાર્ગ ન ગમે પણ પછી ભક્તિનો એવો ઊંડો નશો રહે છે કે સામાન્ય લોકોને તેનો ખ્યાલ પણ ન આવે ! ભક્તિમાર્ગ આત્માર્થે આરાધવો જોઈએ. જેના દેહરૂપી કોડિયામાં આત્માનુભૂતિરૂપ જ્યોતિ પ્રગટી તે મહાપુરુષ છે. અનુયાયીવર્ગને તે કોડિયા (શરીર) પ્રત્યે રાગ હોય છે તો વિરોધીને તેના પ્રત્યે દ્વેષ હોય છે. આ બન્નેને જ્યોતિ તરફ દૃષ્ટિ જતી નથી. અને ત્યાં સુધી મહાપુરુષના સાચા દર્શન થતા નથી. આત્મામાં ઉપયોગ લગાડવા માટે સત્પુરુષનું અવલંબન - તેઓના પ્રત્યે સમર્પણભાવ જરૂરી છે. સાથે સાથે નિજપુરુષાર્થ હોય તો આત્મા સાથે ઐક્ય સાધી શકાય. મહાપુરુષોની અંતરંગ દશા પ્રત્યે સાચા મુમુક્ષુની દૃષ્ટિ જાય છે. મહાપુરુષોના કોડિયા (દેહ) પ્રત્યે આદર અને તેમાં પ્રગટેલી જ્યોતિનું અવલંબન લેવાનું છે. ધીમે ધીમે તે જ્યોતિનું દર્શન મુમુક્ષુને સર્વ જીવમાં થાય છે. બે અસાધારણ પુરુષોની તુલના કરી સંકલ્પ-વિકલ્પ કરવાથી આપણી ભક્તિ તૂટે છે. સાચો સાધક મહાપુરુષોમાં પ્રગટેલી જ્યોતિના દર્શન કરી કલ્યાણ સાધે છે. પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી એટલે અંતર્મુખતાનું એક આમંત્રણ, સ્વરૂપનો નિરંતર મહોત્સવ, અસ્તીની મસ્તી, અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરનાર દીપક. આ પ્રતિષ્ઠાને સાકાર કરવામાં સાથ આપ્યો તે સૌને અભિનંદન.

**● પૂજ્ય સ્વામીશ્રી વિદિતાત્માનંદજી :**

તત્ત્વતીર્થ આશ્રમ, થલતેજ (અમદાવાદ)ના અધિષ્ઠાતા, શ્રી ભગવદ્‌ગીતાના ગહન અભ્યાસી-પારંગત પૂજ્ય સ્વામીશ્રી વિદિતાત્માનંદજીએ જણાવ્યું કે અંતરંગ જગત સત્ત્વ-રજસ-તમસ ગુણોનું બનેલું છે. મન અનુકૂળ વિષયોમાં રાગ અને પ્રતિકૂળ વિષયોમાં દ્વેષ કરે છે. જ્ઞાની તમામ અપેક્ષાઓ-જરૂરિયાતથી મુક્ત હોય છે. અપૂર્ણતા હોય તેને આગ્રહ હોય, જ્ઞાની પૂર્ણ છે. તેમને સમભાવ છે એટલે ક્યાંય આસક્તિ નથી. જ્ઞાનીનું વ્યક્તિત્વ પારદર્શક અને નિર્મળ પ્રેમથી યુક્ત છે. તેઓ ભગવાનના હાથનું વાજિંત્ર છે ! ગ્રંથિઓના કારણે આપણું વ્યક્તિત્વ કુંઠિત બની જાય છે. પરમકૃપાળુદેવની સન્નિધિ પ્રાપ્ત કરી સૌ આધ્યાત્મિક ક્ષેત્રે આગળ વધે તેવી શુભકામના.

**● પૂજ્ય ભાઈશ્રી નલિનભાઈ કોઠારી :**

શાંત-સૌમ્ય-સરળતાની મૂર્તિ, પૂજ્ય બાપુજીના આધ્યાત્મિક વારસદાર, શ્રી રાજ-સોભાગ આશ્રમ, સાયલાના પૂજ્ય ભાઈશ્રી નલિનભાઈ કોઠારીએ આશીર્વચન આપતા જણાવ્યું કે આ મહાન અવસર છે કે જેના દ્વારા અનેક લોકો આત્મકલ્યાણ સાધી શકશે. પરમકૃપાળુદેવની પ્રતિમાજીના દર્શન કરી, ભાવોની વિશુદ્ધિ દ્વારા અનેક જીવોનું આત્મશ્રેય થશે. દરેક જીવને પોતા સમાન જોવાની કૃપાળુદેવની દૃષ્ટિ હતી. શ્રી સુખલાલજીના નિમિત્તે આપણને પ્રશમરસનિમગ્ન પરમકૃપાળુદેવના અસલી ચિત્રપટ પ્રાપ્ત થયાં. એ મુદ્રાને લક્ષમાં લઈને કૃપાળુદેવની પ્રતિમા બનાવવામાં આવી છે. તેઓની મુદ્રાના દર્શનમાત્રથી શાંતિનો અનુભવ થાય છે અને તેઓના વચનામૃતના સ્વાધ્યાયથી આત્મહિત સધાય છે. કૃપાળુદેવની પ્રતિમાની પ્રતિઠા એ રાજપરિવાર માટે સૌથી મોટો આનંદનો વિષય છે.

**● પૂજ્યશ્રી ગાંગજીભાઈ મોતા :**

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, કુકમા (કચ્છ)ના અધિષ્ઠાતા, કૃપાળુદેવના પરમ ભક્ત અને વચનામૃતનાજીના ઊંડા અભ્યાસી પૂજ્યશ્રી ગાંગજીભાઈ મોતાએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે સૌના સહિયારા પ્રયત્નથી કૃપાળુદેવની પ્રતિષ્ઠાનું આયોજન શક્ય બન્યું તે બદલ સૌને અભિનંદન. જેમની પ્રતિષ્ઠા કરીએ છીએ તેમના ગુણપ્રમોદ કરીએ તો આપણા માટે લાભનું કારણ છે. કૃપાળુદેવને ઓળખવા માટે જિજ્ઞાસા, મુક્તિની અભિલાષા, ભક્તિ અને સમર્પણતા જરૂરી છે. આપણી બુદ્ધિ પ્રેમથી પ્રજ્વલિત થાય ત્યારે રાજકથાની શરૂઆત થાય. મૌનના મહાસાગરને મહાણવા, સમજણના શિખરે પહોંચવા, સ્વરૂપની પ્રાપ્તિ કરવા રાજકથાનું શ્રવણ જરૂરી છે. જીવંત સમયસાર જોવો હોય તો શ્રીમદ્‌જીના જીવનને જોઈ લો. આત્માને ધર્મના રંગથી રંગવા રાજકથા અને વચનામૃતનું અવલંબન જરૂરી છે. પંચમકાળમાં શ્રીમદ્‌જી જેવા મહાપુરુષ પ્રાપ્ત થયા તે આપણા સૌનું સદ્‌ભાગ્ય છે. જેમણે તેઓનું શરણું લીધું તેઓ ભવસાગર તરી જશે.

**● પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈ દેસાઈ :**

જાણીતા સાહિત્યકાર અને તત્ત્વચિંતક પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈ દેસાઈએ પૂજ્યશ્રીની અધ્યાત્મયાત્રાનું ટૂંકમાં વર્ણન કરતાં જણાવ્યું કે રાજમંદિર એ ગ્રંથમંદિર છે. રાજમંદિર મારે મન વિરલ અને વિશિષ્ટ છે. ગ્રંથે પૂજ્યશ્રીને આધ્યાત્મિક જીવનનો પંથ બતાવ્યો. બહુ ઓછી વ્યક્તિને ગ્રંથે પંથ બતાવ્યો હોય છે. ઈ.સ. ૧૯૫૭માં વચનામૃતજીનો ગ્રંથ પૂજ્યશ્રીને પ્રાપ્ત

થતાં તે ત્રણથી ચાર વાર વાંચીને આત્મસાત્ કર્યો. એ ગ્રંથમાંથી ત્રણ બાબતો જાણવા મળી (૧) શ્રીમદ્‌જીના વિચારોની વ્યાપકતા, (૨) વર્તમાન પરિસ્થિતિને અનુરૂપ અનુભવજન્ય ધર્મની વાણી, (૩) જીવનના કર્તવ્યો બજાવવાની સાથે આધ્યાત્મિકતાની મુખ્યતા. પૂજ્યશ્રીને વચનામૃતજીમાંથી જે પંથ મળ્યો તે રાજમંદિરરૂપે સાકાર થયો. આ અક્ષરની આરાધનાની પ્રાણપ્રતિષ્ઠા છે - કૃપાળુદેવની વાણીની પ્રતિષ્ઠા છે. રાજમંદિર એ સંસ્કૃતિનું મોટું કેન્દ્ર-પ્રતિક છે. તથ્ય બદલાય છે, સત્ય ક્યારેય બદલાતું નથી. મંદિરમાં થતા સમર્પણથી ઈશ્વરને જીતી શકાય છે. ઈશ્વરની મુલાકાતનું સંકેત આપતું પ્રતીકાત્મક સ્થળ એટલે મંદિર. મંદિર એ પ્રજાની ચેતનાનું કેન્દ્ર છે. અધ્યાત્મસાધનાની મોટી નિસરણી એટલે મંદિર. વ્યક્તિની અંતરચેતનાને ઉજાગર કરનારી પ્રબળ શક્તિ મંદિરમાંથી મળે છે. મંદિરમાં જતાં તર્ક આથમી જાય, દુઃખ ટળી જાય અને પરમાત્મા સાથે અનુસંધાન થાય છે. બહારની પ્રતિષ્ઠા સાથે ભીતરમાં પ્રતિષ્ઠા કરવાનો ભાવ કેળવવાનો છે.

**• આદ. ડૉ. જિતેન્દ્રભાઈ શાહ :**

એલ.ડી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડોલોજીના ડાયરેક્ટર, જૈન દર્શનના ઊંડા અભ્યાસી, પ્રખર વિદ્વાન આદ. ડૉ. જિતેન્દ્રભાઈ શાહે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે મનુષ્યપણું, સત્શાસ્ત્રોનું શ્રવણ, તેની શ્રદ્ધા અને સંયમમાં પ્રવર્તન-આ ચાર વસ્તુઓ પ્રાપ્ત થવી તે ઉત્તરોત્તર દુર્લભ છે. મનુષ્યભવ પ્રાપ્ત થવો ખૂબ દુર્લભ છે. શ્રેષ્ઠ શુકન તે ધર્મ છે. અહિંસા, સંયમ અને તપના આરાધક સાધકને દેવો પણ વંદન કરે છે. દુર્લભ એવા મનુષ્યભવને પામીને જીવો વિષયકષાયમાં મગ્ન બનીને ભવ હારી જાય છે. ખોટાને છોડવાની હિંમત કેળવવી પડે છે. જગતમાં દુઃખ છે અને તે દુઃખના કારણો છે, સાચું સુખ છે અને તેની પ્રાપ્તિનો માર્ગ છે. 'કોઙહમ'ની શોધ કરીએ તો 'સોઙહમ્'ની પ્રાપ્તિ થાય. જ્ઞાની પુરુષો જે માર્ગે ચાલ્યા તે માર્ગે ચાલવું.

**• આદ. શ્રી વસંતભાઈ ખોખાણી :**

જૈનદર્શનના ઊંડા અભ્યાસી અને દેશ-વિદેશમાં સ્વાધ્યાય દ્વારા ધર્મની પ્રભાવના કરનાર આદ. શ્રી વસંતભાઈ ખોખાણીએ સ્વાધ્યાય આપતા જણાવ્યું કે કૃપાળુદેવની પ્રતિષ્ઠા મહોત્સવ એ સાધકજગતમાં અવિસ્મરણીય પ્રસંગ ગણાશે. પરમાત્માનો યોગ નિત્ય અને નિરંતર ન રહે ત્યારે ચાર નિક્ષેપા વડે જીવને પરમાત્મા પ્રત્યક્ષ થાય છે. વીતરાગ પ્રભુની પ્રતિમા સાધક માટે પુષ્ટ અને પવિત્ર આલંબન છે. તે ધ્યાનનું પ્રબળ આલંબન છે. આવા આલંબન વિના આત્મતત્ત્વની પ્રાપ્તિ થતી નથી. શ્રી સદ્‌ગુરુ જિનનું સ્વરૂપ સમજાવે છે. જ્ઞાનીપુરુષોના ચિત્રપટ, વચનામૃત અને મુદ્રા સાધક માટે પરમ આધારરૂપ છે. કૃપાળુદેવે આપણને દર્શનાતીત દૃષ્ટિ આપી છે. સત્પુરુષનું અવલંબન સંસારપરિભ્રમણને ટૂંકાવે છે.

**• આદ. શ્રી સુધીરભાઈ મહેતા :**

કૃપાળુદેવના પરમ ભક્ત અને વચનામૃતના ઊંડા અભ્યાસી આદ. શ્રી સુધીરભાઈ મહેતાએ વચનામૃતજીના વિવિધ પત્રાંકોના સંદર્ભ સહ સ્વાધ્યાય આપતા જણાવ્યું કે જ્ઞાનીને પ્રવૃત્તિ કરવી પડે છે પણ તેમાં તેઓ (તન્મયપણે) જોડાતા નથી. ઉદયમાં આવેલા કર્મોને અબંધભાવે ભોગવી લેવાં - આ બાબત કૃપાળુદેવે હસ્તગત કરી હતી. પ્રચંડ પુરુષાર્થથી તેઓએ એકાવતારીપણું પ્રાપ્ત કર્યું. કૃપાળુદેવના અંતરને ઓળખીએ તો આપણા હૃદય મંદિરમાં તેમની પ્રતિષ્ઠા થશે. ઉત્તમ નિમિત્ત અને સત્પાત્રતાના સુભગ સમન્વયથી કલ્યાણમાર્ગની

પ્રાપ્તિ થાય છે.

## ભક્તિસંગીત

પ્રતિષ્ઠા મહોત્સવની પૂર્વ સંધ્યાએ (તા. ૧૧-૨-૧૨) આદ. શ્રી જ્યોતીન્દ્રભાઈ દોશી, આદ. શ્રી જયેશભાઈ જૈન (બેંગ્લોર) આદ. શ્રી પ્રવીણભાઈ મહેતા તથા આદ. બહેનશ્રી પ્રીતિબેને ભક્તિ પીરસીને સૌને પ્રભુ-ગુરુમય બનાવ્યા. તા. ૧૨-૨-૧૨ના રાત્રે શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધરમપુરના યુવાસાધકોએ ભાવવાહી ભક્તિસંગીત દ્વારા સૌના હૃદયના તારને ઝંકૃત કરી દીધા. આ યુવાસાધકોએ એવી સુંદર ભક્તિ કરાવી કે મુમુક્ષુઓના હૃદયમાં રહેલો પ્રભુ-ગુરુપ્રેમ અશ્રુરૂપે પ્રવાહિત થયો. ભાવાવેશમાં આવીને ભક્તો દેહનું ભાન ભૂલીને નૃત્ય કરવા લાગ્યા. તા. ૧૩-૨-૧૨ના રાત્રે આદ. સર્વ શ્રી જયભાઈ, સંદિપભાઈ, વિધિબેન તથા નિકીબેને પણ ભાવસભર ભક્તિરસનું સૌને પાન કરાવ્યું.

## વેદીશુદ્ધિ - સિદ્ધશિલાક્ષેપણ

તા. ૧૨-૨-૧૨ના દિવસે શ્રી રાજમંદિરમાં વેદીશુદ્ધિ-ક્ષેત્રવિશુદ્ધિ-સિદ્ધશિલાક્ષેપણ વિધિ કરવામાં આવી; જેના અંતર્ગત પવિત્ર તીર્થોની માટીના જળથી ભરેલા કળશ તથા સાત દિવ્ય ઔષધિઓ આદિથી ભરેલા ૮૧ જેટલા પવિત્ર કળશો દ્વારા વેદીશુદ્ધિ કરવામાં આવી.

## શ્રી જિનમંદિરમાં સત્શાસ્ત્રો (જિનવાણી)ની પ્રતિષ્ઠા

સંસ્થાના જિનમંદિરમાં તા. ૧૨-૨-૧૨ના રોજ સત્શાસ્ત્રોની સ્થાપના વિધિપૂર્વક કરવામાં આવી હતી. સભામંડપમાંથી શોભાયાત્રા દ્વારા બહુમાનપૂર્વક સત્શાસ્ત્રોને શ્રી જિનમંદિરમાં લાવવામાં આવ્યાં. સંતો, વિદ્વાનો અને મુમુક્ષુઓના વરદ હસ્તે શ્રી સમયસાર, શ્રી પ્રવચનસાર, શ્રી ગોમ્મટસાર, શ્રી તત્ત્વાર્થસૂત્ર, શ્રી રત્નકરણ્ડશ્રાવકાચાર, શ્રી આદિપુરાણ તથા શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર વગેરે સત્શાસ્ત્રોની વિધિસહિત, ભક્તિભાવપૂર્વક સ્થાપના કરવામાં આવી.

## શ્રી રાજમંદિરમાં પરમકૃપાળુદેવની પ્રતિમાજી, ચરણારવિંદ તથા શ્રી વચનામૃતજીની સ્થાપના

તા. ૧૩-૨-૧૨ના દિવસે સવારથી જ રાજભક્તોના હૃદયમાં અને મુખારવિંદ પર અનેરો આનંદ-ઉલ્લાસ દૃષ્ટિગોચર થતો હતો. પોતાના પ્રાણપ્યારા રાજપ્રભુની પ્રતિષ્ઠા થવાની હોય તેનો કોને ઉમંગ ન હોય ? રાજભક્તોના મનરૂપી મયૂર નૃત્ય કરી રહ્યા હતા. રાજપ્રભુની પ્રતિષ્ઠા કરવાનો રાજભક્તોનો થનગનાટ અને અદમ્ય ઉત્સાહ વાતાવરણને તાજગી અને ભક્તિભાવથી ભરી દેતો હતો.

પ્રતિષ્ઠા પૂર્વે યુવાભક્તિવૃંદ, કોબાના ભક્તો આદ. બા.બ્ર. શ્રી સુરેશજી, આદ.બા.બ્ર. અલકાબેન, આદ. બા.બ્ર. જનકબેને અત્યંત ભાવવાહી ભક્તિ પીરસીને સૌને પ્રભુ-ગુરુમાં એકતાન બનાવ્યાં. ભક્તિરૂપી મેઘવર્ષાથી મુમુક્ષુરૂપી મયૂરના મન ડોલી ઊઠ્યા. પવિત્રતાના સ્પંદનો વ્યાપી ગયા. સૌએ ભક્તિરસનો આહ્લાદ માણ્યો. સાત્ત્વિકતાનો અનુભવ કર્યો. ભક્તિના આવેશમાં નૃત્ય કરતાં, મંત્રો તથા પવિત્ર ધૂનના ઉચ્ચારણ સાથે બેન્ડવાજા સહિત શોભાયાત્રા દ્વારા પરમકૃપાળુદેવની પ્રતિમાજી, ચરણપાદુકા તથા શ્રી વચનામૃતજીને શ્રી રાજમંદિરમાં લાવવામાં આવ્યાં. રાજભક્તોના હૃદયમાં આજે આનંદ સમાતો નહોતો. પવિત્ર વાતાવરણમાં, સંતોના સાન્નિધ્યમાં, નક્કી કરેલ મુહૂર્તમાં, ભક્તિભાવ

સહિત પરમકૃપાળુદેવની પ્રતિમાજીને સિદ્ધશિલા પર સ્થાપિત કરવામાં આવી. સાથે સાથે શ્રી વચનામૃતજીની અને ચરણપાદુકાની સ્થાપના કરવામાં આવી તથા મંદિર પર કળશ ચઢાવવાની વિધિ સંપન્ન થઈ.

## પરમકૃપાળુદેવના જીવનચરિત્ર પર આધારિત 'અત્ર ને તત્ર તું સર્વત્ર' નાટ્યપ્રયોગ

આપણી સંસ્થામાં તા. ૧૩-૨-૧૨ના રાત્રે વિપુલ શાહ અને વિપુલ શર્મા દિગ્દર્શિત તથા દિનેશભાઈ પરીખ આલેખિત ઉપરોક્ત નાટ્યપ્રયોગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સુંદર નાટ્યપ્રયોગને સૌ મુમુક્ષુઓએ બિરદાવ્યો હતો. ઉપરોક્ત નિર્માતા, દિગ્દર્શક અને લેખકનું આપણી સંસ્થા દ્વારા આંટી પહેરાવી, શાલ ઓઢાડીને તથા સ્મૃતિચિહ્ન અર્પણ કરીને અભિવાદન કરવામાં આવ્યું હતું.

## પ્રતિષ્ઠાની સફળતાના આધારસ્તંભો

પ્રતિષ્ઠા મહોત્સવ માટે આર્થિક સહયોગ આપનારા નીચેના **દાનવીર મુખ્ય દાતા**ઓનો સંસ્થા તરફથી અનેકશઃ ધન્યવાદ સહ આભાર વ્યક્ત કરવામાં આવે છે :-

(૧) સુધાબેન કુમુદભાઈ મહેતા (લંડન)
(૨) શ્રીમદ્ રાજચંદ્ર મિશન, ધરમપુર
(૩) આદ.શ્રી શ્વેતાબેન જશુભાઈ શાહ(મુંબઈ)
(૪) આદ.શ્રી જયાબેન એસ. ધ્રુવ (મુંબઈ)
(૫) આદ. શ્રી મહેન્દ્રભાઈ જે. પારેખ (મુંબઈ)
(૬) આદ. શ્રી જયંતભાઈ એમ. શાહ (મુંબઈ)
(૭) આદ. શ્રી પ્રકાશભાઈ એચ. શાહ (અમદાવાદ)
(૮) આદ. ડૉ. સોનેજી પરિવાર (અમદાવાદ)
(૯) આદ.શ્રી પ્રવીણભાઈ સંઘવી (મુંબઈ)
(૧૦) આદ.શ્રી સુવર્ણાબેન જયેશભાઈ જૈન (બેંગ્લોર)
(૧૧) આદ. શ્રી તરલાબેન દિનેશભાઈ બાવીસી (રાજકોટ)
(૧૨) આદ. સ્વ. ગુણવંતીબેન એમ. જશવાણી પરિવાર (મુંબઈ)
(૧૩) આદ. શ્રી અશોકભાઈ પી. શાહ (મુંબઈ)
(૧૪) શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ, સાયલા
(૧૫) આદ. શ્રી જે. બી. મોદી પરિવાર (મુંબઈ)
(૧૬) હેલ્પીંગ હેન્ડ અમેરિકા (ન્યૂજર્સી)

આભારવિધિ સંસ્થાને સમર્પિત, પ્રતિભાશાળી મુમુક્ષુભાઈશ્રી શરદભાઈ જશવાણીએ કરી હતી. મહોત્સવને સફળ બનાવવા માટે સંસ્થાની કાર્યવાહક સમિતિ અને તેના પ્રમુખશ્રી પ્રકાશભાઈ એચ. શાહ, સંસ્થાના ટ્રસ્ટી મંડળ તથા પ્રમુખશ્રી નીતિનભાઈ આઈ. પારેખ, સંસ્થાને સમર્પિત સેવાભાવી મુમુક્ષુઓ તથા સંસ્થાના કર્મચારીગણે ભારે જહેમત ઉઠાવીને પ્રેમપરિશ્રમ કર્યો હતો. આ ઉપરાંત સંસ્થાના ગુરુકુળના બાળકો તથા આદ. શ્રી એન.સી. પટેલ સાહેબના નેતૃત્વ હેઠળ, કૃષ્ણા હોસ્ટેલ, સે-૨૫. ગાંધીનગરના સંચાલક આદ. શ્રી ભીખાભાઈ ચૌધરી ૧૫ જેટલા વિદ્યાર્થીઓ સાથે પધારીને મહોત્સવમાં સેવાઓ આપી હતી. પધારેલ મહેમાનો માટે રહેવાની સુવિધા શ્રી દાદા ભગવાન ફાઉન્ડેશન (ત્રિમંદિર, અડાલજ), શ્રી મહાવીર આરાધના કેન્દ્ર (કોબા) તથા શ્રી કસ્તૂરબા અધ્યાપન મંદિર (કોબા) દ્વારા કરી આપવામાં આવી હતી; જે બદલ સંસ્થા વતી તેમનો આભાર

માનીએ છીએ. પ્રતિષ્ઠા મહોત્સવને સફળ બનાવવા માટે યોગદાન આપનાર નામી-અનામી સર્વ ભાઈ-બહેનોનો સંસ્થા તરફથી ધન્યવાદ સહ આભારની ભાવના વ્યક્ત કરીએ છીએ.

## શુભેચ્છા સંદેશ

મહોત્સવની સફળતા માટે નીચેના મહાનુભાવોના શુભેચ્છા સંદેશ પ્રાપ્ત થયાં હતાં; જેની સાભાર નોંધ લઈએ છીએ.

(૧) પૂજયશ્રી પ્રમુખસ્વામી મહારાજ (BAPSના અધિષ્ઠાતા)

(૨) પૂજ્યશ્રી દીપકભાઈ દેસાઈ (દાદા ભગવાન ફાઉન્ડેશન)

(૩) પૂજય સાધુ આનંદસ્વરૂપદાસ (સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગર)

(૪) શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, ઘાટકોપર (મુંબઈ)

(૫) આદ. શ્રી અજયભાઈ નવીનભાઈ શાહ પરિવાર (મુંબઈ)

(૬) આદ.શ્રી લાઠિયા પરિવાર(લાઠિયા રબર) મુંબઈ

(૭) આદ. શ્રી જ્યોતિભાઈ તથા આદ. શ્રી દિનેશભાઈ મોદી (જે.બી. કેમીકલ્સ) મુંબઈ

(૮) શ્રી દિનેશભાઈ મોદી (આધ્યાત્મિક સ્ટડી સર્કલ) મુંબઈ

## પ્રકીર્ણ

મહોત્સવ દરમ્યાન પૂજા, અભિષેક, સંધ્યાવંદન, આરતી વગેરે કાર્યક્રમો નિયમિતપણે યોજાયા હતા. શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબાથી પૂજ્ય આચાર્યશ્રી અમૃતસાગરસૂરીજી મ.સા. પધારી સૌને માંગલિક સંભળાવ્યું હતું. સંસ્થાના સાહિત્ય પ્રકાશનો, વી.સી.ડી., ડી.વી.ડી. તેમજ 'દિવ્યધ્વનિ'ના લવાજમ પર ૫૦% ડિસ્કાઉન્ટ જાહેર કરવામાં આવ્યું હતું. આવાસ-ભોજનાદિની સુંદર સુવિધા સંસ્થા તરફથી નિઃશુલ્ક કરવામાં આવી હતી. આદ. સર્વશ્રી ભારતીબેન કારાણી, સુશીલાબેન કારાણી, ચંપકભાઈ પરમાર્થી, રેખાબેન પરમાર્થી, પારૂલબેન શાહ વગેરે મુમુક્ષુઓએ પરમાર્થપ્રેરક દર્શનીય કલાત્મક રંગોળીઓ બનાવી હતી. આદ. શ્રી પરિમલભાઈ મહેતા તથા આદ. શ્રી સંગીતાબેન મહેતાએ મહોત્સવના ડેકોરેશન વિભાગની સેવાઓ સુપેરે બજાવી હતી.

આમ, શ્રી દેવ-ગુરુ-ધર્મની કૃપાથી ભક્તિસભર વાતાવરણમાં પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થયો.

**"સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો !"**

## એક જ્યોત

**રચના : જયકાન્ત એસ. ઘેલાણી**

એક જ્યોત પ્રગટી હતી, વવાણિયા ગામમાં,
જેનો પ્રકાશ પથરાયો છે, સનાતન વાણીમાં. એક.

બાળવયે અવધાન સો, સિદ્ધ હસ્તગત કર્યા,
દેશ-વિદેશના લોકોને જ્ઞાને ચકિત કર્યા. એક.

નવસો ભવનું જ્ઞાન, ત્રિકાળે અનુભવ્યું,
આત્મા સાક્ષાત્ કરવાનું, સત્ય સમજાવ્યું. એક.

કર્તા-કર્મ, જીવભેદનો સિદ્ધાંત જણાવ્યો,
છ પદના પત્ર દ્વારા મોક્ષપંથનો રાહ બતાવ્યો. એક.


આગમવાણીનો અદ્ભુત ભેદ જણાવ્યો,
રામ-મહાવીરનો વિરલ સાક્ષાત્કાર બતાવ્યો. એક.

'પ્યારે' કર્યો ઉપકાર, માનવજાત ઉદ્ધારવાને,
કર્યો આત્મા સાક્ષાત્, વંદન હો રાજને. એક.

વંદુ ગુરુ 'રાજ' તમને, વંદુ પ્રભુ લઘુરાજ તમને,
વંદન હો ત્રિકાળ તમને, વંદન હો રાજ તમને.એક.

# યુગપ્રધાન શ્રીમદ્જીનું સાધનાપ્રધાન વ્યક્તિત્વ

પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી



આપણે સૌ ભગવાન મહાવીર, તીર્થંકરો અને પૂર્વાચાર્યોના અનુયાયી છીએ. આ કાળે તે પરંપરામાં એક બહુમુખી પ્રતિભાના ધારણ કરનાર શ્રીમદ્ રાજચંદ્રજી એક મહાન ઐતિહાસિક પુરુષ થઈ ગયા.

મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક, બહુઆયામી પ્રતિભાસંપન્ન શ્રીમદ્જીનું જીવન અને કવન મુમુક્ષુઓને પ્રેરણારૂપ છે. તેઓને જાતિસ્મરણજ્ઞાન તો નાની વયે થયું હતું. તેઓશ્રીની અવધાનો કરવાની શક્તિ છેલ્લે મુંબઈમાં સમાજના અનેક અગ્રણીઓની ઉપસ્થિતિમાં પ્રતિબિંબિત થઈ; જે શતાવધાનના પ્રયોગરૂપે હતી. આ ઘટના તે સમયના અગ્રણી અખબારોમાં નોંધપાત્ર અને અગ્રગણ્ય સ્થાનને પામી હતી. તેઓની સ્મરણશક્તિ અદ્ભુત હતી; જે તેમની વિદ્યાર્થી અવસ્થાથી માંડીને જીવનપર્યંતના વિવિધ કાર્યોમાં અને પ્રસંગોમાં પ્રતિબિંબિત થાય છે. તેઓને અલૌકિક જન્મજાત કવિત્વશક્તિ હતી. તેઓશ્રીના જીવનમાં વધતી જ્ઞાન-વૈરાગ્યની અનુભૂતિ 'અપૂર્વ અવસર'ની ભાવનામાં ચરમસીમામાં દૃષ્ટિગોચર થાય છે.

શ્રીમદ્જીની અધ્યાત્મસાધના માત્ર આ જિંદગી પૂરતી મર્યાદિત નથી. તેઓ યુગ-યુગની અને જન્મજન્માંતરની સાધના સાથે લઈને આવ્યા હતા. આ વાત તેમના વીસ વર્ષની ઉંમર પહેલાં લખાયેલા સાહિત્ય પરથી જ નહિ, પરંતુ તેટલી ઉંમરમાં તેઓએ દૃઢ કરેલા 'માત્ર મોક્ષ અભિલાષ'ના સંસ્કારો અને યુવાવયમાં જ તેમણે પ્રાપ્ત કરેલા તેમના જ્ઞાનવૈરાગ્યનો પ્રકાશ કરતા તેમના જીવન-પ્રસંગોમાંથી પણ જાણવા મળે છે. આ સંબંધમાં મહાત્મા ગાંધીજીએ દોરેલું તેમનું શબ્દચિત્ર તેનો સ્પષ્ટ ખ્યાલ આપે છે.

વિ. સં. ૧૯૪૭ના પ્રારંભમાં તેઓને જે શુદ્ધાત્મજ્ઞાનપ્રકાશ પ્રગટ્યો, તેના પ્રતાપે તેમની આગળની સાધનામાં ઘણું જ અંતરંગ બળ પ્રાપ્ત થયું. તેઓ એકાંત મૌન-ધ્યાન-ચિંતન-તપ અર્થે મુંબઈના પોતાના વ્યાવસાયિક કાર્યથી નિવૃત્તિ લઈ વારંવાર ચરોતરના પ્રદેશોમાં રહેવા લાગ્યા અને ત્યાંની સરળ-ખેતીપ્રધાન-જિજ્ઞાસુ જનતાને પોતાની અધ્યાત્મપ્રસાદી પ્રસંગોપાત્ પીરસતા ગયા. તેમની પરમ પ્રજ્ઞાએ જૈન, વેદાંત આદિ સમસ્ત ભારતીય દર્શનોના હાર્દને ઘણાં જ થોડાં વર્ષોમાં હૃદયગત કરી લીધું અને ઘણાં શાસ્ત્રોનું અવલોકન કરીને 'સાક્ષાત્ સરસ્વતી' અને 'નિઃસંદેહ જ્ઞાનાવતાર'ના બિરુદને પ્રાપ્ત થયાં.

શ્રીમદ્જીના સાહિત્યમાં ઠેર ઠેર 'નિર્ગ્રંથ પ્રણિત સનાતન જ્ઞાનીઓના વીતરાગ ધર્મ'ની વાત આવે છે. વિ.સં. ૧૯૫૩માં લખાયેલા 'અપૂર્વ અવસર'માં તેમણે નિર્ગ્રંથ દર્શનને અનુસરીને આત્માના અધ્યાત્મવિકાસનું સૂક્ષ્મ, વૈરાગ્યપૂરિત, ક્રમબદ્ધ અને વૈજ્ઞાનિક વર્ણન કર્યું છે. તેમાં તેઓશ્રીએ પોતાના જીવનની

અનુભૂતિને વણી લઈને કહ્યું, **'દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે'** - અને લગભગ વિ.સં. ૧૯૫૩ના સમયથી તેમણે અધ્યાત્મવિકાસની જે હરણફાળ ભરી તે આ કાળનું એક અલૌકિક અને અતિ મહાન પરાક્રમ છે. જોકે આવી અંતરંગશુદ્ધિની સાધના સાધારણ જનતાને સમજમાં આવતી નથી કે કાંઈ રસ ઉપજાવી શકતી નથી, તો પણ તે એક પરમાર્થ સત્ય છે, અલૌકિક છે, ઉત્તમ મુમુક્ષુઓ અને જ્ઞાનીજનોને પરમ પ્રેરણાદાયી છે. આવી ઉચ્ચ અધ્યાત્મકક્ષાની સાધનાના ગહન ચિંતન અને અનુભૂતિને શબ્દો દ્વારા વ્યક્ત કરવાની શ્રીમદ્જીની વિશિષ્ટ ક્ષમતાને લીધે, વર્તમાન આધ્યાત્મિક જગત પર તેમનો મહાન ઉપકાર છે.

આવા લૌકિક અને લોકોત્તર ગુણોથી વિભૂષિત મહાપુરુષના હસ્તાલિખિત, પરમ પ્રેરણા આપનાર અનુભૂતિસ્યૂત વચનો અને પ્રસંગો આપણા સુધી સારી રીતે પહોંચ્યા છે તે આપણા ભાગ્યની ચરમસીમા છે.

તેઓશ્રીની આત્મસાધના અને અપ્રતિમ સાહિત્યસાધના સામાન્યપણે સૌને ઓછા-વધતા અંશે ઉપકારી છે, પરંતુ વિશેષપણે આગળની કક્ષાના ગંભીર સાધકોને ઉપયોગી છે. ગુરુગમથી, આત્માર્થીપણાની ભાવનાથી અને નિષ્પક્ષતાથી તેમાં નિમજ્જન કરવાથી સદ્ગુણસંપન્નતા, પરમ વૈરાગ્ય, આત્મજ્ઞાન, આત્મસમાધિ આદિ અનેક રત્નોની પ્રાપ્તિ થઈ શકે છે. આપણે સૌ શ્રીમદ્જીના જીવનમાંથી પ્રેરણા લઈને આપણા આત્માની ઉન્નતિ માટે દૃઢસંકલ્પી થઈને આગળ વધીએ, અન્યોને પણ તેમાં સહાયભૂત થઈએ અને અંતે માનવભવના ચરમ પુરુષાર્થરૂપ મોક્ષના સુખને પ્રાપ્ત કરીએ. શ્રીમદ્જી જેવા યુગપ્રધાન મહાપુરુષ કે જેઓએ પક્ષપાતરહિતપણે ભારતીય અધ્યાત્મવિદ્યાના તથ્યો આપણા સુધી પહોંચાડ્યા તે આપણા માટે પરમ સૌભાગ્યનો અવસર છે; જેમાંથી પ્રેરણા લઈને આપણે સૌ આત્માર્થીપણાથી માંડીને અધ્યાત્મની ઉચ્ચ ભૂમિકાઓ પ્રાપ્ત કરીએ અને આપણા જીવનને ધન્ય બનાવીએ એ જ તેઓને ઓળખ્યાનું ખરેખરું ફળ ગણાશે.

• • •

## નમન છે !

(રાગ : શિખરિણી)

**- ગોવિંદભાઈ દરજી 'દેવાંશુ'**

પ્રભોએ દીધેલા જગત ફલકે સૂરજ સમા,
અહિંસા સત્યો શા પરમ સદ્ગુણો ગ્રથિતને,
અરે ! કાંતી દીધું તન જ સઘળું બાળવયથી,
ધરી દીધું આખું જીવન 'શિવ' કાજે અમર હો !
વિરાટે ગાંધી શા વિધવિધ દિલોમાંય વસતા !
તમારું આખુંયે ઝગઝગ હતું જીવન અહો !
તમારા પંથે તો સકળ જગમાં કામણ કર્યું !
મહાસત્તાઓએ તવપથ પરે જાવું પડશે.
થશે શસ્ત્રો બુઠ્ઠા અણુઅણુય છોને જગતના,
મળે શાન્તિ શાન્તિ જગતભરને નિશ્ચિત પછી.
વહ્યા વર્ષો તોયે અણનમ રહ્યા સાધક તમે !
કીધાં ઝાઝાં ઝાઝાં સદ્કરમ તો અલ્પ સમયે,
હજુયે મ્હેકો છો પળપળ અહો ! આ જગતમાં,
સદાયે ખિલો છો કુસુમ સમઃ સૌના નમન છે.

# શ્રીમદ્જીના હૃદયના મર્મને જાણીએ...

**પૂજ્ય બહેનશ્રી સુનંદાબહેન વોહોરા**

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, કોબાની પાવનભૂમિમાં શ્રી રાજમંદિરનું નવનિર્માણ થયું. તે સાથે શ્રીમદ્ રાજચંદ્રજીની મૂર્તિનો પ્રતિષ્ઠા મહોત્સવ સઉલ્લાસ ઉજવાયો તેનો પ્રમોદ થયો.

જ્ઞાનીજનોની ઉપસ્થિતિ, પ્રતિકૃતિ અને જીવનપ્રતિભાનો અનેરો પ્રભાવ છે. તેના રહસ્યો વચનો કે શાસ્ત્રો દ્વારા પરંપરાએ પ્રાપ્ત થાય છે તે આપણું અહોભાગ્ય છે.

અલ્પાયુષી છતાં શ્રીમદ્ રાજચંદ્રજીનો જ્ઞાન-બોધપ્રવાહ દીર્ઘજીવી છે. તે આપણા માટે કલ્યાણકારી છે. તેમના તાત્ત્વિક અને માર્મિક વચનામૃતો, પદો અને સાહિત્ય હૃદયસ્થ થઈ ચિરંજીવ બન્યા છે. એ અક્ષરદેહ સાધકોનો આધારસ્તંભ છે. જે સમજે તે શમાઈ જાય તેવું છે.

વચનામૃત ગ્રંથ ખોલીને વાંચીએ ત્યારે ઊંડાણ સમજાય. જુઓ ગ્રંથ ખોલતાં જ જાગૃત કર્યા કે :

**"રાત્રિ વ્યતિક્રમી ગઈ, પ્રભાત થયું, નિદ્રાથી મુક્ત થયા. ભાવનિદ્રા ટળવાનો પ્રયત્ન કરજો."**

અન્ય ગતિરૂપ અંધકાર ગયો, માનવદેહે આત્મકલ્યાણનું પ્રભાત થયું. મોહનિદ્રા ટાળવા પ્રયત્ન કરજો. ભવભ્રમણનું કારણ મોહ (રાગ-દ્વેષ-અજ્ઞાન) છે તે ટાળવાનો પુરુષાર્થ કરવા આ જન્મ મળ્યો છે.

જૈન દર્શન શ્રમણ સંસ્કૃતિ છે. જૈન દર્શનમાં ચતુર્વિધ સંઘનું માહાત્મ્ય છે. તેમાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એ ચાર તેના પાયાના અંગો છે; જે આ શાસનકાળ સુધી ટકવાનાં છે. આ ચારે અંગો અધ્યાત્મયોગ, જ્ઞાનયોગ, સંયમયોગ, દેશવિરતિ, સર્વવિરતિ જેવા મૂલ્યવાન તત્ત્વોથી રચાયેલાં છે. મહાત્માઓએ તે માણ્યાં છે.

ગૃહસ્થદશામાં જ્ઞાનયુક્ત વૈરાગ્યદશાની ગરિમા શ્રીમદ્જીના જીવનમાં ચરિતાર્થ પામી છે :

**"જ્ઞાન, ધ્યાન, વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;**
**એ ભાવે શુભ ભાવના, તે ઊતરે ભવ પાર."**

જૈનદર્શનના સ્યાદ્વાદશૈલીના અને અનેકાંતવાદના મર્મ શ્રીમદ્જીના ગ્રંથ દ્વારા સરળપણે સમજાય છે. તેમાં પણ શ્રી આત્મસિદ્ધિ-શાસ્ત્રમાં છએ દર્શનનો માધ્યસ્થભાવે અનેકવિધ પ્રમાણોથી પ્રગટ કરેલો બોધ તેમના અંતરને વાચા આપે છે. વ્યવહાર ધર્મ અને નિશ્ચય ધર્મના વાદને આચારમાં આકાર આપી સ્પષ્ટ કર્યો છે :

**"નિશ્ચયવાણી સાંભળી, સાધન ત્યજવાં નો'ય;**
**નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય."**

આ જ તત્ત્વ મહોપાધ્યાયશ્રી યશોવિજયજીએ ત્રણસો વર્ષ પૂર્વ પ્રકાશ્યું હતું :

**"નિશ્ચય રાખી લક્ષ્યમાં, જે આદરે વ્યવહારોજી,**
**તે પુણ્યવંત પામશે, ભવથી પારોજી."**

વળી, શ્રીમદ્જીએ રચેલા પદોની રચના એવી છે કે કંઠસ્થ અને હૃદયસ્થ કરનારની ભાવનાઓ ઉચ્ચતા પામે છે.

**"શુભ ભાવ વડે મન શુદ્ધ કરો,**
**નવકાર મહાપદને સમરો;**

**નહિ એહ સમાન સુમંત્ર કહો,**

**ભજીને ભગવંત ભવંત લહો.''**

આ ભક્તિપદમાં ભક્તિ એ મુક્તિનું અમોઘ કારણ છે એ ભાવનાની સચોટતા સમજાય છે. એટલું જ નહિ પણ ભક્તાત્મા ભક્તિપરાયણ થઈ મુક્તિને પંથે વિચરે છે.

**'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?'** આ પદ વિષે મારા જેવાની કલમ શું લખી શકે ? તેઓશ્રીએ કરેલી ભાવનાનું પુનરાવર્તન કરીને ભાવનાને પુષ્ટ કરી શકાય.

''એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,

ગજા વગર ને હાલ મનોરથરૂપ જો;

તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,

પ્રભુઆજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો.

અપૂર્વ અવસર.

વીતરાગધર્મની તેઓની ભાવના તેમના ઉદ્ગારો વડે જોઈએ -

''વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એવો નિશ્ચય રાખવો. જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી; તો પણ તેના જેવું જીવને સંસારરોગ મટાડવાને બીજું કોઈ પૂર્ણ હિતકારી ઔષધ નથી.'' તો સાધકે શું કરવું ? ''હે જીવ ! હવે તારે સત્પુરુષની આજ્ઞા નિશ્ચય ઉપાસવા યોગ્ય છે.''

અનાદિકાળના પરમાં સુખ માણવાનો ભ્રમ દૂર કરાવવા પ્રકાશ્યું છે કે ''હે જીવ, તું ભ્રમા મા, તને હિત કહું છું. અંતરમાં સુખ છે; બહાર શોધવાથી મળશે નહીં. અંતરનું સુખ અંતરની સમશ્રેણીમાં છે; સ્થિતિ થવા માટે બાહ્ય પદાર્થોનું વિસ્મરણ કર, આશ્ચર્ય ભૂલ.''

સ્વયંને સંસારના પરિભ્રમણથી મુકત થવાની કેટલી તડપન છે તે જણાવતાં કહે છે કે નિત્ય છૂટવાનો વિચાર કરીએ છીએ. જેમ એ કાર્ય તરત પતે તેમ જાપ જપીએ છીએ.

આવા તો કેટલાયે માર્મિક અને તાત્ત્વિક હૃદયોદ્ગાર સહજભાવે આલેખ્યાં છે. તે ઉપરાંત પદે-પદે, વાકયે-વાકયે, પ્રભુભક્તિ અને સદ્ગુરુઆજ્ઞાનું માહાત્મ્ય નિરૂપણ કરી પરંપરાને જાળવી છે. પોતે પણ મુક્તિ કરતાં આ કાળે પ્રભુભક્તિને ચાહી છે.

આ મહાપુરુષના જીવનના - હૃદયના મર્મને આપણે જાણીએ, સમજીએ અને ભવભ્રમણથી મુક્ત થવા સાચા ભાવથી પુરુષાર્થ કરીએ તો તેઓશ્રીના પ્રત્યેનું ઋણ અદા થઈ શકે.

પ્રાંતે તો એ જ છે કે તેમના જીવન અને કવન માટે આપણી જાણકારી અને કલમ નાની છે. શ્રી ઈડરતીર્થે વર્ષો સુધી કરેલ મૌનસાધના અને સ્વાધ્યાય જીવનના પ્રેરકબળ બન્યા છે તથા શ્રી આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબામાં પણ પૂ. આત્માનંદજીની નિશ્રામાં સાધનાબળ મળ્યું છે તેથી મારે ઋણમુક્તિ કંઈક અંશે કરવી જોઈએ. શ્રીમદ્ રાજચંદ્રજીના વચનામૃતથી મળેલો બોધ, તેનું ઋણ કેમ ચૂકવાય ? આ એક નાની તક લઈ મારી ભાવના વ્યક્ત કરું છું. પૂરો ન્યાય આપવાનું મારું શું ગજું ? છતાં તેઓશ્રીના પદો, વચનામૃતોનો આધાર પ્રેરક બન્યો છે તે માટે ધન્ય છું.

શિવમસ્તુ સર્વજગતઃ

પરહિતનિરતા ભવન્તુ ભૂતગણાઃ

દોષાઃ પ્રયાન્તુ નાશં,

સર્વત્ર સુખી ભવતુ લોકઃ

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

• • •

# આપણા સહુનું સૌભાગ્ય પરમકૃપાળુદેવ

**પૂજ્ય ભાઈશ્રી નલિનભાઈ કોઠારી**

આપણા સહુનું મહદ્ સૌભાગ્ય છે કે, આ દુઃષમકાળ મધ્યે પરમકૃપાળુદેવ શ્રીમદ્જી જેવા જ્ઞાનદિવાકરનું પરોક્ષ સાન્નિધ્ય પ્રાપ્ત થયું છે. ગૃહસ્થ મહાત્મા હોવાથી તેઓશ્રીનું જીવન સૌથી વધુ પ્રેરણાદાયક છે. એમના બોધવચનો જ્ઞાન પ્રકાશ પાથરી મુમુક્ષુઓને યથાર્થ રીતે મોક્ષમાર્ગે દોરી રહ્યાં છે.

જન્મયોગી શ્રીમદ્જીનું જીવન બાલ્યકાળથી જ દિવ્ય હતું. અતિશય સ્મરણશક્તિ, જાતિસ્મરણજ્ઞાન, શીઘ્રકવિ, તલસ્પર્શી શાસ્ત્રાભ્યાસ, પ્રચૂર વૈરાગ્ય અને અવધાનશક્તિ ધરાવતા શ્રીમદ્જીને શુદ્ધ સમ્યગ્દર્શનની તીવ્ર ઝંખના હતી.

શુદ્ધાત્માની અનુભૂતિ અને નિશ્ચય સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી ધર્મની યથાર્થ શરૂઆત થાય છે, એવું જાણતા શ્રીમદ્જી તેના પુરુષાર્થી હતા. આવા ૨૩ વર્ષના શ્રીમદ્જીને સંવત ૧૯૪૬ના પ્રથમ ભાદરવા મહિનાની વદ બીજના દિવસે ૬૭ વર્ષના સોભાગભાઈનો મેળાપ થયો. ચિત્તની શુદ્ધતા અને એકાગ્રતા ધરાવતા શ્રીમદ્જીને ધ્યાનમાં પ્રવેશ અને પ્રગતિનું નિમિત્તકારણ સૌભાગ્યભાઈ બન્યા. આ મેળાપથી હાડોહાડ અધ્યાત્મના રંગે રંગાયેલા શ્રીમદ્જીનું લક્ષ્ય પરમાર્થ પ્રત્યે એવું તો પ્રબળપણે કેન્દ્રિત થયું હતું કે તેઓ સંપૂર્ણપણે આત્મામય બની ગયા. તેમને અહોનિશ આત્મસ્વરૂપની લગની લાગી. શુદ્ધ જ્ઞાયક સ્વરૂપ સાથેનું ઐક્ય વધતું ગયું. વિશુદ્ધ ચેતનાના સતત સહવાસથી અવિનાશી આત્માનો પ્રચંડ આવિર્ભાવ થયો અને સંવત ૧૯૪૭ની સાલમાં શુદ્ધ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ.

પૂ. શ્રી સૌભાગ્યભાઈની પ્રેમસભર વારંવારની વિનંતીને માન આપી પરમકૃપાળુદેવ વવાણિયા જતી વખતે અગર તો પાછા વળતાં સાયલા જરૂરથી પધારતા. શ્રી સૌભાગ્યભાઈ સાથે પરમકૃપાળુદેવ સાયલામાં એક સાથે વધારેમાં વધારે દસ દિવસ રહ્યા છે. શ્રીમદ્ સાથેનો પરમાર્થસખા શ્રી સૌભાગ્યભાઈનો આધ્યાત્મિક સંબંધ સંવત ૧૯૪૬ થી ૧૯૫૩ સુધી સાત વર્ષનો રહ્યો. આ સાત વર્ષમાં બન્ને ૫૬૦ દિવસ સાથે રહ્યા.

શ્રી રાજ-સોભાગ આશ્રમના આદ્યપ્રણેતા સદ્ગુરુદેવ શ્રી લાડકચંદભાઈ વોરા (પ. પૂ. બાપુજી) હંમેશાં કહેતા કે પરમકૃપાળુદેવને ઓળખવા હશે તો પ્રથમ સૌભાગ્યભાઈને સમ્યક્ રીતે પરખવા પડશે. જો સૌભાગ્યભાઈના નેત્રો વડે કૃપાળુદેવને નિહાળશું તો તેમના આંતર-ચારિત્રનો પરિચય થશે. અધ્યાત્મના શિખર ઉપર બિરાજતા પરમકૃપાળુદેવ શ્રીમદ્જીની આત્મઅમિરાતને પામવા સૌભાગ્યભાઈ કેડીરૂપ બન્યા છે. શ્રીમદ્જીના આત્મપ્રદેશની જ્ઞાનહરિયાળીનો, પરમસત્યના પ્રત્યક્ષ અનુભવનો સચ્ચિદાનંદ, સહજ ઉભરાઈને સૌભાગ્યભાઈ પર લખેલા પત્રોમાં ઠલવાયો. તો પ્રતિપક્ષ સૌભાગ્યભાઈએ પોતાના બાહ્ય વ્યક્તિત્વને, જેમ જળમાં હિમ ઓગળે તેમ પરમકૃપાળુદેવના આત્મસ્વરૂપમાં ઓગાળી નાખ્યું. સૌભાગ્યભાઈનું મન, આનંદ સ્વરૂપ શ્રીમદ્જીમાં તદાકાર થયું અને ઉત્કૃષ્ટ પૂજ્યભાવ વેદાયો. શ્રીમદ્જીને હૃદયાભિરામ સૌભાગ્યભાઈ પ્રત્યે અઢળક

અહોભાવ જાગ્યો.

શ્રીમદ્જીને આધ્યાત્મિક આરોહણ કરવામાં શ્રી સૌભાગ્યભાઈ ચોક્કસપણે પુષ્ટ નિમિત્ત બન્યા તો આત્માના સહજસુખમાં અનુરક્ત શ્રીમદ્જીની પ્રત્યક્ષ સારસંભાળના અનુગ્રહ વડે શ્રી સૌભાગ્યભાઈ પોતાના અંતિમ દિવસોમાં આત્મસાક્ષાત્કારને પામ્યા. સૌભાગ્યભાઈને મળતાં જ શ્રીમદ્જીનું ઉપાદાન એવું તો બળવત્તર બન્યું કે એકાંતવાસને સેવી ધ્યાનસ્થપણે વીતરાગભાવમાં ઝબોળાઈને આત્મા સતત જાગૃત રહેવા પુરુષાર્થી બન્યો. સ્વરૂપ-સુખનો અનુરાગી તેઓનો આત્મા આસપાસના વાતાવરણનું તથા દેહનું ભાન ભૂલીને અલૌકિક આત્મમસ્તીમાં લીન થઈ જતો. અહોરાત્ર આત્માનું જ મનન કરતી મનોદશાની અસર જીવનવ્યવહાર પર પડવા લાગી. કૌટુંબિક, સામાજિક, વ્યાવસાયિક ફરજો પ્રત્યે નિર્મોહી શ્રીમદ્નું લક્ષ ન રહેતું. સર્વ બાહ્ય પદાર્થોની મમતાને ત્યાગી પોતાના સ્વરૂપમાં સ્થિર થઈ અવિનાશીપણાનો, અવ્યાબાધ સુખનો, મુક્તિનો અનુભવ કરવા લાગ્યા.

બાહ્યમાં ઉપાધિ તો અંતરમાં સમાધિ. બાહ્યમાં મન, વચન અને કાયાનો યોગ પ્રવૃત્ત દેખાતો હતો તો અંતરમાં ઉપયોગ આત્મામાં નિવૃત્તિ લઈ, વિશ્રાન્તિને ભજતો. ગ્રહણ કરેલા દેહપ્રમાણ આકારવાળો હોવા છતાં શ્રીમદ્જીને પોતાનો આત્મા અમૂર્તિક છે, જ્ઞાનથી પ્રધાન છે, જન્મ-જરા-મરણથી રહિત છે, અવિનાશી નિત્ય છે - આવો અનુભવ સતત રહેતો હતો.

તૃષ્ણા, આડંબર અને પૌદ્ગલિક મોટાઈથી આખુંયે જગત પીડાય છે, પણ શ્રી સૌભાગ્યભાઈ જેવા કોઈક જ પરમસરળ આત્મા દંભરહિતપણે પોતાના સદ્ગુરુ પાસે તેની જાહેરાત કરે છે. આર્થિક પ્રતિકૂળતાથી સૌભાગ્યભાઈનું ચિત્ત વ્યાકુળ તેમજ અશાંત રહેતું. બાહ્ય ઉપાધિનો ઉદ્વેગ ફરી ફરી પરેશાન કરતો. નિખાલસ, સત્યનિષ્ઠ સૌભાગ્યભાઈએ તે વૃત્તિઓનું દમન ન કરતાં જ્યારે જ્યારે તે અર્થની અનર્થ કામના ઊભી થતી ત્યારે વંચના કર્યા વગર શ્રીમદ્જીને જણાવતા. તેનું પરિણામ એ આવ્યું કે આત્મનિષ્ઠ, નિઃસ્પૃહ શ્રીમદ્જીએ પત્રો વડે પરમસંતોષ આપનાર અને ભક્તિને જાગૃત કરી આત્માના લક્ષમાં સ્થિર કરાવે એવાં બોધવચનો પુનઃ પુનઃ લખી મોકલ્યાં, જે માત્ર સ્ફટિક જેવા પારદર્શી સૌભાગ્યભાઈનું જ નહીં, પણ જગતના તમામ મુમુક્ષુઓની મુમુક્ષુતાનું રક્ષણ કરી રહ્યા છે. સદ્ગુરુની અમીદૃષ્ટિ આત્મ-ચારિત્ર પર લાગેલા દોષ કે ડાઘથી ત્યારે જ મુક્ત કરાવે છે, કે જ્યારે પશ્ચાત્તાપ ને પ્રાયશ્ચિત્ત ભાવે શિષ્ય નિર્દંભપણે તેનો એકરાર કરે છે.

સંપ્રદાય તથા વાડાઓમાં વહેંચાઈને વિસરાઈ ગયેલા આત્મધર્મને પુનઃ પ્રસ્થાપિત કરવા શ્રીમદ્જી જેવા આપ્ત પુરુષ જ સમર્થ છે એવું હૃદયસખા સૌભાગ્યભાઈ જાણતા હતા તેથી શ્રીમદ્જીને, જગતના મુમુક્ષુ આત્માઓને ઉપદેશવા, પ્રગટ રીતે બહાર આવવા વિનંતી કરતા. શ્રીમદ્જીનું અનન્ય શરણ પામી ક્રિયા-જડત્વ અને શુષ્કજ્ઞાનીપણામાં ફસાયેલા મતાર્થી આત્માઓ યથાયોગ્ય ધર્માચરણથી આત્માર્થ સાધી શકે તેમ છે એવો સૌભાગ્યભાઈને સંપૂર્ણ વિશ્વાસ હતો અને તેથી જ બોધીબીજનું ઠામ ઠામ નિરૂપણ કરી પંચમકાળનું બોધિદુર્લભપણું દૂર કરવા માટે શ્રીમદ્જીને ફરી ફરીને આગ્રહભરી વિજ્ઞપ્તિ કરતા

હતા.

મુમુક્ષુઓના પરમબાંધવ શ્રી સૌભાગ્યભાઈ કરતાં પણ અનેકગણી ફિકર પરમકરુણાર્દ્ર શ્રીમદ્જીને હતી. નિવૃત્તિ માટે ક્યારે પોતાનો ઉદયકર્મ સાથ આપશે તેની નિષ્કામ શ્રીમદ્જી સતત રાહ જોતા. સત્ય સનાતન ધર્મઉદ્યોતના મહાકાર્ય માટે જ્ઞાનભાસ્કર શ્રીમદ્જી આત્મશક્તિનો સંચય કરતા હતા. સર્વસંગનો પરિત્યાગ કરી મૂળમાર્ગની પ્રવર્તના થાય તે પહેલાં જ આયુષ્ય પૂર્ણ થયું છતાંયે ગુરુગૌતમ આદિ ગણધરના પ્રશ્નના ભગવાન મહાવીરે આપેલા ઉત્તર વડે જેમ ગણધરવાદ સર્જાયો, કૌંતેયપુત્ર ધનુર્ધારી અર્જુનના મનના વિષાદને દૂર કરવા ભગવાન શ્રીકૃષ્ણે ગીતા ગાઈ, તે રીતે ભવ્ય શ્રી સૌભાગ્યભાઈના પરસ્પરના સંબંધથી સ્વતંત્ર શાસ્ત્ર શ્રી આત્મસિદ્ધિની જગતને પ્રાપ્તિ થઈ.

જેમ જેમ સમ્યગ્દર્શન વિશુદ્ધ થતું ગયું તેમ તેમ સૌભાગ્યભાઈનો પારમાર્થિક ઉપકાર શ્રીમદ્જીને વધુ વેદાતો ગયો અને તે સૌભાગ્યભાઈ ઉપરના પત્રોમાં સ્પષ્ટ રીતે આલેખાયો છે.

પરમાર્થ મિત્રોની વહાલપ તથા બન્ને દિવ્યાત્માઓની પારમાર્થિક ઓતપ્રોતતાનું કારણ તે બીજજ્ઞાનની યોગ પ્રક્રિયા હતી. જો તે બન્નેના આધ્યાત્મિક સંબંધની સૂક્ષ્મતા સમજાય તો આપણા હૃદયમાં બીજજ્ઞાનની અપૂર્વતા તેમજ અમૂલ્યતા સ્થપાય.

શ્રીમદ્જીએ બીજજ્ઞાનનો સ્પષ્ટ ઉલ્લેખ હિન્દી ભાષામાં રચેલાં પોતાના બે પદો **"યમ નિયમ સંજમ"** તથા **"બિના નયન પાવે નહીં"**માં કરેલો છે.

વચનામૃતજીના પત્રાંકઃ ૪૭૧-૪૭૨માં પણ તેનો ઉલ્લેખ કરી, અધ્યાત્મ જિજ્ઞાસુ જીવોની ઉત્સુકતા વધારી છે. શ્રીમદ્જીએ પોતાના દેહવિલયના થોડા દિવસ પહેલાં રામનવમીએ લખાવેલા 'અંતિમ સંદેશ' કાવ્યમાં મોહના વિકલ્પથી ઉપજેલા સંસારથી મુક્ત થવાનો રાજમાર્ગ દર્શાવેલ છે :

"ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર."

આપણા સહુનું સૌભાગ્ય છે કે રાજમાર્ગ પ્રાપ્ત થયો છે. તો હવે અંતર્મુખ અવલોકન કરી, બહિરાત્મભાવને ત્યજી અંતરાત્મભાવમાં સ્થિર થઈ, આ મોહ અને વિકલ્પથી ઊપજતાં સમસ્ત સંસારીભાવોને પરિહરી પરમાત્મભાવને પામીએ.

• • •

## *हे ऋषिवर शत-शत वंदन*

**हे करुणा के अवतारी, भव्यजनों के हितकारी,**
**पुण्य उदय से भक्तजनों के, जन्म लिया है इस भू पर,**
**हे ऋषिवर...**

**हे महानतम वैरागी, निज वैभव के अभिलाषी,**
**आत्मतत्वकी अनुभूति का, करते पल-पल तुम चिंतन,**
**हे ऋषिवर...**

**हे विराट हे स्नेहागार, हुओ ब्रह्म से एकाकार,**
**गुरूप्रसाद अमृत छलकाया, निज आतम का कर मंथन,**
**हे ऋषिवर...**

**हे अभिनव अनथक योगी, तुमसे षड्‌रिपु शक्ति हारी,**
**कोटी कोटी साधक बढ़ते है, कर न्यौछावर निज जीवन,**
**हे ऋषिवर...**

# પરમકૃપાળુદેવની દિવ્ય વાણી

## પૂજ્યશ્રી ડૉ. રાકેશભાઈ ઝવેરી

આ જગત આપણો દેશ નથી, પરદેશ છે. લાખ માનીએ કે ઘર છે પણ ધરમશાળા જ છે. ધરમશાળા તે કહેવાય કે જ્યાં સાંજે રોકાઈ સવારે નીકળી જવું પડે. અને ઘર તે કહેવાય કે જ્યાં કાયમ રહેવાનું હોય. આ જગતને ઘર તો માત્ર મૂઢજન જ સમજે. જાગૃત તો તેને ધરમશાળા માની પસાર થઈ જાય છે. જ્યાં આપણે છીએ એ આપણું ઘર નથી. તો હવે ત્વરાથી આપણે પોતાનું ઘર શોધી લઈએ. **ક્યાં સુધી ભટકશું ? ઘરે પહોંચવાનો માર્ગ હવે તો શોધવો જ રહ્યો.**

ક્યારેક ક્યારેક એવા મહાપુરુષો થઈ જાય છે કે જેઓ નિજઘરના સંદેશા લાવે છે. જેમને સ્વદેશનો બોધ થઈ ગયો હોય, તેઓ ત્યાંના સંદેશા આપી આપણને જાગૃત કરે છે. ઘણી વાર આપણને એ બોધ સમજાતો નથી, કારણ કે તેઓ એક કિનારેથી બોલે છે, અને આપણે બીજા કિનારેથી તેમને સાંભળીએ છીએ. પણ જેને નિજઘરની તત્પરતા લાગી છે, અભીપ્સા જાગી છે તે જરૂર તેનું કાર્ય કરશે. જ્યાં સુધી એ તૃષા જાગશે નહીં ત્યાં સુધી આપણે ચૂકતા જ જઈશું.

**પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીની વાણીમાં આપણને નિજઘરના સંદેશા પ્રાપ્ત થાય છે. તેમાં આપણને આપણી મંજિલની ઝલક મળે છે.** તેમનાં વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ દ્વારા આપણને માર્ગનાં દર્શન થાય છે. આપણે પીઠ દઈ ઊભા છીએ. ઘર પાછળ છે અને આપણે આગળ ને આગળ દોડતાં જ રહીએ છીએ. આપણે ઘરથી દૂર ને દૂર નીકળતાં જઈએ છીએ, કારણ કે પાછળ જોતા નથી. **પરમકૃપાળુદેવનાં વચનામૃતનો પરિચય થતાં એ ભાન આવે છે કે ઘર ભીતર છે અને યાત્રા આપણે બહાર જ કર્યા કરીએ છીએ.** આ મહાપુરુષનું જીવન આપણને નિજઘર તરફ દૃષ્ટિ કરવા, તેમાં વસવાટ કરવા પ્રેરે છે.

પરમકૃપાળુદેવની વાણીમાં નિજધામની ઝલક મળે છે. આપણી જ્ઞાનગંગા લક્ષ્યવિહીનપણે અત્રતત્ર વહેતી હતી તે હવે પોતાના ધ્યેય તરફ વહેવાનો શુભારંભ કરે છે. **જે સ્વરૂપનો ખોજી છે તે પરમકૃપાળુદેવની વાણીમાં એક ઊંડું આકર્ષણ અનુભવશે.** હા, થોડો ભય અનુભવાશે, કારણ કે આ કિનારે આપણે ઘણો ભ્રમ સેવ્યો છે, અનેક સ્વપ્નો સેવ્યાં છે. તે બધાંને આગ લગાડી દેવી સરળ નથી. પણ નિરંતર એ વચનામૃતનું ઘોલન થશે તો ધીમે ધીમે આત્મા તરફ સરકવાનું થશે, અમૃત ટપકશે. તેમની વાણી તો ભીતર જવા માટે સીડી સમાન છે.

પરમકૃપાળુદેવની વાણી એટલી બધી સ્પષ્ટ, સરળ અને સચોટ છે કે જીવને માત્ર જાગૃત જ નથી કરતી, એક નવા, ધસમસતા ઉત્સાહથી - ઉમંગથી પણ ભરી દે છે. તેનામાં એક નવી ઊર્જાનું જાગરણ થાય છે. એ વાણીના સેવનથી જીવમાં વિવેકરૂપી દીપક પ્રગટે છે, જેના કારણે તેનું જીવન ઉજાસથી ભરાઈ જાય છે. તે એક નવી સુગંધનો અનુભવ કરે છે, એક નવી તાજગીનો અનુભવ કરે છે. જે જીવ હિંમત ભેગી કરી પરમકૃપાળુદેવ સાથે યાત્રામાં નીકળી પડે છે તે અવશ્ય નિજઘર પહોંચી પોતાનું અનંતું કલ્યાણ કરે છે.

પરમકૃપાળુદેવની વાણીમાં અત્યંત ગહન વિષયને પણ અત્યંત સુગમ રીતે પ્રતિપાદિત કરવાની વિશિષ્ટ શક્તિ છે. તે એટલી રસમય છે કે જેમ સર્પ મોરલી પાછળ મુગ્ધ બને છે તેમ વાચકો મંત્રમુગ્ધ બની જાય છે. **સ્પષ્ટ અને રસમય હોવા ઉપરાંત તેમનાં વચનામૃત વાચકોનાં હૃદયમાં અધ્યાત્મનો પ્રેમ ઉત્પન્ન કરે છે.**

હજારો ધર્મપિપાસુ જીવોની તૃષાને છિપાવી શકે એવી અદ્‌ભુત શક્તિના ધરનાર આ પવિત્રાત્મા ભારતવર્ષની મહાપ્રતિભાશાળી વિભૂતિ છે. **અધ્યાત્મમસ્તી તેમની રગેરગમાં વ્યાપેલી છે. આત્માનુભવ તેમના શબ્દેશબ્દમાં ઝળકે છે.** તેમના શ્વાસે શ્વાસે વીતરાગનો ગુણનિધિ ઊઠે છે, વીતરાગતાનો ગુંજારવ ગાજે છે. ભારતવર્ષ શ્રીમદ્ રાજચંદ્રદેવથી ગૌરવાન્વિત છે. તેમની મુખમુદ્રા, નેત્રો, વાણી, હૃદય બધાં એકતાર થઈ અધ્યાત્મની રેલમછેલ કરે છે અને મુમુક્ષુઓનાં હૃદય એ અધ્યાત્મરસથી ભીંજાઈ જાય છે.

એ અધ્યાત્મમૂર્તિની સમીપમાં સંસારનાં આધિ-વ્યાધિ-ઉપાધિ ફરકી શકતાં નથી. **તેમના સાન્નિધ્યમાં સંસારતપ્ત પ્રાણીઓ પરમ વિશ્રાંતિ પામે છે. પ્રશ્નોનાં સમાધાન ત્યાં આપમેળે થઈ જાય છે.** સમ્યક્ જીવનકળાનું દિગ્દર્શન કરાવી તેમણે આપણા ઉપર ઉપકાર કર્યો છે. તેમનાં દર્શન પણ મહાપુણ્યના થોક ઊછળે ત્યારે થાય છે. ખરેખર ભારતવર્ષના આંગણે કલ્પવૃક્ષ ફળ્યું છે. ભારતદેશનાં મહાભાગ્ય ખીલ્યાં છે.

**સ્વાનુભૂતિપૂર્ણ તેમની વાણીમાં વીતરાગદેવનું હૃદય પ્રગટ થાય છે.** તીર્થંકરદેવનાં વચનામૃતોને તેમણે ખૂબ ઘોળ્યાં-ઘૂંટયાં છે, તેમના શબ્દે શબ્દે એટલી ગહનતા, સૂક્ષ્મતા અને નવીનતા નીકળે છે કે વાંચનારનો ઉપયોગ સૂક્ષ્મ બનાવે છે.

તેમનું બોલવું કરુણાને કારણે છે. તેમને બોલવામાં ઘણી કઠિનાઈ પડે છે. ભીતર એક ગહન શૂન્ય નિર્મિત થયું છે. ત્યાં શબ્દ બનવા બહુ મુશ્કેલ છે. તો પણ કરુણાને કારણે શબ્દો બને છે, બોલાય છે. તેઓ જાણે છે કે તેમના શબ્દો શૂન્યને પ્રગટ કરી શકતા નથી પણ એ શબ્દો દ્વારા સાધકજીવ શૂન્ય તરફ વળે છે.

જ્ઞાની અને અજ્ઞાનીના બોલવામાં ગુણાત્મક ફરક છે. **જ્ઞાની બોલે છે, કારણ કે તેઓએ કંઈક જાણ્યું છે, જ્યારે અજ્ઞાની બોલે છે જાણ્યા વિના.** જ્ઞાની બોલે છે કરુણાને કારણે, અજ્ઞાની બોલે છે આંતરિક વિક્ષિપ્તતાને કારણે. જ્યારે જ્ઞાની બોલે છે ત્યારે તેઓ બીજાને કંઈક આપે છે. જ્યારે અજ્ઞાની બોલે છે ત્યારે તે માત્ર રેચન કરે છે. જ્યારે જ્ઞાની બોલે છે ત્યારે અન્યનું કલ્યાણ થાય છે, કારણ કે તેઓ શાંતિ આપી રહ્યા છે. જ્યારે અજ્ઞાની બોલે છે ત્યારે અન્યનું અહિત થાય છે, કારણ કે તે બીમારી ફેંકી રહ્યો છે. જ્યારે જ્ઞાની બોલે છે ત્યારે તેમના શબ્દો તેમની અંદર રહેલી શાંતિની સુગંધ લઈને નીકળે છે - જેમ તમે બગીચામાંથી પસાર થાઓ અને તમારાં વસ્ત્રો ફૂલોની સુગંધ પકડી લે તેમ ! **તેમની વાણીમાં અલૌકિક શાંતિ હોય છે. શાતા આપે એવી એમની વાણી હોય છે. વિષમ પરિણામને શાંત કરી દે એવી તેમની વાણી હોય છે.** પોતાની ઉપર દૃષ્ટિ કરાવે એવી તેમની વાણી હોય છે. લક્ષ ભીતર જાય એવી તેમની વાણી હોય છે. અજ્ઞાત લોક તરફ લઈ જનારી, અરૂપી તત્ત્વમાં લગની કરાવતી તેમની વાણી હોય છે. તેમની વાણી જગહિતકારિણી, મોહહારિણી, ભવાબ્ધિતારિણી, મોક્ષચારિણી હોય છે. ઉપમા ન આપી શકાય એવી અને અનંતો લાભ કરાવનારી છે જ્ઞાનીની વાણી ! નિષ્કામ કરુણાથી નીકળે છે એ વાણી...

'મૂળ મારગ' સંભળાવતાં પહેલાં પરમકૃપાળુદેવ કહે છે કે મૂળ મારગ સંભળાવવાનો હેતુ પૂજાદિની કામના નથી પણ માત્ર એક પરમાર્થ હેતુ છે, જીવનું કલ્યાણ થાય એવી નિષ્કારણ કરુણાથી જ આ સંભળાવવું થાય છે..... ન તો અંતરની વિક્ષિપ્તતાથી બોલાય છે, ન પૂજાદિ કામનાને કારણે; પણ **જીવ માર્ગથી પરિચિત થાય અને સત્ય તરફ વળે એ હેતુથી જ જ્ઞાનીની વાણી વહે છે.**

કોઈ માણસ રસ્તા પર જઈ રહ્યો હોય, અંધારું હોય, દેખાતું ન હોય અને તેથી તે ખાડામાં પડી જાય એવું હોય, પથ્થર સાથે અથડાઈ જાય એવું હોય તો આવી સ્થિતિમાં કોઈ કરુણાવંત વ્યક્તિ શું કરે ? એ દયાળુ વ્યક્તિ પેલા માણસને માર્ગ દેખાડે. તે જઈ રહ્યો છે એ માર્ગથી તેને પરિચિત કરે. ખાડા અને પથ્થરથી સાવધાન કરે. સરળતાથી આગળ વધાય એવી દિશાનું સૂચન કરે. પોતે માર્ગથી પરિચિત હોય, સામેવાળો માર્ગથી અપરિચિત હોય, તેની અજ્ઞાનતાના કારણે તે દુઃખી થાય એમ હોય તો આવી સ્થિતિમાં ન બોલવું એ એક અમાનવીય અને હિંસક કૃત્ય ગણાય. તેથી નિષ્કારણ પ્રેમથી જ્ઞાનીનું બોલવું થાય છે.

અમેરિકાના ફિલાડેલ્ફિઆ શહેરમાં પ્રકાશનો પહેલો થાંભલો રસ્તા ઉપર નંખાયો હતો અને તે નાખનાર હતો બેન્જામિન ફ્રેંકલિન. ત્યાં સુધી દુનિયાના કોઈ રસ્તાને કિનારે પ્રકાશના થાંભલા લગાવેલા ન હતા. રસ્તા બધા અંધારામાં હતા. બેન્જામિન ફ્રેંકલિને સૌ પ્રથમ પોતાના ઘરની બહાર પ્રકાશનો થાંભલો લગાવ્યો. પાડોશીઓને લાગ્યું કે પોતાની પાસે ખૂબ ધન છે, બુદ્ધિ છે એનું પ્રદર્શન કરવા માટે બેન્જામિને આમ કર્યું છે અથવા તો પોતાના ઘરને સજાવવા માટે તેણે આ થાંભલો લગાવ્યો છે. કોઈએ પૂછયું ત્યારે બેન્જામિને ખુલાસો કર્યો કે આવી કોઈ મિથ્યા વાસનાને કારણે પ્રકાશનો આ થાંભલો નંખાયો નથી. આમ કરવાનું કારણ માત્ર એ છે કે મારા ઘરની બહાર રસ્તા ઉપર એક મોટો ખાડો છે, જે અંધારામાં દેખાય એમ નથી. રાત્રે પસાર થતો માણસ અચૂક પણે એ ખાડામાં પડે છે. વળી, કોઈ વાર એ ખાડો દેખાઈ પણ જાય છે અને રાહદારી થોડો સાવચેત થઈને બાજુ પરથી ચાલવા જાય છે તો ત્યાં એક એટલો મોટો પથ્થર છે કે જે અંધારામાં ન દેખાવાથી ટકરાવાનું કારણ બને છે. ઘરની બહાર આ પ્રકાશનો થાંભલો નાખવાનું કારણ માત્ર એ જ છે કે તે પ્રકાશથી પેલો ખાડો અને પથ્થર દેખાય, રાહદારી સાવચેતીથી ચાલ્યો જાય અથવા પાછો વળીને અન્ય કોઈ રસ્તે નીકળે પરંતુ ટકરાતાં બચે, પડતાં બચે.

બેન્જામિનનું આ કારણ ખબર નહીં હોવાને કારણે શરૂ શરૂમાં તો પાડોશીઓ ઘરની બહાર રોપાયેલો પ્રકાશનો થાંભલો ઉઠાવીને ભાગી જતા અથવા તો પ્રકાશને બુઝાવી દેતા. જેમ જેમ સાચી વાત લોકોને ખબર પડતી ગઈ, તેમ તેમ લોકો તેમની પ્રશંસા કરવા લાગ્યા. થાંભલો ઉખાડવાનું તો બંધ થઈ જ ગયું, એટલું જ નહીં, પોતાના ઘરની બહાર પણ પ્રકાશનો થાંભલો મૂકવા લાગ્યા. ધીમે ધીમે આખી ગલીમાં, આખા શહેરમાં, આખી દુનિયામાં રસ્તાઓ ઉપર પ્રકાશના થાંભલા મુકાયા. જેમ આ પ્રકાશના થાંભલા કોઈ આંતરિક વિક્ષિપ્તતા કે પૂજાદિ કામનાથી રોપાયા ન હતા, પરંતુ માત્ર અન્ય જીવોની તકલીફ દૂર થાય અને તેમને સાચો માર્ગ મળે એ નિર્મળ હેતુથી રોપાયા હતા, તેમ જ્ઞાનીની વાણી પણ નિષ્કારણ કરુણાથી વહે છે. એનો હેતુ જીવ માર્ગથી પરિચિત થાય, વિભાવથી મુક્ત થઈ સ્વભાવમાં સ્થિત થાય, દુઃખથી મુક્ત થઈ નિજાનંદમાં મસ્ત થાય,

અશાંતિથી રહિત થઈ પરમ શાંતિમાં પ્રસ્થાપિત થાય એ જ છે.

પરમકૃપાળુદેવના વચનામૃત અત્તર જેવાં છે. **અત્તરના એક બિંદુમાં જેમ અનેક ફૂલોનો નિચોડ હોય છે, તેમ પરમકૃપાળુદેવના એક એક વચનામૃતમાં હજારો શાસ્ત્રોનો સાર સમાયેલો છે.** તેમના એક એક શબ્દમાં અનંત આગમો સમાવવાની-સમજાવવાની તાકાત સમાવિષ્ટ થઈ છે. તેમનો એક એક શબ્દ અત્યંત મૂલ્યવાન છે. જે કોઈ આત્માર્થી જીવ પ્રબળ પ્રેમથી તેમના શબ્દને વાગોળશે તેને એ પ્રતીતિ થયા વિના નહીં રહે કે મનુષ્યજાતિએ જે કંઈ શ્રેષ્ઠતમ જાણ્યું છે તેનો સાર આ વચનોમાં સંઘરાયેલો છે. જે પોતાનું ક્ષણિક અસ્તિત્વ મટાડવા તૈયાર હશે એને જ તે અત્યંત મહિમાવાન લાગશે. જે પોતાનું ઘર બાળવા તૈયાર થશે એને જ તેનું રહસ્ય ઉદ્‌ઘાટિત થશે. જે પોતાની ચિત્તવૃત્તિ બીજેથી ખસેડી શ્રીમદ્‌મય બનાવે છે એ જ તેમને સમજી શકે છે. **શ્રીમદ્ રાજચંદ્ર આત્મમય બનવાનું એક નિમંત્રણ છે, એક પોકાર છે, એક આવાહન છે.** માત્ર પુસ્તકોનાં પાનાં ફેરવવાથી કામ નહીં થાય. પરમકૃપાળુદેવનાં વચનોનું માત્ર વિવેચન કરવું-સાંભળવું એ આપણું કર્તવ્ય નથી પણ તેમને પુનર્જીવિત કરવા એ આપણું કર્તવ્ય છે. આપણે એવી રીતે નીતિ અને પ્રીતિથી જીવીએ કે દુનિયાને લાગે કે શ્રીમદ્ રાજચંદ્રનું પુનરાગમન થયું છે. **આપણે એવી જાગૃતિ અને ખુમારીપૂર્વક ઉચ્ચ ભાવોમાં વિહરીએ અને સ્વરૂપાનુસંધાનપૂર્વક આગળ વધીએ કે જગતને થાય કે શ્રીમદ્ રાજચંદ્ર અહીં ફરીથી પધાર્યા છે.**

શ્રીમદ્ રાજચંદ્ર એ માત્ર એક ઐતિહાસિક ઘટના નહીં પણ પ્રત્યેક પળ આપણી ભીતરમાં ઘટતી અને અહોભાવ જગાડતી એક અદ્‌ભુત ઘટના થઈ જવી જોઈએ. તેમનું પુણ્યનામ સ્મરતાં-ઉચ્ચારતાં આપણા અંતરમાં એક અભિનવ નૃત્યનો પ્રારંભ થવો જોઈએ.

આ અવસર પામીને પણ જો આપણે આપણાં જીવનમાં પરમકૃપાળુદેવને પુનર્જીવિત નહીં કરીએ તો આપણે મૃતના મૃત જ રહીશું. અત્યારે આપણે મૃત જ છીએ, જડ જ છીએ. **શ્રીમદ્ રાજચંદ્રરૂપી શ્વાસ આપણી અંદર પ્રવેશ પામતાં આપણે જીવંત થઈશું, એક ધબકતું ચૈતન્ય બનીશું...**

તેથી આ અવસર છે પરમકૃપાળુદેવને પુનર્જીવિત કરી આપણને જીવન બક્ષવાનો. એવી અપૂર્વ ભક્તિ પ્રગટાવીએ કે જીવનની પ્રત્યેક પળમાં, આપણી પ્રત્યેક પર્યાયમાં પરમકૃપાળુદેવ પ્રસિદ્ધ થાય. આ જ સાચી પ્રભાવના છે.

## શ્રી રાજ સોહાયા

દેવામાતા કુક્ષીરત્ન શ્રી રાજ સોહાયા,
રવજીજાયા, રત્નરાશિ, પંથ પરમ બતલાયા.
લક્ષ્મીનંદન, લક્ષ્મીદાયક, શ્રુતદેવી અવતારા,
હૃદયકમલમેં નિજ, જ્ઞાનદીપક પ્રગટાયા.
દેહ અતિ સુકુમાર, વાણી સુરસાળ, જીવદયા પ્રતિપાળા,
પરમકૃપાળ, દયાળ, ભવિ જીવ મન અતિ ભાયા.
શરણ આયે હમ બાલ તુમ્હારે, બહુ અજ્ઞાની,
તાકો દેકે જ્ઞાન, હરો અજ્ઞાન, તુમ જ્ઞાની.
અનંતકાલસે ભૂલે ભટકે, હમેં અપનાઓ,
કૃપા કરો કૃપાલુ, અબ તો ભ્રમણસે છુડાઓ.
શરણમેં લે લો નાથ, અબ તો નયન નિહારો,
માફ કરો અપરાધ, જાનકે બાલ તિહારો.
જાયે કહાં જગમેં, દૂજા નહીં કોઈ હમારા,
એક તુમ હી તુમ હો જગમેં, સબસે પ્યારા.
તિમિર વિદારક, જ્યોતિ પ્રકાશક, આત્મરૂપ અવતારા,
ત્રિવિધ, ત્રિવિધે વંદન અગણિત હોવે હમારા.

# શ્રીમદ્ રાજચંદ્રની અસંગ સ્વરૂપે સ્વભાવદશા

**પૂજ્યશ્રી ગાંગજીભાઈ મોતા**

આ ધન્ય દિવસ છે સંવત ૧૯૫૩ ફાગણ વદ-૧૨. આ દિવસે શ્રીમદ્નો દિવ્ય આત્મા કોઈ દિવ્ય પરમાનંદમાં ઉલ્લસી રહ્યો હતો. તેમના દિવ્ય આત્મામાંથી આજના દિવસની ધન્યતા રૂપ સંગીત કરનારું આ દિવ્ય સંગીત વાગી રહ્યું. આ દિવસે શ્રીમદ્ને **"જાગી રે શાંતિ અપૂર્વ"**નો નાદ અંતરથી આવ્યો, એમાં સર્વ વિકલ્પના કલ્લોલ ઉપશમી ગયા - શાંત થઈ ગયા. સમસ્ત વસ્તુસ્વરૂપનો યથાવત્ અનુભવ-સિદ્ધ નિર્ધાર થઈ ગયો. જેમ ભગવાન જિને કહ્યું તેમ, સર્વ પદાર્થોનું જેવું સ્વરૂપ છે તેમ જણાયું. નિર્વિકલ્પપણે નિશ્ચયરૂપ પરમ આત્મશાંતિ ઊપજી; તેથી આજના પરમ શુભ, પરમ પ્રશસ્ત ધન્ય દિને, માર્ગપ્રકાશને બતાવતી ધારા ઉલ્લસી. આ ધારા દશ વર્ષ પૂર્વે સંવત ૧૯૪૩માં પ્રારબ્ધવશ ગૌણ હતી. અત્યારે મુખ્યપણે રહી - જે ધારાનું મુખ્ય કાર્ય ઉદયકર્મના ગર્વને મટાડતી, ચડતી કળાને પામી. એ ઉદયકર્મ જાણે એમ પોકારતું હોય - "હે રાજચંદ્ર ! તું ગમે તેવા પુરુષાર્થના ફાંફાં મારે, પણ હું તમને ફાવવા નહિ દઉં. હે રાજચંદ્ર ! મેં તને તારી ધારણામાં કેવો દબાવી દીધો !" - આમ જાણે ઉદયકર્મ-પૂર્વપ્રારબ્ધ કર્મ, જે ગર્વ કરતું હતું, તેનો ગર્વ મટી ગયો. એ એમ કહેતું હતું કે મારી અવધિ પૂરી થઈ માટે હવે આ પરમ પુરુષાર્થી રાજચંદ્ર આગળ મારું કાંઈ ચાલવાનું નથી.

આમ, શ્રીમદ્ના જીવનમાં સંવત ૧૯૪૧માં અપૂર્વ અણસાર આવ્યો. સંવત ૧૯૪૨માં અદ્ભુત વૈરાગ્ય ધારણ કર્યો. આ બે મહાન બનાવો શ્રીમદ્ના અધ્યાત્મજીવનમાં પૂર્વભૂમિકારૂપે રહ્યા-અધ્યાત્મના પાયારૂપ રહ્યા.

શ્રી રામનો તીર્થયાત્રા પછી ૧૨માં વરસે જેવો વૈરાગ્ય હતો, તેવાજ પ્રકારનો પોતાને વૈરાગ્ય ઊપજ્યો.

હવે શ્રીમદ્નો સંવત ૧૯૪૭નો મધ્યમ જીવનકાળ શરૂ થાય છે. સંવત ૧૯૪૭માં શુદ્ધ સમક્તિની પ્રાપ્તિ થઈ - શ્રુત પોતાના કાર્યમાં જોડાયો, અનુભવદશા વધતી ચાલી. એટલે એક પરમાણુ પણ સમય માત્ર અશુદ્ધિના અવકાશરૂપ રહેવા પામ્યો નહીં. સર્વથા અભાવ જ - એટલે, અસંભવ રૂપે જ રહ્યો. 'સમયસાર'માંથી જોઈએ તો, સ્વસમયમાં સ્થિત - જ્ઞાન, દર્શન, ચારિત્રમાં રહ્યો - એટલે નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ્યું. એની સાથે શ્રુતજ્ઞાનની - અનુભવજ્ઞાનની દશા ઉત્તરોત્તર વધતી ચાલી, સ્થિરાદૃષ્ટિમાં સ્થિરતા થઈ ચૂકી. પ્રત્યક્ષ આત્માનુભૂતિ થતાં, દર્શન સંબંધી સર્વ વિકલ્પો ઉપશમી ગયા. (હા.નો ૩/૨૯માં જેમ કહ્યું તેમ- નિર્વિકલ્પ અંતઃમુખવૃત્તિ, અનુભવમાં લીનતા, તે ચારિત્ર)

આમ, દર્શનમોહ વ્યતીત થયા પછી ચારિત્રમોહની ક્ષીણતા કરવા ભણી તેમનું આત્મવીર્ય પરમ ઉલ્લાસથી સતત પ્રવૃત્તિરૂપ રહ્યું.

ચિત્તમાં સત્ય ધર્મના ઉદ્ધારની વાત, ભાવનાત્મક હેતુ રૂપે વિશેષ બળવાન થતી જોવામાં આવી. પોતાની આત્મસાધના લગભગ પૂર્ણ થયેલી અનુભવમાં આવતી ગઈ તેમ તેમ સત્ય ધર્મના ઉદ્ધારની ભાવના દૃઢ થતી ગઈ. પણ પાછળના એમના જીવનમાંથી આ પ્રકારનો સૂર આવ્યો કે

એ ભાવના પણ ધીરે ધીરે અસ્ત થતી અનુભવાઈ. આનો સંકેત એમણે પત્રાંક - ૭૦૮માં કર્યો છે. સર્વસંગપરિત્યાગની ભાવનાનું પ્રમાણ વિશેષ વધતું ચાલ્યું. ત્યારે છેવટે પોતે કથે છે - "પૂર્વે કદી આવી નથી એવી અપૂર્વ વૃત્તિ આવી અને અમને અપ્રમત્ત યોગ થશે; એ દશાએ અમે પહોંચશું અને તેવો શુદ્ધ ઉપયોગમય, અપ્રમત્ત દશાવંતને સિદ્ધસમાન, દેહ છતાં નિર્વાણ જેવી મુક્ત દશા જ વર્તે છે." આમ, આયુ પૂર્ણતાના કારણે આત્મ પુરૂષાર્થની પૂર્ણ સિદ્ધિ થવા પામે તે પૂર્વે આ દેહનો વિયોગ થશે. એટલે પોતે કથે છે -

"અવશ્ય કર્મનો ભોગ છે,
ભોગવવો અવશેષ રે,
તેથી દેહ એક જ ધારીને,
જાશું સ્વરૂપ સ્વદેશ રે,
ધન્ય રે દિવસ આ અહો.."

આમ, સતા પરના કર્મ પ્રત્યે દૃષ્ટિ કરતાં જણાય છે, એટલે હવે એક ભવથી વધારે ભવ થશે જ નહિ, એમ એકાવતારીપણાનો અમારા આત્માનો દૃઢ નિશ્ચય પ્રકાશે છે. આ વાર્તા પણ વિરલા સહૃદયો જ સમજી શકે.

હવે વહેલાસર ગૃહ વ્યવહાર શાંત કરી, પરિગ્રહાદિ કાર્યોથી નિવૃત્ત થવાનો આત્મ સંકલ્પ રૂપ ધ્યાન ધ્યાવવાનો, અપ્રમત ગુણસ્થાન પર્યંત પહોંચવાનો સહજ પરિણામના ભાવરૂપ કાર્ય પ્રતિ પ્રયાણ કરવું એવો દૃઢ સંકલ્પ કર્યો.

આ પછી સર્વસંગપરિત્યાગની સંવત ૧૯૫૩માં ફાગણ માસથી ઇચ્છા દર્શાવી અને ગૃહવાસથી પણ નિવૃત્ત થઈ, પૂર્વ તૈયારીમાં પ્રવૃત્ત થયા. જોડાયેલા ભાગીદારો સાથે પણ - કોઈને કચવાટનું કારણ ન થાય એમ સાંગોપાંગ સુખ-સમાધિપૂર્વક આ પગલું ભર્યું. વ્યાપાર-વણજમાં પણ કાંઈ નામના ઓછી નહોતી. એમ કહેવાતું કે રાયચંદભાઈ બોલ્યા તે તો ખુદા બોલ્યા. ઝીણામાં ઝીણી વિગતની પણ પૂરેપૂરી કાળજીભરી ચોક્કસાઈ રાખે એવી તેમની વ્યવહારદક્ષતા અપૂર્વ હતી. સંવત ૧૯૫૨માં જેઠ માસમાં ૨૮ વર્ષની વયે, વ્યાપારમાંથી પોતાનો ભાગ છોડી દીધો.

"હે જીવ ! અસારભૂત લાગતાં એવા આ વ્યવસાયથી હવે નિવૃત્ત થા. નિવૃત્ત. બળવાન પ્રારબ્ધ દેખાતો હોય તો પણ નિવૃત્ત થા."

ત્યાર પછી સંવત ૧૯૫૩-૫૪માં, ઈડરગિરિ પર તથા ઉત્તરસંડાના વનમાં અને ૧૯૫૫ માં ઈડરના પહાડોમાં નિવૃત્તિક્ષેત્રે સ્થિતિ કરવાનું શક્ય બન્યું. વધારામાં, ઉત્તરસંડાના વનક્ષેત્રમાં સ્થિતિ કરતાં આત્મયોગ સાધના કરી. સંવત ૧૯૫૦-૫૧ની સાલ પછીના પત્રોમાં તો એમની દ્રવ્યભાવ સંયમ અંગેની ભાવના વધતી જ ગઈ હતી એમ સંયમ સંબંધી ઉલ્લેખો પરથી જણાઈ આવે છે. સંયમના ધ્વનિ પરથી એમની સર્વસંગપરિત્યાગની તમન્ના એકદમ ઊડીને આંખે વળગે છે. એમના જ શબ્દોમાં જોઈએ :

"વિષમ સંસારરૂપ બંધનને છેદીને, જે પુરુષ ચાલી નીકળ્યા, તે પુરુષોને અનંત પ્રણામ છે."

"શ્રી જિન વીતરાગે દ્રવ્ય-ભાવ સંયોગથી ફરી ફરી છૂટવાની ભલામણ કહી છે, અને તે સંયોગનો વિશ્વાસ પરમ જ્ઞાનીને પણ કર્તવ્ય નથી, એવો અખંડ માર્ગ કહ્યો છે, તે શ્રી જિન વીતરાગના ચરણકમળ પ્રત્યે અત્યંત ભક્તિથી

નમસ્કાર." (આંક ૫૮૮)

આમ, પરમ ત્યાગી, પરમપુરુષો પ્રત્યેના શ્રીમદ્ પરમ ભાવપૂર્ણ નમસ્કાર કરે છે.

"જ્ઞાની પુરુષોને આત્મપ્રતિબંધપણે સંસારસેવા હોય નહીં." - (આંક ૫૬૦)" "સર્વ દુઃખનું મૂળ સંયોગ છે એમ જ્ઞાનવંત તીર્થંકરોએ કહ્યું છે." 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?' એ અમર કાવ્યના નાદનો પોકાર સતત કાર્યરૂપે થતો જણાઈ રહ્યો છે.

"શ્રી મહાવીર, ઋષભાદિ પુરુષો પણ ત્યાગને ગ્રહણ કરી ચાલી નીકળ્યા, એ જ ત્યાગનું ઉત્કૃષ્ટપણું ઉપદેશ્યું છે" (આંક - ૬૬૪)

"ઉત્કૃષ્ટ સંપત્તિના ઠેકાણા જે ચક્રવર્ત્યાદિ પદ, તે સર્વ અનિત્ય દેખીને વિચારવાન પુરુષો તેને છોડીને ચાલ્યા જતા હવા, ઋષભાદિ અનંત જ્ઞાની પુરુષોએ એ જ ઉપાય ઉપાસ્યો છે, એવા સત્પુરુષના અગાધ ગંભીર સંયમને નમસ્કાર." "પરિણામે તો અમૃત છે. પણ પ્રથમ દશાએ કાળકુટ વિષની પેઠે મુઝવે છે એવા શ્રી સંયમને નમસ્કાર, તે જ્ઞાનને, તે દર્શનને અને તે ચારિત્રને વારંવાર નમસ્કાર."

આમ, નિષ્કારણ કરુણાસાગર પરમકૃપાળુ શ્રીમદે માર્મિકપણે સૂચવ્યું જણાય છે કે તેવો ઉદય હશે તો જગત કલ્યાણાર્થે સર્વસંગ પરિત્યાગાદિ કરશું - આત્મહિતાર્થે છેલ્લે પુકારે છે -

"હે જીવ ! તું સંગ નિવૃત્તિરૂપ કાળની પ્રતિક્ષા કર, પ્રતિક્ષા કર. ઋષભાદિ સર્વ પુરુષોએ છેવટે એમ જ કર્યું છે."

આવા આ કળિકાળમાં અમૃતમૂર્તિ - અમૃતસિંધુ, સ્થૂળ દેહે આપણી વચ્ચે નથી છતાં અક્ષરદેહે પરમ અમૃત એવા શ્રીમદ્ રાજચંદ્ર તો ખરેખર અમૃતમય સરોવર છે.

આવા લોકોત્તર પુણ્યશ્લોક પુરુષ સદા જયવંત રહો....

## રાજમંદિરને આંગણે

**- રામજીભાઈ એચ. પટેલ (રખિયાલ)**

આત્મ-રાજ તણો આજ રૂડો અવસર મંડાયો,<br>
ફરકી રહ્યા છે આજ કોબામાં શ્રીરાજના ઝંડાઓ.

સંતો-મુમુક્ષુની નિષ્ઠાના બળથી, થઈ રહી છે પ્રતિષ્ઠા,<br>
રાજ પરિવારોના હૈયાનો પ્રેમ, નીતરી રહ્યો છે ઘનિષ્ઠ.

આજ તો રાજની શોભાયાત્રામાં, વાગી રહ્યા ઢોલ ને પખાજ,<br>
ઉમટ્યો છે માનવ મહેરામણ ને હૈયે હોઠે છે રાજ-રાજ.

સૌને ખબર છે કે ગીતામાં પાર્થના છે કોણ સારથિ,<br>
રાજ બેઠા રથમાં ને આજ આત્માનંદ-બાપાજી બન્યા સારથિ.

ભવ્ય જીવોના સૌભાગ્યે રાજકૃપાએ ભેટમાં મળ્યા છે આવા સારથિ,<br>
આજ્ઞા પાળી જો દિલથી તો પછી ચિંતા રહી નથી હારથી.

અમે તો દીઠાં છે આજ એક રૂપે સારથિને પાર્થી,<br>
કહી રહ્યાં છે કે તરી જવું હોય તો ન બનશો સ્વાર્થી.

હૈયે હૈયું આજ નાચી ઊઠ્યું છે રાજ તણા નામથી,<br>
સોનામાં સુગંધ ભળે તેમ, 'રાકેશ' ઝળકી રહ્યા ધરમ ધામથી.

આત્માનંદની આંખમાં જ્યોત ઝળકે છે રૂડા રાજની,<br>
અજવાળા આતમના પ્રસરાયા સઘળે, કૃપા કરુણા શ્રી શ્રીરાજની.

અંધારા ઉલેચવા મટી ગયા ને આત્મદીવો ઝળકી રહ્યો,<br>
પ્રગટ્યા જેના રોમે રોમ આત્મ-રાજ તેને મૃત્યુનો ભય ગયો.

આ ગાંડપણ અમને મળ્યું છે ખરેખર તારી કૃપાથી,<br>
નથી જોઈતું દુનિયાનું ડહાપણ, તરી જવું છે આ ભવે તારી કૃપાથી.

રાજમંદિરના આંગણે આવી મળ્યા, રાજ પરિવારના રત્નો અનામ,<br>
હૃદયમંદિરમાં અજવાળા પાથરનાર, આપ સૌને કોટિ કોટિ પ્રણામ.

# ज्ञान क्रियाभ्याम् मोक्षः ।

**મણિભાઈ ઝ. શાહ**

શાસ્ત્રમાં કહ્યું છે કે જ્ઞાન અને ક્રિયા એ બેના સમન્વયથી મોક્ષ મળી શકે છે. એટલે કે એકલા જ્ઞાનથી કે એકલી ક્રિયાથી આપણું સાચું કલ્યાણ થઈ શકતું નથી. પરંતુ ખરેખર તો આપણામાંના મોટા ભાગના લોકો બેમાંથી એકજ કરે છે; જ્યારે શ્રીમદ્ રાજચંદ્ર કૃપાળુદેવ જેવી કોઈ વીરલ વ્યક્તિ આ બંનેનો સમન્વય કરે છે. એમણે આ કેવી રીતે અને કેવું કર્યું તે એમના જીવનના થોડાક પ્રસંગો પરથી આપણને ખ્યાલ આવશે. તો ચાલો, તે પ્રસંગો જોઈએ.

નાનપણમાં તેઓ જ્યાં રહેતા હતા તે ફળિયામાં અમીચંદકાકા નામની વ્યક્તિ રહેતી હતી. એમને બાળકો પ્રત્યે ઘણો પ્રેમ હતો. એટલે એમને ઘરે અવારનવાર બાળકો આવતા. એક વખત રાયચંદ (શ્રીમદ્ રાજચંદ્ર) સાત વર્ષની ઉંમર હતી ત્યારે અમીચંદકાકાને ત્યાં ગયા ત્યારે કાકા સૂઈ રહ્યા હતા. બાજુમાં બીજાં કેટલાક જણ બેઠાં હતા. એમને રાયચંદે પૂછ્યું કે કાકા ક્યારે ઉઠશે ? પેલા લોકોએ કહ્યું કે હવે એ નહીં ઊઠે કેમકે એ મરી ગયા છે. રાયચંદે પૂછ્યું કે મરી ગયા એટલે શું ? બીજાઓએ કહ્યું કે તને સમજણ ન પડે. એમનો જીવ નીકળી ગયો છે. હવે એમને સ્મશાને લઈ જઈને બાળી દેશે. રાયચંદના માન્યામાં નથી આવતું એટલે એ બધાની પાછળ લપાતો-છુપાતો (બાળકોને સ્મશાનમાં ન જવા દે એટલે) સ્મશાનમાં ગયો અને દૂર એક બાવળિયાના ઝાડ ઉપર ચઢીને જોયા કર્યું તો ખરેખર કાકાના શબને બાળતા હતા. એટલે એમણે વિચાર્યું કે આ બાળ્યા તે સાચા કાકા નહીં; પણ એમના શરીરમાંથી જે નીકળી ગયું તે સાચા કાકા. મારા શરીરમાંથી પણ એવું (આત્મા) નીકળી જાય ત્યારે મારા શરીરને પણ લોકો બાળી દેશે. આમ, શરીર અને આત્માની ભિન્નતાનું ભાન એમને આ ઉંમરે થયું; જે એમના લખાણમાં અને જીવનમાં પાછળથી સ્પષ્ટ જણાયું.

બીજો પ્રસંગ જોઈએ.

એમના પિતા વૈષ્ણવ અને માતા જૈન હતા. એમને જૈન ધર્મ વિષે બહુ જાણવાનું મળ્યું નહોતું. એમની લગભગ સાડા આઠ વર્ષની ઉંમરે એમના માતા પર્યુષણના સાંવત્સરિક પ્રતિક્રમણમાં ગયા ત્યારે એ પણ જોડે ગયા. ત્યાં એમણે પ્રતિક્રમણના શબ્દો સાંભળ્યા - 'હે ભગવાન, મેં કોઈને દુઃખ દીધું હોય, દેવરાવ્યું હોય કે દેનારને અનુમોદન કર્યું હોય, મનથી કર્યું હોય, વચનથી કર્યું હોય કે કાયાથી કર્યું હોય, આ ભવમાં કર્યું હોય કે આગલા કોઈ ભવમાં કર્યું હોય, જાણતાં કર્યું હોય કે અજાણતાં કર્યું હોય, દિવસે કર્યું હોય કે રાત્રે કર્યું હોય, ઘરમાં કર્યું હોય કે બહાર કર્યું હોય, કોઈ પણ રીતે મેં કોઈને દુઃખ દીધું હોય તે બદલ હે પ્રભુ ! મને માફ કરજે. તસ્સ મિચ્છામિ દુક્કડમ્ !'

રાયચંદ આ સાંભળીને છક થઈ ગયા. આટલી બધી સૂક્ષ્મ કરુણાના ભાવ જૈન ધર્મમાં રહેલા છે અને મેં એ ધર્મ વિષે કશું જાણ્યું નહીં ! અને પછી એમણે જૈન ધર્મનો ઊંડો અભ્યાસ કર્યો અને સોળ વર્ષની ઉંમરે તો **'મોક્ષમાળા'** નામનો ગ્રંથ લખ્યો અને ઉપર કહ્યાં તેવા કોઈ દોષ ન થાય તેવું જીવન જીવ્યા.

દશેક વર્ષની ઉંમરે એમના બાએ એમને

કોથમીર સમારવા આપી. એમણે કોથમીર સમારી તો ખરી, પણ એમની આંખમાંથી આંસુ પડવા માંડ્યાં. એ જોઈને એમના બાએ પૂછ્યું, ''કેમ રડે છે બેટા ? કંઈ છરી-બરી વાગી તો નથી ને ?'' એમણે કહ્યું, ''ના, છરી નથી વાગી, પણ આ કોથમીરના જીવોને કાપતાં મારો જીવ નથી ચાલતો બા !'' અને એ રડી પડ્યા. કોઈ જીવને દુઃખ ન થાય એવા એમના ભાવ હતા.

એમનો હીરા-મોતીનો વેપાર હતો, પરંતુ એ કમાણી છોડીને એ અવારનવાર આજુબાજુમાં કોઈ ગામમાં કે કોઈ એકાંત સ્થળે થોડા દિવસ રહીને આત્મધ્યાન વગેરે કરતા હતા. એક વખત એમની દુકાનેથી કોઈ આરબ વેપારીને ખાસ્સી મોટી રકમ ઉછીની આપી હતી અને અમુક સમયે તે પાછી આપી જશે એવું લખાણ પણ એ વેપારી પાસેથી લીધેલું. પણ એ સમય થતાં પેલો વેપારી પૈસા આપી શકે તેમ નહોતો એટલે એણે રાયચંદ પાસે આવીને રડતાં રડતાં આ સમયમર્યાદા વધારવા માટે કહ્યું. આને દુઃખ થતું જોઈને રાયચંદે કહ્યું કે તમને આ લખાણને લીધે દુઃખ થાય છે ને ? લો, આ લખાણ ફાડી નાખું છું. તમારી અનુકૂળતાએ, તમારી શક્તિ મુજબ પૈસા આપજો. એ વેપારીનું દુઃખ જોઈ એમને પણ દુઃખ થયું.

લગભગ ૧૯ વર્ષની ઉંમરે એમણે શતાવધાનના પ્રયોગો કર્યા. એકી સાથે બનતી સો વસ્તુઓને થોડી મિનિટો પછી કહી બતાવે. આ પ્રયોગ વખતે મુંબઈમાં હાઈકોર્ટના ચીફ જસ્ટીસે રાયચંદને બિરદાવતાં કહ્યું કે મારા ખ્યાલ મુજબ આવી શક્તિવાળા આખી દુનિયામાં કોઈ નથી. અહીં તો તમને આ શહેરમાં કે આખા દેશમાં માન મળશે પણ તમે ઈંગ્લેન્ડ જાઓ અને આવો પ્રયોગ કરી બતાવો તો તમને અઢળક ધન મળશે અને તમારી 'વાહ-વાહ' આખી દુનિયામાં થશે. એટલું જ નહીં, હું કાગળ લખી આપીશ એટલે ત્યાંના વડા તમને સામે લેવા આવશે અને તમારી જવા-આવવાની વ્યવસ્થા એ કરશે. રાયચંદે કહ્યું કે હું વિચાર કરીને કાલે કહીશ. એમને આખી રાત ઊંઘ નથી આવતી - વિચારો જ આવે છે કે મારા જીવનનું ધ્યેય શું ? અઢળક પૈસા કમાવા અને 'વાહ-વાહ' બોલાવવી કે આ મનુષ્યભવ દ્વારા મારા આત્માનું કલ્યાણ કરવું ? બીજે દિવસે જઈને પેલા ચીફ જસ્ટિસને કહ્યું કે હવે મેં આવા પ્રયોગો કરવાનું બંધ કર્યું છે. મારે તો મારા આત્માનું કલ્યાણ થાય તેવી ક્રિયાઓ જ કરવી છે.

એમણે જ્યોતિષશાસ્ત્રનો અભ્યાસ પણ સારો એવો કરેલો પણ પછી એમણે તે છોડી દીધું. એમણે જોયું કે જન્મકુંડળી પ્રમાણે કોઈ વ્યક્તિને દુઃખ આવવાનું હોય પણ એ દુઃખ આવતા પહેલાં જૈનદર્શન પ્રમાણે તપ વગેરે કરે તો એ દુઃખો દૂર થઈ જાય અથવા હલકાં થઈ જાય અને આમ છે તો વ્યવહારુ જ્યોતિષનો કંઈ અર્થ નથી. એમણે એ પણ જોયું કે જ્યોતિષમાં શનિની પનોતી દુઃખદાયી છે અને બધા એનાથી ડરે છે. રાયચંદે જોયું કે શનિ તકલીફ આપે પણ સાથે સાથે તમારા આત્મામાં એક જાતની જાગૃતિ લાવે અને તમે મોક્ષમાર્ગમાં આગળ વધી શકો. આ બધું જાણ્યા પછી એમણે એ વિદ્યા પણ છોડી દીધી.

૨૯ વર્ષની ઉંમરે લગભગ દોઢેક કલાકમાં ૧૪૨ ગાથાઓવાળી આત્મસિદ્ધિ લખી અને તદ્દન સરળ ભાષામાં આખો મોક્ષમાર્ગ સમજાવ્યો.

**''જે જે કારણ બંધનાં, તેહ બંધનો પંથ;**
**તે કારણ છેદક દશા, મોક્ષપંથ ભવઅંત.''**

આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા તેમણે કહ્યું,

**"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**

**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ."**

આવું તો ઘણું બધું આમાં ભરેલું છે. આ શાસ્ત્ર દ્વારા એમના અંતરની વાત અને એમણે અપનાવેલી વાત બહુ સરળ રીતે સમજાય છે.

છેલ્લે અંત સમયના એમના ભાવ જોઈએ. ચોત્રીસેક વર્ષની ઉંમરે એમને એક રાત ઝાડા વગેરે થઈ ગયા અને એમને લાગ્યું કે કદાચ આ દેહ હવે ટકશે નહીં, એટલે એમણે સવારે નવ-સાડાનવ વાગે એમના ભાઈ મનસુખને બોલાવીને કહ્યું કે હવે આ દેહનો ભરોસો નથી. તું બાનું ધ્યાન રાખજે. હું હવે આત્મધ્યાનમાં જાઉં છું. મને કોઈ ખલેલ કરશો નહીં. અને પછી એ આત્મચિંતનમાં રહ્યા. લગભગ બપોરે ૨.૩૦ વાગે એમનો પ્રાણ છૂટી ગયો. પણ ત્યાં સુધી એ શાંતભાવે આત્મધ્યાનમાં રહ્યા, અને કોઈએ એમને ખલેલ ન પહોંચાડી એ પણ એક મહાન બનાવ કહેવાય.

આમ, શ્રીમદ્ રાજચંદ્ર-કૃપાળુદેવ એમના વિચારો અને વર્તન અર્થાત્ જ્ઞાન અને ક્રિયાની એકતા આપણી સમક્ષ મૂકતા ગયા છે. આપણે તેનો અમલ કરીએ. જ્ઞાન પામીએ તો એ પ્રમાણે જીવીએ અને પૂજા વગેરે ક્રિયાઓ કરીએ તો એની પાછળનો હેતુ-મર્મ જાણી એ પ્રમાણે વર્તીએ તો આપણે મોક્ષમાર્ગમાં આગળ વધી શકીશું અને થોડા ભવોમાં મોક્ષે જઈ શકીશું.

## શ્રીમદ્ રાજચંદ્ર - જીવન ઝરમર

સં. ૧૯૨૪ : જન્મ - વવાણિયા, કાર્તિક પૂર્ણિમા, રવિવાર

સં. ૧૯૨૮ : હુલામણું નામ લક્ષ્મીનંદન બદલીને રાયચંદ રખાવ્યું.

સં. ૧૯૩૧ : સ્મશાનમાં બાવળના ઝાડ પર જાતિસ્મરણ જ્ઞાન.

સં. ૧૯૪૦ : ચૈત્રમાં 'મોક્ષમાળા' રચી. અવધાનની શરૂઆત. મોરબીમાં અષ્ટાવધાન

સં. ૧૯૪૧ : જામનગરમાં બાર તથા સોળ અવધાન, 'હિંદના હીરા'નું ઉપનામ.

સં. ૧૯૪૨ : 'સાક્ષાત સરસ્વતી'નું બિરુદ, મુંબઈમાં શતાવધાન. 'ભાવનાબોધ'નું સર્જન.

સં. ૧૯૪૪ : શ્રી જૂઠાભાઈ મળ્યા. મોક્ષમાળા છપાઈ.

સં. ૧૯૪૬ : શ્રાવણથી વવાણિયામાં પર્યુષણ. ભાદરવા વદમાં મોરબી શ્રી સોભાગ્યભાઈ મળ્યા. આસો વદમાં સાયલા ૬ દિવસ. દિવાળીમાં ખંભાત શ્રી લલ્લુજી મુનિ વગેરેનો સમાગમ.

સં. ૧૯૪૭ : સમ્યગ્દર્શનની પ્રાપ્તિ

સં. ૧૯૪૮ : મુંબઈમાં સ્થિરતા.

સં. ૧૯૪૯ : શ્રી લલ્લુજી મુનિ વગેરેનું મુંબઈમાં ચાતુર્માસ, પર્યુષણ વડોદરા.

સં. ૧૯૫૨ : આસો વદ ૧ નડિયાદમાં 'આત્મસિદ્ધિ' લખી.

સં. ૧૯૫૩ : કાર્તિકથી ચૈત્ર વવાણિયા, વૈશાખમાં સોભાગભાઈ સાથે સાયલા ૧૦ દિવસ, ઈડર ૧૦ દિવસ, પર્યુષણ મુંબઈમાં.

સં. ૧૯૫૬ : પર્યુષણમાં શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળની ટીપ સંવત્સરી દિને શરૂ થઈ.

સં. ૧૯૫૭ : દેહવિલય - રાજકોટ, ચૈત્ર વદ પાંચમ, મંગળવાર, બપોરે બે વાગે.

**પ્રેષક : રીટાબેન મહેતા (કોબા)**

## પરમકૃપાળુદેવની પરાભક્તિની પરાકાષ્ઠાના
# પ્રેરક પ્રેમપુષ્પો

પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ટાબેન સોનેજી

- પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એજ;
  સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ.

**રાળજ ભાદ. સુદ-૮ ૧૯૪૭**

- 'પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં
  સબ આગમભેદ સુઉર બસેં;
  વહ કેવલકો બીજ ગ્યાનિ કહે,
  નિજકો અનુભૌ બતલાઈ દિયે.

**- રાળજ ભાદ.સુદ-૮ ૧૯૪૭**

ઉપરના બન્ને પદમાં પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીની પરાભક્તિના દર્શન થાય છે. શુદ્ધ સમ્યગ્દર્શનનો પ્રકાશ સંવત ૧૯૪૭માં થયા પછી પરમકૃપાળુદેવના વચનામૃતના પત્રાંક - ૨૦૦ થી ૩૦૦માં તેઓની વીતરાગદર્શન અને પરમાત્મા પ્રત્યેની અનન્યભક્તિ આપણા હૃદયને સ્પર્શી જાય છે. આવી ભક્તિ તેમના પરમ સખા પૂજ્યશ્રી સોભાગભાઈ પ્રત્યેના પત્રોમાં વિશેષ જણાય છે.

- **વચનામૃત પત્રાંક-૨૦૧ :**

શીર્ષક : "કેવળ નિર્વિકાર છતાં પરબ્રહ્મ પ્રેમમય પરાભક્તિને વશ છે, એ હૃદયમાં જેણે અનુભવ કર્યો છે એવા જ્ઞાનીઓની ગુપ્ત શિક્ષા છે."

"આજના પ્રભાતથી નિરંજનદેવની કોઈ અદ્‌ભુત અનુગ્રહતા પ્રકાશી છે; આજે ઘણા દિવસ થયાં ઈચ્છેલી પરાભક્તિ કોઈ અનુપમ રૂપમાં ઉદય પામી છે."

પત્રના અંતે જણાવે છે,

"ઘણા ઘણા પ્રકારથી મનન કરતાં અમારો દ્રઢ નિશ્ચય છે કે ભક્તિ એ સર્વોપરી માર્ગ છે, અને તે સત્પુરુષના ચરણ સમીપ રહીને થાય તો ક્ષણવારમાં મોક્ષ કરી દે તેવો પદાર્થ છે."

- **પત્રાંક-૨૦૫**

तत्र को मोह : क : शोक : एकत्वमनुपश्यतः ।

- ઈશાવાસ્ય ઉપનિષદ

શબ્દાર્થ : તેને મોહ શો, અને તેને શોક શો ? કે જે સર્વત્ર એકત્વ (પરમાત્મસ્વરૂપ)ને જ જુએ છે.

- **પત્રાંક-૨૦૯ :**

"મહાત્માઓએ ગમે તે નામે અને ગમે તે આકારે એક 'સત્'ને જ પ્રકાશ્યું છે... તે 'પરમસત્'ની જ અમો અનન્ય પ્રેમે અવિચ્છિન્ન ભક્તિ ઇચ્છીએ છીએ."

- **પત્રાંક-૨૧૩**

"હે પુરુષપુરાણ ! અમે તારામાં અને સત્પુરુષમાં કંઈ ભેદ હોય એમ સમજતા નથી; તારા કરતાં અમને તો સત્પુરુષ જ વિશેષ લાગે છે, કારણ કે તું પણ તેને આધીન જ રહ્યો છે; અને અમે સત્પુરુષને ઓળખ્યા વિના તને ઓળખી શક્યા નહીં; એ જ તારું દુર્ઘટપણું અમને સત્પુરુષ પ્રત્યે પ્રેમ ઉપજાવે છે."

- **પત્રાંક-૨૧૬**

"આ જે કંઈ જોઈએ છીએ, જે કંઈ જોઈ શકાય તેવું છે; જે કંઈ સાંભળીએ છીએ, જે કંઈ

સાંભળી શકાય તેવું છે, તે સર્વ એક સત્ જ છે.''

● **પત્રાંક-૨૧૭**

''એવી પરમ સ્નેહતા અને અનન્ય પ્રેમભક્તિ આવ્યા વિના દેહત્યાગ કરવાની ઇચ્છા થતી નથી..... પણ પ્રેમભક્તિની પૂર્ણ લય આવ્યા વિના દેહત્યાગ નહીં કરી શકાય એમ રહે છે.''

● **પત્રાંક-૨૨૩ :**

''પરમાત્મા અને આત્માનું એકરૂપ થઈ જવું(!) તે પરાભક્તિની છેવટની હદ છે. એક એ જ લય રહેવી તે પરાભક્તિ છે..... પરમાત્માને નિરંજન અને નિર્દેહરૂપે ચિંતવ્યે જીવને એ લય આવવી વિકટ છે. એટલા માટે જેને પરમાત્માનો સાક્ષાત્કાર થયો છે, એવો દેહધારી પરમાત્મા તે પરાભક્તિનું પરમ કારણ છે. તે જ્ઞાનીપુરુષનાં સર્વ ચરિત્રમાં ઐક્યભાવનો લક્ષ થવાથી તેના હૃદયમાં બિરાજમાન પરમાત્માનો ઐક્યભાવ હોય છે, અને એ જ પરાભક્તિ છે.''

● **પત્રાંક-૨૨૬ :**

''સત્સ્વરૂપને અભેદ ભક્તિએ નમસ્કાર''

● **પત્રાંક-૨૩૪**

''પોતાનું અથવા પારકું જેને કંઈ રહ્યું નથી એવી કોઈ દશા તેની પ્રાપ્તિ હવે સમીપ જ છે, (આ દેહ છે); અને તેને લીધે પરેચ્છાથી વર્તીએ છીએ.''

● **પત્રાંક-૨૩૮**

''તે પૂર્ણપદને જ્ઞાનીઓ પરમ પ્રેમથી ઉપાસે છે.''

● **પત્રાંક-૨૪૧**

''જેને લાગી છે તેને જ લાગી છે અને તેણે જ જાણી છે; તે જ ''પિયુ પિયુ'' પોકારે છે. એ બ્રાહ્મી વેદના કહી કેમ જાય ? કે જ્યાં વાણીનો પ્રવેશ નથી.''

● **પત્રાંક-૨૪૪**

''પરબ્રહ્મવિચાર તો એમ ને એમ રહ્યા જ કરે છે; ક્યારેક તો તે માટે આનંદકિરણ બહુ સ્ફુરી નીકળે છે, અને કંઈની કંઈ (અભેદ) વાત સમજાય છે.''

● **પત્રાંક-૨૫૫**

''એક પુરાણપુરુષ અને પુરાણપુરુષની પ્રેમસંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી... આદિ પુરુષને વિષે અખંડ પ્રેમ સિવાય બીજા મોક્ષાદિક પદાર્થોમાંની આકાંક્ષાનો ભંગ થઈ રહ્યો છે...

● **પત્રાંક-૨૭૧**

''શ્રીમાન્ પુરુષોત્તમની અનન્ય ભક્તિને અવિચ્છિન્ન ઇચ્છું છું.''

● **પત્રાંક-૨૯૧**

''પૂર્ણકામ ચિત્તને નમોનમઃ
આત્મા બ્રહ્મસમાધિમાં છે. મન વનમાં છે.''

● **પત્રાંક-૩૦૨**

''(એવું જે) પરમ સત્ય તેનું અમે ધ્યાન કરીએ છીએ.''

આ પ્રમાણે 'સત્' તે હું અને હું તે 'સત્' - હું તે પરમાત્મા ને પરમાત્મા તે હું એવો અભેદભાવ તેમને વર્તે છે તે જ તેમની પરાભક્તિ (પ્રેમ લક્ષણાભક્તિ)ની પરાકાષ્ઠા છે.

પરમકૃપાળુદેવની આવી પરાભક્તિની પરાકાષ્ઠાનું રહસ્ય; તેમના વચનપુષ્પો દ્વારા આપણે સત્પાત્રતા કેળવી સમજવાનો તથા હૃદયમાં ઉતારવાનો પ્રબુદ્ધ પુરુષાર્થ કરીએ એ જ ભાવના.

**''રાજ રાજ સૌ કો કહે, વિરલા જાણે ભેદ;**
**જે જન જાણે ભેદ તે, તે કરશે ભવ છેદ.''**

● ● ●

# અગ્રગણ્ય સંત - શ્રીમદ્ રાજચંદ્રજી

**ડૉ. જિતેન્દ્રભાઈ બી. શાહ**

શ્રીમદ્ રાજચંદ્ર અસાધારણ વ્યક્તિ હતા. તેમનાં લખાણ તેમનાં અનુભવબિંદુ સમાં છે. તે વાંચનાર, વિચારનાર અને તે પ્રમાણે ચાલનારને મોક્ષ સુલભ થાય છે. તેના કષાયો મોળા પડે છે, તેને સંસાર વિશે ઉદાસીનતા આવે છે અને તે દેહનો ભાવ છોડી આત્માર્થી બને છે.

**- મહાત્મા ગાંધીજી**

મહાત્મા ગાંધીજીએ શ્રીમદ્ રાજચંદ્રને પ્રમુખસ્થાને સ્થાપ્યા હતા. ગાંધીજીના જીવનમાં ટોલ્સ્ટોય, રસ્કિન અને શ્રીમદ્ રાજચંદ્રજી (કવિ રાયચંદભાઈ) - ત્રણ પુરુષોએ અસરકારક છાપ પાડી હતી. તેમાં પણ શ્રીમદ્જી પ્રમુખસ્થાને બિરાજતા હતા. આ બાબતે ગાંધીજીએ જાહેરમાં અનેક વાર કહ્યું હતું. તેઓએ શ્રીમદ્ વિશે જણાવ્યું છે કે આપણને અનેક યોનિઓમાં ભટકવું પડશે, ત્યારે શ્રીમદ્‌ને કદાચ એક જન્મ બસ થશે. આપણે કદાચ મોક્ષથી દૂર ભાગતા હોઈશું ત્યારે શ્રીમદ્ વાયુવેગે મોક્ષ તરફ ધસી રહ્યા હતા. આ વાક્યો શ્રીમદ્‌ની જીવનસાધના અને તેમની ઉચ્ચ દશાનો ખ્યાલ આપે છે. છેલ્લાં બસો વર્ષોમાં થયેલા અનેક મહર્ષિઓમાં શ્રીમદ્ અગ્રસ્થાને બિરાજે છે. તેમની વૈરાગ્યભાવના અને આત્મિક અવસ્થા ઘણી જ ઉચ્ચ દશાએ પહોંચી હતી.

શ્રીમદ્‌ના જીવન વિશે લખવું અત્યંત કપરું કામ છે. તેમનું જીવન અનેક સાધકોને પ્રેરણા આપનારું છે. તેમના જીવનપ્રસંગો જીવનમાં નવું બળ જગાડનારા અને પ્રમાદ દશામાંથી મુક્ત થવા અને વૈરાગ્યભાવને ટકાવી રાખવા માટે આલંબન સમાન છે. તેમનાં લખાણો એક ખજાના તુલ્ય છે. જેમને પોતાનું કર્તવ્ય માણવાની ઈચ્છા છે, જેમને નીતિનો માર્ગ જાણવાની ઈચ્છા છે, જેમણે આત્મકલ્યાણ સાધવું છે, તે બધાયને શ્રીમદ્‌ના લખાણમાંથી ઘણું બધું મળી રહેશે.

સને ૧૮૯૩ ના વર્ષની ઘટના છે. તે વર્ષોમાં ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં વસતા હતા. તે સમયે તેમને કેટલાક ખ્રિસ્તી સજ્જનોનો પરિચય થયો અને ધીરે ધીરે મૈત્રી પણ થઈ. તેમના જીવન અને ધર્મભાવના પ્રત્યે ગાંધીજી આકર્ષાયા હતા. તે બધા અન્યને ખ્રિસ્તી થવા સમજાવતા હતા. તે સમયે ગાંધીજીના મનમાં પણ મંથન પેદા થયું હતું. જો કે તેમણે વિચાર કરી મનોમન નિર્ણય કર્યો હતો કે જ્યાં સુધી હિન્દુધર્મનું રહસ્ય પૂરું ન જાણી લઉં, તેનાથી મારા આત્માને સંતોષ ન થાય ત્યાં સુધી મારા જન્મનો ધર્મ મારે ન જ તજવો જોઈએ. આ માટે તેમણે હિન્દુસ્તાનના વિદ્વાનો અને સંતોનો સંપર્ક સાધ્યો હતો. તેમાં શ્રીમદ્ મુખ્ય હતા. શ્રીમદે ગાંધીજીની શંકાઓનું સમાધાન કર્યું હતું. આથી હિન્દુધર્મ પ્રત્યેની ગાંધીજીની આસ્થા દૃઢ થઈ હતી. તેમને વિશ્વાસ બંધાયો હતો કે તેમને જે કાંઈ જોઈએ છે તે તમામ હિન્દુધર્મમાંથી મળી શકે તેમ છે. ગાંધીજીને શાંતિ મળી અને ભારતને એક મહાત્મા મળ્યા. એના મૂળમાં શ્રીમદ્‌ની ભૂમિકા અવિસ્મરણીય છે.

શ્રીમદ્‌નું જીવન અત્યંત સાદગીભર્યું અને સાધના અપ્રમત્ત દશાની હતી. સાધનાની ઉત્તમ અવસ્થામાં તેમણે જે આનંદ અને શાંતિનો અનુભવ કર્યો હતો તે તેમના મુખ ઉપર સ્પષ્ટપણે જણાઈ આવતો હતો. તેમનાં લખાણોમાં આ દશાનો રણકાર સંભળાય છે. તેમનાં કાવ્યો અને લખાણોમાં ઊંડું તત્ત્વજ્ઞાન અને તેમની ઊંડી સાધના-અવસ્થા જણાઈ આવે છે.

**'અપૂર્વ અવસર'** અને **'આત્મસિદ્ધિ'** - એ બે તો અધ્યાત્મમાર્ગના અમર કાવ્યો છે. જેમણે પણ આત્મકલ્યાણ સાધવું છે અને વૈરાગ્યભાવમાં સ્થિર થવું છે તેમને માટે તો આ બંને કાવ્યો ઉત્તમ પાથેય સ્વરૂપ છે. **પંડિત સુખલાલજી આત્મસિદ્ધિને અધ્યાત્મગીતાની ઉપમા આપે છે.** આ કાવ્યોમાં તેઓએ સાધકને કેવી રીતે આગળ વધવું તે વિશે અને સાધનામાં પ્રગતિ સાધવાના પ્રયાસ વિશે માર્ગદર્શન આપ્યું છે. **એ માત્ર કાવ્યો જ નથી પરંતુ તેમની સાધનાના દસ્તાવેજ પણ છે.**

શ્રીમદ્‌નાં જીવન અને કવનનું અવલોકન કરતાં જણાય છે કે તેઓ ભારતભૂમિમાં જન્મેલાં સંતોમાં અગ્ર હરોળમાં બિરાજે છે.

## રાજે દીધો ધર્મનો ડંકો

**- વિનુભાઈ ગાંધી 'ઈન્સાન'**

(રાગ : લોકગીત - ના મોરીનો નર છે વંકો)

ઊગ્યો રવિ ભારતે વંકો, રાજે દીધો ધર્મનો ડંકો,
વવાણિયામાં દેહ ધરીને, વાણિયે રાખ્યો વટ,
સાદું જીવન ને સાદી વાણી, લેશ નહીં ખટપટ;
પ્રામાણિક વણજ કીધો, ખોટો પૈસો એક ન લીધો. ઊગ્યો રવિ...

દુઃખીને દેખી દિલ રડે એનું, સહેવાય નહીં લવલેશ,
દેણદારનું ખત ફાડીને, ટાળ્યો એનો બધો ક્લેશ;
ગોખણિયું જ્ઞાન ન લીધું, સદા શુભ સર્વનું કીધું. ઊગ્યો રવિ...

દરેક કામે કાળજી એને, ચીવટ રહી ચિરકાળ,
ધર્મ ધ્યાન ને સાધના ભાવે, ગમે નહીં જંજાળ;
સંસારી સંત એ સાચા, કોઈ વાતે નહીં કાચા. ઊગ્યો રવિ...

ગાંધીએ જેને ગુરુ માન્યા, ને દીધાં આદર માન,
સમસ્યાઓના ઉકેલ આપી, એના દિલમાં લીધું સ્થાન;
પરિગ્રહ લેશ ન કીધો, મુમુક્ષુને દાખલો દીધો. ઊગ્યો રવિ...

ઓળખો આતમને તમે પૂરો, એવો દીધો બોધ,
'જાણપણું' ને મોક્ષ મળશે, રહેશે પછી શું શોધ ?
આત્માનંદજી ગુરુ છે એવા, 'ઈન્સાન' વંદે પ્રેમથી દેવા. ઊગ્યો રવિ...

## અંધારી રાત્રે ભવસાગરમાં ડોલતી જીવનનૈયાને
# સપ્તર્ષિનું દર્શન

**પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ**

વિશાળ આકાશમાં સપ્તર્ષિનાં તારામંડળને તમે જોયું હશે ! છેક પ્રાચીન કાળથી માનવસભ્યતાએ સપ્તર્ષિ વિશે ઊંડો વિચાર કર્યો છે. એની આસપાસ અનેક કથાઓ વણાયેલી છે. આ સપ્તર્ષિ દ્વારા આકાશનાં બીજાં તારામંડળો સહેલાઈથી ઓળખાય છે. સપ્તર્ષિની ઓળખથી સમગ્ર આકાશના અન્ય તારાઓની અને ધરતી પરની દિશાની પહેચાન થાય છે. અંધારે રાત્રે ઘૂઘવતા દરિયામાં ઊછળતાં મોજાંઓની વચ્ચે ડોલતી નૌકાઓને દિશાસૂચન આપવાનું કામ આ સપ્તર્ષિએ કર્યું છે. સાત મુખ્ય તારાઓ ધરાવતા આ સપ્તર્ષિથી અંધારી રાત્રે અફાટ રણમાં કે વિશાળ સાગરમાં અટવાયેલા સહુને સાચી દિશા જડે છે. આવા વિશાળ સાગર સમા શ્રીમદ્ રાજચંદ્રના જીવનમાં સપ્તર્ષિના સાત તારાની માફક સાત બાબતોમાં પરાકાષ્ઠા નજરે પડે છે.

સામાન્ય માનવી દૂર-દૂરથી હિમાલય જોઈને ખુશ થાય, કોઈ એની તળેટીમાં પહોંચે, કોઈ એમાં થોડે ઊંચે આરોહણ કરે, પરંતુ એના શિખરે પહોંચનારી, ગૌરીશિખર પર આરોહણ કરનારી વ્યક્તિ વિરલ હોય છે. એને માટે અથાગ પરિશ્રમ કરવો પડે છે, ઊર્ધ્વ આરોહણ કરવું પડે અને પછી હિમાલયની પરાકાષ્ઠાને પહોંચાય છે. શ્રીમદ્ રાજચંદ્રના જીવનમાં આવી પરાકાષ્ઠાના સાત તારાઓ - સપ્તર્ષિ કે ગૌરીશિખરની ઊંચાઈ દૃષ્ટિગોચર થાય છે.

સૌ પ્રથમ તો એમણે મત, સંપ્રદાય, પક્ષ બધાથી પર જઈને **ધર્મભાવના**નું એક ભવ્ય, ઉજ્જવળ શિખર દર્શાવ્યું. મતાંધતા, મતભેદ અને મતાગ્રહના ત્યાગ પછી મુક્ત થનાર જ 'સત્ તત્ત્વ' ની પ્રાપ્તિ કરી શકે છે. એમણે કહ્યું કે એ સાચું છે કે ધર્મમાં મતમતાંતરો હોય છે અને અનાદિકાળથી આવા મતમતાંતરોમાં માનનારાઓ પોતાનો મત સાચો ઠેરવવા પ્રયાસ કરતા હોય છે. હકીકતમાં આ મતભેદો પાછળ દેશ અને સમયની પરિસ્થિતિ કારણભૂત હોય છે અને તેને કારણે પ્રત્યેક ધર્મતત્ત્વ અમુક બાબતને વધુ મહત્ત્વ આપે છે, જ્યારે શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે ધર્મસાધકનો ખરો હેતુ તો 'સત્ તત્ત્વ' ની ખોજનો હોવો જોઈએ. નિજપદની પ્રાપ્તિ કરવાનો હોવો જોઈએ. આવા નિજપદની પ્રાપ્તિ કરવા માટે કોઈ સંકુચિતતામાં ડૂબી જવાની જરૂર નથી. શ્રીમદ્ રાજચંદ્રે આ વિષયમાં કહ્યું છે, "વાડામાં કલ્યાણ નથી, અજ્ઞાનીના વાડા હોય. જેમ લોઢું પોતે તરે નહીં અને બીજાને તારે નહીં તેમ."

અજ્ઞાની વ્યક્તિઓ આવા વાડાઓમાં ખૂંપી જાય છે, જ્યારે જ્ઞાની વ્યક્તિ સત્ તત્ત્વની ખોજ કરે છે. એક અર્થમાં કહીએ તો એ જુદા જુદા ઉપદેશોમાં રહેલા મૂળભૂત તત્ત્વને શોધે છે અને તેથી જ વ્યાસ, વાલ્મિકી, શંકર, ગૌતમ, પતંજલિ, કપિલ અને યુવરાજ શુદ્ધોદનના ઉપદેશનું રહસ્ય શું છે, તે અંગે તેઓ કહે છે કે આ બધા લોકો આપણને એટલું જ કહે છે, "અહો લોકો ! સંસારરૂપી સમુદ્ર અનંત અને અપાર છે. એનો પાર પામવા પુરુષાર્થનો ઉપયોગ કરો."

આ રીતે તેઓ સર્વદર્શનોને સમાદર આપીને

એમાંથી સાર કાઢવાનું કહે છે અને આ બધા જ દર્શનકારો એમના ઉદ્દેશથી સમાન હોય તેવું લાગે છે. આમ, શ્રીમદ્ રાજચંદ્રે એક દર્શન કે એક ધર્મ સત્ય, બાકીનાં અસત્ય એમ કહેવાને બદલે એ દર્શનોમાં નિહિત તત્ત્વોનો મહિમા કરે છે. એ તત્ત્વો આપણા જીવનમાં આવે એટલે ધર્મ આવે. દયા, સત્ય આદિનું પાલન થાય, નિજસ્વરૂપની પ્રાપ્તિ માટેનો પુરુષાર્થ જાગે. **આમ, મતાગ્રહોએ જન્માવેલી ગ્રંથિઓમાંથી મુક્તિ થાય, તો જ વ્યક્તિ ધર્મ પામી શકે.**

વળી, પોતાની પાસે શાસ્ત્ર હોય, તેથી વ્યક્તિ ધર્મ પામ્યો છે તેમ ન કહી શકાય. એ ધર્મ એના જીવનમાં પ્રગટવો જોઈએ. તેઓ દર્શાવે છે કે મિથ્યાભિમાની જીવ ઘણી વાર 'પોતાની પાસેના જૈન ધર્મના શાસ્ત્રમાં બધું જ છે અને એવાં શાસ્ત્રો મારી પાસે છે' એવો ગર્વ ધારણ કરીને બેસી રહે અને એના વાસ્તવિક જીવનમાં ક્રોધ, માન, માયા, લોભ વગેરે પ્રવર્તતા હોય તો તે વ્યક્તિ ધાર્મિક નથી.

તો પછી ધર્મ છે શું ? **શ્રીમદ્ રાજચંદ્રની દૃષ્ટિએ ધર્મ એ તો મહાસાગર છે. એ કોઈનો ઈજારો નથી. જે ધર્મપાલન કરે છે એનો ધર્મ છે.** આમ, ધર્મ વિશેનો એક નવીન વિચાર શ્રીમદ્ રાજચંદ્ર પાસેથી મળે છે અને તે એ કે વ્યક્તિએ વાદો, વિવાદો, પક્ષો અને સંપ્રદાયોને બદલે સત્ તત્ત્વ પારખીને એની ઉપાસના કરવી જોઈએ. સાધકે જ્ઞાની પુરુષની સર્વજનહિતકારી વાણીને અનુસરવું જોઈએ અને તેથી જ શ્રીમદ્ રાજચંદ્ર ધર્મ આરાધનાનું ઉત્કૃષ્ટ શિખર બતાવવા હોય તે રીતે કહે છે,

**"તું ગમે તે ધર્મ માનતો હોય તેનો મને પક્ષપાત નથી, માત્ર કહેવાનું તાત્પર્ય કે જે રાહથી સંસારમળ નાશ થાય તે ભક્તિ, તે ધર્મ અને તે સદાચારને તું સેવજે."**

ધર્મ આપે છે અભય અને જગાડે છે કરુણા. શ્રીમદ્ રાજચંદ્રના જીવનમાં બીજી બાબત તે **અભયની પરાકાષ્ઠા** છે. છેક બાલ્યકાળથી એમના જીવનમાં નિર્ભયતા હતી. તેઓએ મૃત્યુના ભયને જીતીને ભાવમરણોથી મુક્ત થવાનું કહ્યું. વિશ્વના દાર્શનિકોએ મુખ્યત્વે મૃત્યુ પરના વિજયની વાત કરી છે, જ્યારે શ્રીમદ્ રાજચંદ્રએ એની સાથે મૃત્યુસમ ક્ષુદ્ર જીવન પરના વિજય તરફ અંગુલિનિર્દેશ કરીને જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ દ્વારા ભાવમરણ પર વિજય મેળવવા આહ્‌વાન કર્યું છે.

શ્રીમદ્ રાજચંદ્રના નિવૃત્તિક્ષેત્રના નિવાસોમાં અભયની પરાકાષ્ઠા જોવા મળે છે. આત્મારામી શ્રીમદ્ વનમાં એકલા નીકળી પડતા. ધ્યાનમાં લીન રહેતા અને પોતાની સુપ્રસિદ્ધ ધૂનોથી વનવગડાઓને ગજવતા અને ભવ્ય જીવોને જગાવતા. **આવો અભય સર્જાય છે દેહની અનિત્યતા અને આત્માની નિત્યતાની ઓળખમાંથી.**

શ્રીમદ્ રાજચંદ્રની અભયની ઉત્કૃષ્ટ ભાવનાનું દર્શન મહાત્મા ગાંધીજીએ એમને પૂછેલા સત્યાવીસમા પ્રશ્નમાં થાય છે. દક્ષિણ આફ્રિકાના ડરબન શહેરથી શ્રીમદ્ રાજચંદ્રને મહાત્મા ગાંધીજીએ પૂછેલો ૨૭મો અને છેલ્લો પ્રશ્ન હતોઃ

'સર્પ કરડવા આવે ત્યારે એને દૂર કરવાની મારામાં કોઈ શક્તિ ન હોય, ત્યારે એને કરડવા દેવો કે મારી નાખવો ?'

શ્રીમદ્ રાજચંદ્ર દેહની નિત્યતા અને આત્મહિતની ઇચ્છા એ બેનો સમન્વય સાધીને આનો ઉત્તર આપે છે. તેઓ લખે છે : "સર્પ

તમારે કરડવા દેવો એવું કામ બતાવતાં વિચારમાં પડાય તેવું છે. તથાપિ તમે જો ‘દેહ અનિત્ય છે’ એમ જાણ્યું હોય તો પછી આ અસારભૂત દેહના રક્ષણાર્થે, જેને દેહમાં પ્રીતિ રહી છે એવા સર્પને તમારે મારવો યોગ્ય હોય ? જેને આત્મહિત ઈચ્છવું હોય તેણે તો ત્યાં પોતાના દેહને જતો કરવો એ જ યોગ્ય છે. કદાપિ આત્મહિત ઈચ્છવું ન હોય તેણે કેમ કરવું ? તો તેનો ઉત્તર એ જ અપાય કે તેણે નરકાદિમાં પરિભ્રમણ કરવું, અર્થાત્ સર્પને મારવો એવો ઉપદેશ ક્યાંથી કરી શકીએ ? અનાર્યવૃત્તિ હોય તો મારવાનો ઉપદેશ અપાય. તે તો અમને, તમને, સ્વપ્ને પણ ન હોય એ જ ઈચ્છવા યોગ્ય છે.”

મહાત્મા ગાંધીજીને શ્રીમદ્ રાજચંદ્રે આપેલા ઉત્તરનો પ્રતિધ્વનિ પડતો હોય તેમ મુમુક્ષુ શ્રી મોતીલાલ ભાવસારે નોંધ્યું છે કે નિવૃત્તિક્ષેત્રમાં શ્રીમદ્ રાજચંદ્રની ઉપસ્થિતિ એમને સતત નિર્ભયતાનો અનુભવ કરાવતી હતી. આ નિવૃત્તિક્ષેત્રમાં હિંસક પ્રાણીઓનો ભય હતો, પરંતુ અભયના આરાધક શ્રીમદ્ રાજચંદ્રની ઉપસ્થિતિનો આસપાસના વાતાવરણ પર પ્રબળ પ્રભાવ પડતો હતો. શ્રીમદ્ રાજચંદ્ર વિ.સં. ૧૯૫૬ ના ચૈત્ર માસમાં હવાફેર માટે ધરમપુરના પહાડી પ્રદેશમાં ગયા હતા, ત્યારે એ વિસ્તારના અંગ્રેજ પોલિટિકલ એજન્ટ રોજેરોજ શિકારે નીકળ્યો હતો, પણ એને કોઈ શિકાર મળી શક્યો નહીં. આમ, શ્રીમદ્‌ની ઉપસ્થિતિને કારણે માનવી જ નહીં, બલ્કે પ્રાણીઓ પણ નિર્ભય બનીને વિહરતા હતા.

અભયની આરાધનાનું એક ઉત્તુંગ શિખર શ્રીમદ્ રાજચંદ્રમાં જોવા મળે છે, તો એમના જીવનમાં જોવા મળતું ત્રીજું શિખર છે એમના જીવનમાં પ્રતિક્ષણ જોવા મળતી **અગાધ કરુણા.** બાળપણમાં વવાણિયામાં આવેલા રામજી મંદિરમાં રહેતા અનાથ બાળકો અને રક્તપિત્તિયાઓની સેવા કરતાં શ્રી રામબાઈ નામના સંત-નારીના મેળાપમાં એ પ્રગટ થાય છે. એ જ ભાવના દુષ્કાળની પરિસ્થિતિ વખતે એમણે લખેલા પત્રમાં પ્રગટ થાય છે. મુંબઈમાં પોતાના નોકર લલ્લુની ગંભીર માંદગી વખતે શ્રીમદે સ્વયં એની સેવાચાકરી કરી હતી, પરંતુ કરુણાની ભાવનાનું સર્વોચ્ચ શિખર તો અપરિચિત વ્યક્તિઓ અને અદૃષ્ટ જીવો તરફ વહેતી એમની ભાવનામાં જોવા મળે છે.

નડિયાદ-નિવાસી મુમુક્ષુ શ્રી મોતીલાલ ભાવસાર ઉત્તરસંડાના નિવૃત્તિક્ષેત્રમાં શ્રીમદ્ રાજચંદ્રની સાથે રહેતા હતા. એક વાર તેઓ શ્રીમદ્‌ને માટે દૂધ લઈને ગયા, પરંતુ શ્રીમદ્ રાજચંદ્રએ દૂધ વાપરવાની ના પાડી અને સાથોસાથ કહ્યું કે આ દૂધ કોઈને આપી દેજો. એવામાં રસ્તે જતો કોઈ છોકરો આવ્યો અને એને મુમુક્ષુ મોતીલાલભાઈએ દૂધ આપી દીધું. એ પછી મુમુક્ષુ શ્રી મોતીલાલ ભાવસારે શ્રીમદ્ રાજચંદ્રને સાફ કરીને મેવો આપ્યો. શ્રીમદે ફરી કહ્યું કે આ છોકરાને આપી દો. અને એમના આદેશ મુજબ રસ્તે ચાલતા છોકરાને મેવો આપી દીધો.

શ્રી મોતીલાલભાઈ ભાવસારને અપાર આશ્ચર્ય થયું કે શા માટે આવા સાવ અજાણ્યા છોકરાને એમણે મેવો આપી દેવા કહ્યું હશે ? આ વિષયમાં ઊંડો વિચાર કરતાં એમને સમજાયું કે તેઓ શ્રીમદ્ રાજચંદ્રને મેવો આપતા હતા, તે વખતે મનમાં એવો ભાવ હતો કે દૂધ તો એમના કહેવાથી અન્યને આપી દીધું, પરંતુ મેવો તો બીજા કોઈને અપાય નહીં; એમના ચિત્તના આ ભેદ-ભાવને દૂર કરવા માટે શ્રીમદે રસ્તે ચાલતા

છોકરાને મેવો આપી દેવા કહ્યું હતું. અમુક વસ્તુ અપાય અને અમુક તો ન જ અપાય, એવી વૈચારિક સંકુચિતતા દયાધર્મમાં ન હોય. એ તો સહુને માટે સમાનપણે પ્રવર્તવો જોઈએ.

માનવ કરુણાની પરાકાષ્ઠા કહો કે નૂતન આકાશનું દર્શન કહો, તે શ્રીમદ્ રાજચંદ્રની અદશ્ય જીવો પ્રત્યેની અનુકંપામાં પ્રગટે છે. જ્યાં વ્યક્તિનું હૃદય કોઈ દશ્ય ઘટના કે પ્રત્યક્ષ વ્યક્તિને કારણે દ્રવતું નથી, પરંતુ અદશ્ય એવી જીવસૃષ્ટિને કારણે વલોવાય છે.

બાળક રાજચંદ્રે સાતમા વર્ષે અક્ષરજ્ઞાનનો પ્રારંભ કર્યો અને માતા પાસેથી શ્રી પ્રતિક્રમણ સૂત્ર અને શ્રી સામાયિક સૂત્ર જેવાં સૂત્રો શીખ્યાં. એ સૂત્રોમાં રહેલી સૂક્ષ્મમાં સૂક્ષ્મ જંતુની વિરાધના અંગેની ક્ષમાની લિપિ એમના બાળહૃદયમાં કોતરાઈ ગઈ. હજી સૂત્રો હમણાં શીખ્યાં અને અંતરમાં એનો સાક્ષાત્કાર થઈ ગયો ! આવા બાળ રાજચંદ્રને માતા દેવમાએ શાક સમારવા આપ્યું. બાળક માતાના કામમાં મદદરૂપ થતો હતો, પરંતુ શાક સમારતાં એની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. દેવમાએ દીકરાની આંખમાં આંસુ જોઈને પૂછયું, ''આ શાક સમારવામાં તને રડવું કેમ આવે છે ?''

વહાલસોયી માતાના આ પ્રશ્નનો શ્રીમદ્ શો ઉત્તર આપે ? એમના હૃદયમાં તો લીલોતરીના જીવો પર અપાર કરુણા વરસી રહી હતી. આ કારણે એમની આંખમાં આંસુની ધારા વહેતી હતી. સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવો પ્રત્યે તાદાત્મ્ય સાધનાર જ્ઞાનીની વેદના સમજે ય કોણ ? જેના હૈયામાં કરુણાનું આવું વિરાટ આકાશ હોય, એ જ એને અનુભવી શકે.

**આમ, અદૃષ્ટ જીવો પ્રત્યેની કરુણા એ શ્રીમદ્ રાજચંદ્રે આ વિશ્વને આપેલો કરુણાનો સર્વોચ્ચ માનદંડ છે.** જૈનદર્શને હજારો વર્ષ પહેલાં વનસ્પતિમાં જીવન જોયું, જે સમયે જગતને એનો કશો ખ્યાલ નહોતો. શ્રીમદ્ રાજચંદ્રએ એ જીવન પ્રત્યે અનુકંપા અનુભવી. આવી આંસુ પ્રગટાવનારી અનુકંપાનો પૂર્વે જગતને ક્યારેય અનુભવ નહોતો.

ધર્મ, અભય અને કરુણા પછી આ સપ્તર્ષિનો ચોથો તારો તે શ્રીમદ્ રાજચંદ્રજીની **કષાયરહિતતા**ની ભાવના છે. આ ભાવનાની ઊંચાઈ અનોખી છે. મતભેદ, મતાગ્રહ, પક્ષભેદ, જાતિ અને વર્ણના ભેદ, સંપ્રદાય અને ફિરકાના ભેદમાં ખૂપેલા જગતને એમણે એક નવું દર્શન આપ્યું. શ્રીમદ્ રાજચંદ્ર અને સાયલામાં વસતા સોભાગભાઈ વચ્ચે વિશિષ્ટ આત્મસંબંધ હતો અને શ્રીમદ્‌ના સત્‌સમાગમમાં સોભાગભાઈને સમ્યક્‌જ્ઞાન અને આત્મદશા વધારવાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત થયો હતો. એક વાર શ્રી સોભાગભાઈના પત્ની રતનબા સામાયિક કરવા જતા હતા. એ સમયે શ્રીમદ્ એમને ત્યાં બેઠા હતા. શ્રીમદ્ રાજચંદ્રએ સવાલ કર્યો, 'તમે ક્યાં જાઓ છો ?'

રતનબાએ કહ્યું, 'સામાયિક કરવા.'

શ્રીમદ્દે કહ્યું, 'તમે મસ્જિદમાં જઈને સામાયિક કરો.'

આ સમયે રતનબાએ સૌરાષ્ટ્રની બોલીના લહેકા સાથે કહ્યું, 'રાયચંદ મેતા તો આવું ને આવું જ બોલે.'

આ રીતે શ્રીમદ્ રાજચંદ્રએ રતનબાને કદાગ્રહ છોડવાનો ઉપદેશ આપ્યો. એમના આ કથનનો મર્મ એ હતો કે કષાયરહિત થવું એ જ ધર્મ છે અને આમ કહીને એમણે રતનબાને ધર્મનું

સાચું સ્વરૂપ સમજાવ્યું હતું.

સત્સંગની વાત તો ઘણા લોકોએ કરી છે, પણ શ્રીમદ્ રાજચંદ્રજીએ **પરમ સત્સંગ** વિશે નવું શિખર આપ્યું. કેટલાક જ્યાં સામૂહિક ભજન અને ભક્તિ ચાલે છે તેને સત્સંગ કહે છે. કેટલાક કથાશ્રવણને સત્સંગ કહે છે. ક્યાંક સારા વિચાર ધરાવતી વ્યક્તિઓનાં આદાન-પ્રદાનને સત્સંગ કહેવામાં આવે છે, પરંતુ શ્રીમદ્ રાજચંદ્ર આ પ્રચલિત ભાવનાને તદ્દન જુદા સ્વરૂપે દર્શાવીને એક આગવું દર્શન આપે છે.

સત્સંગની નવીન વ્યાખ્યા આપતાં તેઓ કહે છે, **"આત્માને સત્યનો રંગ ચઢાવે તે સત્સંગ."** જગતની મહાન વિભૂતિઓએ સદા-સર્વદા સત્યની ઉપાસના કરી છે. સોક્રેટિસ સત્યને કાજે હસતે મુખે ઝેરનો પ્યાલો ગટગટાવી ગયા. મહાત્મા ગાંધીએ સદૈવ સત્યની પ્રતિષ્ઠા કરી. પોતાની આત્મકથાને **'સત્યના પ્રયોગો'** એવું નામ આપીને જીવનનું પરમ લક્ષ્ય સત્યપ્રાપ્તિ છે એવું સૂચન કર્યું. 'પ્રશ્નવ્યાકરણ' નામના આગમગ્રંથમાં કહ્યું છે કે, "સચ્ચં લોગમ્મિ, સારભૂયં, ગંભીરતરં મહીસમુદ્દાઓ" અર્થાત્ "આ લોકમાં સત્ય જ સાર તત્ત્વ છે. તે મહાસમુદ્રથી પણ ગંભીર છે." જ્યારે શ્રીમદ્ રાજચંદ્રજીએ એક સ્થળે એમ કહ્યું, **"પરમ સત્યનું અમે ધ્યાન કરીએ છીએ."**

છઠ્ઠી બાબત છે **નિઃસ્પૃહતા.** સાચી નિઃસ્પૃહતા પ્રગટે ત્યારે જ સાચો ત્યાગ જાગે. જે બાબત શ્રીમદ્ રાજચંદ્રજીના મુનિશ્રી લલ્લુજી (પૂ. શ્રી લઘુરાજ સ્વામી) સાથેના પ્રસંગમાં જોવા મળે છે. મુનિશ્રી લલ્લુજી (પૂ. શ્રી લઘુરાજ સ્વામી) એ સત્સમાગમ થાય તે માટે મુંબઈમાં ચાતુર્માસ કર્યો હતો. એક વાર એમણે પોતાના ત્યાગને દર્શાવવા શ્રીમદ્ રાજચંદ્રને કહ્યું કે, મેં કુટુંબ, વૈભવ, સાધનસંપત્તિ, વૃદ્ધ માતા, બે પત્ની, એક પુત્ર આદિનો ત્યાગ કરીને દીક્ષા લીધી છે.

મુનિરાજના ત્યાગનો આવો ગર્વ ઓગાળી નાખવા શ્રીમદ્ રાજચંદ્ર તાડૂકીને બોલ્યા, "શું ત્યાગ્યું છે ? એક ઘર છોડી કેટલાં ઘર (શ્રાવકોનાં) ગળે નાખ્યાં છે ? બે સ્ત્રીનો ત્યાગ કરી કેટલી સ્ત્રીઓ પ્રત્યે દૃષ્ટિ ફરે છે ? એક પુત્ર ત્યાગી કેટલાં છોકરાં પ્રત્યે પ્રીતિ થાય છે ?"

આ સાંભળી મુનિશ્રી લલ્લુજીને સ્વદોષોનું દર્શન થયું. બાહ્ય ત્યાગનો અહમ્ ઓગળી ગયો. અત્યંત લઘુતાપૂર્વક મુનિરાજે કહ્યું, "હું ત્યાગી નથી."

ત્યાં જ શ્રીમદ્ બોલી ઊઠ્યા, "મુનિ, હવે તમે ત્યાગી છો."

ધર્મ, અભય, કરુણા, કષાયરહિતતા, સત્સંગ અને નિઃસ્પૃહતાની સાથોસાથ એમણે એમના **સમાધિમરણ** દ્વારા પણ એક નવો સંદેશ આપ્યો. આ છે સપ્તર્ષિનો સાતમો તારો.

વિ.સં. ૧૯૫૭ ની ચૈત્ર સુદ - ૪ના દિવસે દેહત્યાગના અગાઉના દિવસે સાયંકાળે શ્રીમદ્‌ના નાનાભાઈ મનસુખભાઈ, રેવાશંકરભાઈ, નરોત્તમભાઈ વગેરેની હાજરીમાં શ્રીમદ્ ચેતવણીરૂપ બોલ્યા,

"તમે નિશ્ચિંત રહેજો, આ આત્મા શાશ્વત છે. અવશ્ય વિશેષ ઉત્તમ ગતિને પ્રાપ્ત થવાનો છે. તમે શાંતિ અને સમાધિપણે પ્રવર્તશો. જે રત્નમય જ્ઞાનવાણી આ દેહ-દ્વારાયે કહી શકવાની હતી તે કહેવાનો સમય નથી. તમે પુરુષાર્થ કરશો."

રાત્રે અઢી વાગ્યે શ્રીમદ્‌ને અત્યંત શરદી થઈ. તે સમયે તેઓશ્રીએ જણાવ્યું : "નિશ્ચિંત રહેજો. ભાઈનું સમાધિ મૃત્યુ છે."

ઉપચાર કરતાં શરદી ઓછી થઈ ગઈ. સવારે સાડા સાત વાગે જે બિછાનામાં શયન કર્યું હતું, તેમાંથી એક કોચ ઉપર ફેરવવા મનસુખભાઈને કહ્યું. મનસુખભાઈને લાગ્યું કે અતિ અશક્તિ હોવાથી

આવો ફેરફાર કરવો નહિ. આ સમયે શ્રીમદે આજ્ઞા કરી કે ત્વરાથી ફેરફાર કર એટલે મનસુખભાઈએ સમાધિસ્થ ભાવે સૂઈ શકાય એવા કોચ ઉપર વ્યવસ્થા કરી.

ચૈત્ર વદ પાંચમનો એ દિવસ. સવારે પોણા આઠ વાગે શ્રીમદ્‌ને દૂધ આપ્યું, એ તેઓએ લીધું. આ સમયે સંપૂર્ણ શુદ્ધિમાં મન, વચન અને કાયા હતાં. પોણા નવ વાગે શ્રીમદે પોતાના નાના ભાઈ મનસુખભાઈને કહ્યું, ''મનસુખ, દુઃખ ન પામતો, માને ઠીક રાખજે. હું મારા આત્મસ્વરૂપમાં લીન થાઉં છું.''

વઢવાણ કેમ્પમાં જે સ્થિતિમાં ઊભા ઊભા ચિત્રપટ પડાવ્યું હતું, બરાબર એ જ સ્થિતિમાં કોચ ઉપર પાંચ કલાક સુધી સમાધિ રહી. પોણા આઠથી બે વાગે પ્રાણ છૂટ્યા ત્યાં સુધી લઘુશંકા, દીર્ઘશંકા, મોઢે પાણી કે આંખે પાણી કે પરસેવો કંઈ પણ જણાતું નહોતું. આવા સમાધિ સ્વભાવે તે પવિત્ર આત્મા અને દેહનો સંબંધ છૂટ્યો. આત્મા છૂટો થયાનાં લેશમાત્ર ચિહ્ન જણાતાં નહોતાં.

જેમ જેમ પ્રાણ ઓછા થવા લાગ્યા તેમ તેમ એમની મુખમુદ્રાની કાંતિ વિશેષપણે પ્રકાશવા લાગી. એ સમયની એમની દેહત્યાગની દશા અન્ય ઉપસ્થિતોને પણ આશ્ચર્ય પમાડતી અને પૂજ્યભાવ ઉત્પન્ન કરતી હતી. એમની મુખાકૃતિ શાંત, મનહર અને ચૈતન્યવ્યાપી લાગતી હતી.

**''નહિ તૃષ્ણા જીવ્યા તણી, મરણ યોગ નહિ ક્ષોભ.''** પોતાની જ આ અંતિમ સંદેશાની પંક્તિને ચરિતાર્થ કરતા શ્રીમદ્‌ને મરણનો ભય ક્યાંથી હોય ? અજર, અમર-અમૃત, આત્માને પામેલા શ્રીમદ્ જેવા પરમ જ્ઞાની તો દેહાતીત હતા.

સં. ૧૯૫૭ ના ચૈત્ર વદી પંચમીના દિને મંગળવારે બપોરના બરાબર બે વાગ્યે રાજકોટમાં આ પરમ મંગલમૂર્તિ, પરમ દિવ્યજ્યોતિ રાજચંદ્રનો આ રાજચંદ્ર નામધારી દેહપર્યાય છૂટી ગયો અને આ પરમ અમૃત રાજચંદ્રની દિવ્ય શાશ્વત આત્મજ્યોતિ ઊર્ધ્વગમન કરી ગઈ. પરંતુ એ જ્યોતિએ પ્રગટાવેલો આત્મપ્રકાશ જગતની અનેક વ્યક્તિઓને ભૌતિકતાની ભીષણ દોડ વચ્ચે અને વિષમ કાળના વેગીલા પ્રવાહ વચ્ચે વિશ્રાંતિરૂપ બની રહ્યો છે.

આમ, અંધારી ઘનઘોર મેઘલી રાતે ઊંચે ઊછળતાં દરિયાઈ મોજાંઓની થપાટોથી આપણી જીવનનૈયા આમતેમ ડોલતી હોય ત્યારે ધર્મ, અભય, કરુણા, કષાયરહિતતા, સત્સંગ, નિઃસ્પૃહતા અને સમાધિમરણના સપ્તર્ષિની ગગનગામી ભાવનાઓનો પ્રકાશ આજે ય આપણા જીવનને જન્મ-જરા-મરણાદિ સર્વ દુઃખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરુષનો મૂળમાર્ગ દર્શાવે છે.

## ધન્ય પ્રભુ !

ધન્ય રે રાજપ્રભુ ! તું મળ્યો, તારી કરવી શી વાત રે,
જોડ જડે જગમાં નહીં, એવો મળિયો તું તાત રે;
ધન્ય રે રાજપ્રભુ !

ગુણ તારા હું શું ગાઉં રે, અલ્પમતિ બાળજીવ રે,
ગુણરત્નાકરે તું ભર્યો, થયો જીવમાંથી શિવ રે;
ધન્ય રે રાજપ્રભુ !

અલ્પ આયુષ્યનો દેહ ધર્યો, ધર્યો પરહિત કાજ રે,
ભવ્ય જીવોના ખુલ્યાં ભાગ્ય રે, કીધાં મેરુ સમ કાજ રે;
ધન્ય રે રાજપ્રભુ !

મેઘવર્ષા પરમાર્થની થઈ પંચમકાળ રે,
ખીલી વસંત અધ્યાત્મની, ઊગ્યો ભાણ અમાસ રે;
ધન્ય રે રાજપ્રભુ !

મૂળમારગ આપ્યો જિનનો, કરવા જીવોનો ઉદ્ધાર રે,
રત્નત્રયી સમજાવીને, કર્યો કેવો ઉપકાર રે;
ધન્ય રે રાજપ્રભુ !

# પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીની સમાધિભાષા
# એક સત્પુરુષને શોધીને...

પ્રા. ચંદાબહેન વી. પંચાલી - બોટાદ

સત્ય, અહિંસા, નિર્ણયદઢતાના અધ્યાત્મ નિનાદ સાથે ભારતની પરમ દિવ્યતાને આંતર-બાહ્ય સ્વતંત્રતા અર્પનાર મહાત્મા ગાંધીજી પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રતિ ભાવાભિવ્યક્તિ આ શબ્દોથી કરે છે - ''મારા જીવનમાં શ્રીમદ્ રાજચંદ્રની છાપ મુખ્યપણે છે. મહાત્મા ટોલસ્ટોય તથા રસ્કિન કરતાં પણ શ્રીમદે મારા ઉપર ઊંડી અસર કરી છે. ઘણીવાર કહીને લખી ગયો છું કે મેં ઘણાના જીવનમાંથી ઘણું લીધું છે પણ સૌથી વધારે કોઈના જીવનમાંથી મેં ગ્રહણ કર્યું હોય તો તે કવિશ્રી (શ્રીમદ્ રાજચંદ્ર)ના જીવનમાંથી છે.'' વૈરાગ્યવારિધિ કૃપાળુદેવ માટે ગાંધીજીની લેખિની છે, ''ખાતાં, બેસતાં, સૂતાં, પ્રત્યેક ક્રિયા કરતાં તેમનામાં વૈરાગ્ય તો હોય જ. કોઈ વખત આ જગતનાં કોઈ પણ વૈભવને વિષે તેમને મોહ થયો હોય એમ મેં નથી જોયું.'' આશુપ્રાજ્ઞ, સાક્ષાત્ સરસ્વતી, અધ્યાત્મવિદ્યાના અપૂર્વ પ્રહરી પ્રતિ રાષ્ટ્રપિતા ગાંધીજી જીવનબોધિની ચતુષ્ટયી આલેખતા મધુર ગિરામાં કહે છે, ''એમના (શ્રીમદ્ રાજચંદ્ર) જીવનમાંથી ચાર ચીજો શીખી શકીએ છે. (૧) શાશ્વત વસ્તુમાં તન્મયતા (૨) જીવનની સરળતા, આખા સંસાર સાથે એકસરખી વૃત્તિથી વ્યવહાર (૩) સત્ય અને (૪) અહિંસામય જીવન''. આ રીતે શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ ચૈતન્યમય ગરિમાસભર જીવનસરિતાના અધ્યાત્મવારિનું સુધારસપાન અનેક મુમુક્ષુએ અનુભવ્યું છે.

શ્રીમદ્ રાજચંદ્રદેવની દિવ્યધ્વનિ પ્રવહે છે, **''બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.''** (પત્રાંક ૭૬) જગતના બાહ્ય શુભ-અશુભભાવમાં આત્મા શોધવા નીકળેલા ભવ્ય જીવાત્માને સત્ય-સુગમ-સરળ અને સહજ પંથ દર્શાવતા પરમકૃપાળુદેવ કહે છે, ''બીજું કાંઈ શોધ મા'' જ્યાં સુધી જીવ બાહ્ય ભાવમાંથી પાછો નહિ ફરે ત્યાં સુધી અધ્યાત્મરાહે કેમ આવી શકે ? અધ્યાત્મમાર્ગે કોરી પાટીની અનિવાર્યતા છે. જ્યાં સુધી વિભાવભાવની પ્રીતિ, સ્નેહ, માન્યતા, અભિપ્રાયની ગંધ આવે છે ત્યાં સુધી દિવ્યપુરુષની સૌરભ માણી શકાતી નથી. માટે જીવાત્માને એક જ સમ્યક્ બોધની વર્ષાનો છંટકાવ કરી હૃદયને ભીંજવે છે. 'બીજું કાંઈ શોધ મા.'

કોરી પાટી થાય પછી જ સુવાચ્ય અક્ષરાંકન થઈ શકે. મમત્વના સ્થાને સમત્વ સ્થાન પામે. જગતતાદાત્મ્ય લય પામતાં આત્મતાદાત્મ્ય સધાય. અહંકાર જતાં નિરાકારતા પ્રગટે. તમસના ત્યાગે પ્રકાશ પ્રગટે. અસત્ ઉલેચાતાં સત્ ઉભરે. દૃષ્ટાંત એ છે કે ગુરુપૂર્ણિમાનો પરમ કલ્યાણકારી મંગલકારી દિવસ હતો. તેજસ્વી દિવ્યભાનુનો ઉદય થયો. સાધકોના હૃદય પવિત્રતાથી પૂર્ણ છે. સાધક સદ્ગુરુના ચરણસ્પર્શથી પાવન થવા પ્રયાણ કરે છે. - **पावका नः सद्गुरुदेवः पावका नः सद्गुरुदेवः** ભીતરીભાવ ઘૂંટાતા જાય છે. સાધકના બંને હાથમાં સદ્ગુરુદેવના ચરણે અર્પિત કરવાના

થેલા છે. આશ્રમમાં પ્રવેશતાં સદ્‌ગુરુદેવની દૃષ્ટિ સાધકના બાહ્ય-આંતરચેતના પર પડી અને સદ્‌ગુરુ આત્મજાગૃતિની જ્યોતિ જગાવવા બોલે છે, 'છોડી દે'. સાધકે જમણા હાથનો થેલો છોડી દીધો. બે પગલા આગળ ચાલ્યો - સદ્‌ગુરુ કારુણ્યભાવથી બોલ્યા 'છોડી દે'. ડાબા હાથનો થેલો છોડી દીધો. ત્રણ પગલા આગળ ચાલ્યો. સદ્‌ગુરુ ચૈતન્ય વીણાના તારને સ્પર્શવા બોલ્યા - 'છોડી દે'. હવે.... બે થેલા તો છોડી દીધા. હવે શું છોડવાનું ? હવે શું બાકી રહ્યું ? સમ્યક્ વિચારણાએ પગ મૂક્યો. સાધક સદ્‌ગુરુની સમ્યક્ દૃષ્ટિ પામી ગયો. મેં જે જે છોડ્યું તે 'મેં છોડ્યું' એવો ભાવ તો મારામાં ગહન ગુપ્ત ગુફામાં પડ્યા છે. ખરેખર એ જ ભાવનું સહજ છૂટવું તે જ ખરેખર છોડ્યું. કોરી પાટી થઈ ગઈ. સદ્‌ગુરુની ભાવસૃષ્ટિમાં સાધક સમાઈ ગયો. 'બીજું કાંઈ શોધ મા.' બધાથી ઉપયોગની પરંપરા હતી તે વણઝાર થંભી ગઈ. ભૂમિકા યથાયોગ્ય વિભૂષિતા બની.

હવે પરમકૃપાળુદેવ ઘોષિત કરે છે, "માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા." જીવાત્મા વિચારણામાં વહે છે. 'માત્ર એક' - એટલું વિચારતા; શિષ્યને એકાગ્રતા સાધેલો કુન્તીપુત્ર અર્જુન સ્મરણમાં આવે છે. તે પાર્થ યૌવનના પગથિયે પગ મોડતો, સ્વયંવરમાં ગયેલો. શરતથી પરિચિત થયેલો છે. તે વિચારે છે માત્ર એક માછલીની જમણી આંખ વીંધવાની છે. નીચે સ્વચ્છ જળથી ભરેલો હોજ-કુંડ છે. તેમાં સ્થંભ છે. ઉપર બે પગ રાખી શકાય તેવા ત્રાજવા છે. ઉપર ફરતી મત્સ્ય છે. નીચે જોઈને ઉપર વીંધવાનું લક્ષ્ય છે. 'માત્ર એક' માત્ર એક - એ કહેવા માગે છે કે અન્ય બધા જ પદાર્થોનો, તથા પદાર્થના મહિમામાંથી ઉપયોગને હટાવીને માત્ર એક ઉપર જ અગ્રતા - એકાગ્રતા સાધ. માટે સદ્‌ગુરુદેવથી 'માત્ર એક' એવા બે શબ્દનું ઉચ્ચારણ થાય છે.

**श्रद्धा परम दुल्लहा** - શ્રદ્ધા પરમ દુર્લભ છે. શ્રદ્ધા લભ્ય તો છે, અલભ્ય નથી. પણ પરમ દુર્લભ છે. યથાયોગ્ય મતિ-ગતિ-વિધિ પછી પ્રાપ્તિ છે. આવ્યા પછી જાય એવી નથી - એટલું અપૂર્વ ખેંચાણ છે. સાધકે સ્વીકાર્યું - બીજું કાંઈ શોધ મા અને માત્ર એક - એ વિધાન પછી આત્મપિપાસુ આત્માર્થી હવે શું ? હવે શું ? થી ઝંકૃત થયેલું હૃદય જાણે ધબકાર વિસરી ગયું છે. પ્રભુ શું મને ફરમાવશે ? ત્યારે ! 'એક સત્પુરુષને શોધીને' સત્પુરુષ એટલે કોણ ? સદ્‌ગુરુદેવની સમજ આપતી ચૈતન્ય ચમત્કારી પુણ્ય સલિલા સરસ્વતી પ્રવહે છે, "સત્પુરુષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે; શાસ્ત્રમાં નથી અને સાંભળ્યામાં નથી, છતાં અનુભવમાં આવે તેવું જેનું કથન છે; અંતરંગ સ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે. બાકી તો કંઈ કહ્યું જાય તેમ નથી અને આમ કર્યા વિના તારો કોઈ કાળે છૂટકો થનાર નથી; આ અનુભવપ્રવચન પ્રમાણિક ગણ." સત્પુરુષને શોધીને - કહીને પરમકૃપાળુદેવ સાધકને બુદ્ધિથી નહિ પણ શ્રદ્ધાથી ભાવિત કરે છે.

હવે સાધક, આત્માનો ઉપયોગ એટલે શું અને નિશદિન એટલે શું ? તેની સમ્યક્ વિચારણામાં એકાગ્ર બને છે. શ્રી અમૃતચંદ્રાચાર્ય લખે છે "**चैतन्यानुविधायीनि परिणामः इति उपयोगः** ચૈતન્યને અનુસાર પરિણામધારા તે ઉપયોગ છે. સત્પુરુષની પરિણતિ નિશદિન ચૈતન્યને અનુસરતી ચાલે છે. ઉપયોગે એક વાર નિજઘરનો સ્પર્શ સાધ્યો છે, સેવ્યો છે એવી

અનુભૂતિથી ભાવિત મહાત્મા સત્પુરુષ છે. જેનું કથન (કહેવું) અનુભવમાં આવે તેવું છે. શાસ્ત્રમાં તે પ્રાપ્ત ન થાય અથવા સાંભળવામાં પણ ન આવે; છતાં અનુભવમાં અવશ્ય આવે તેવું છે.

"પાનીમેં મીનપિયાસી મુજ દેખત આવત હાસી" - આ કથનની ભાવગહનતા શાસ્ત્રમાં ન પ્રાપ્ત થાય પણ અનુભવી શકાય.

"નાવમેં નદિયા ડૂબી જાય" આ પંક્તિની ભાવગરિમા સાંભળ્યામાં અસંભવ લાગે છતાં અનુભવમાં-વેદનામાં આવી શકે છે. શુક્લ અંતઃકરણમાં આ ભાવો વેદી શકાય છે. શ્રદ્ધાના ભાવથી ભાવિત થયેલો આત્માર્થી જાણી લે છે. તેનું જ્ઞાન બુદ્ધિપ્રતિભાથી આગળ વધી શ્રદ્ધાના શણગાર સર્જે છે. શ્રદ્ધાના આભૂષણથી ભૂષિત થાય છે. **શ્રદ્ધા પરમ ભૂષણા** શ્રદ્ધા આભૂષણનું પણ આભૂષણ બને છે. આત્મ-અનુભવ અપૂર્વભાવમાં નિમજ્જન છે.

સંત રાબિયા બેઠા હતા ત્યાં હસન આવ્યા. હસન પાસે પાણી પર ચાલવાની શક્તિ હતી. પાણી ઉપર જમીન પર બેસે તે રીતે બેસી શકતા હતા. સંત રાબિયા પાસે આવીને હસન બોલ્યા, "ચાલો - તળાવની વચ્ચે બેસીને તત્ત્વગોષ્ઠિ કરીએ." રાબિયા સમજી ગયા કે હસન પોતાની શક્તિ પ્રદર્શિત કરવા ઇચ્છા ધરાવે છે. રાબિયા હવામાં ઊડી શકતા હતા. તેમણે કહ્યું, "ચાલો આપણે એ કરતાં ઊંચે આકાશમાં જઈ ગોષ્ઠિ કરીએ." આકાશમાં ઉડવાની શક્તિ હસનમાં ન હતી. તેઓ નીચું જોઈ ગયા. રાબિયા કહે, "મિત્ર ! તમે જે સિદ્ધિની વાત કરો છો તે તો માછલીઓ પાસેય છે અને મેં જે સિદ્ધિની વાત કરી તે માખી પાસેય છે. એ ક્ષુલ્લક વાત છે. તત્ત્વગોષ્ઠિમાં કોઈ બાહ્યસ્પૃહા હોતી નથી. તત્ત્વગોષ્ઠિમાં બાહ્યસિદ્ધિ - પ્રસિદ્ધિની ગુંજાઈશ નથી. સત્ પદાર્થ સિદ્ધિ-પ્રસિદ્ધિથી પર છે."

સત્પુરુષને અંતરંગ સ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે. ગુપ્ત આચરણાને ઓળખવાની દૃષ્ટિ સાધક કેળવે છે. જ્ઞાનીની દશા જોવાય છે. સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકતાં જ્ઞાની થવાય છે. મુમુક્ષુના નેત્રો જ્ઞાનીની ગુપ્ત આચરણાને ઓળખી લે છે.

સાધનાના છ અવરોધક તત્ત્વો છે - રાગ-દ્વેષ-મોહ-લોકસંજ્ઞા જેમાં આત્મપ્રશંસાનો ભાવ હોય-ક્રોધ-આસક્તિ. આ અવરોધક તત્ત્વો સત્પુરુષની નિશ્રામાં વૈરાગ્ય, ક્ષમા, નિર્મોહ દશા સાધનાપ્રેમ, શુદ્ધ ગુણમાં અનન્ય પ્રેમ વગેરેમાં રૂપાન્તરિત થાય છે. સાધક આંતરિક ઊંચાઈને અનુક્રમે સ્પર્શવા આયાસી બને છે. કથનમાં આવી શકે કેટલું ? કાંઈ કહ્યું જાય તેમ નથી. આ ભાવમાં પરમ ગહનતા છુપાયેલી છે. આમ કર્યા વિના કોઈ કાળે (મારો) સાધકનો છૂટકો થનાર નથી. આ ભવે, લાખ ભવે કે અનંત કાળે સાધકને અનિવાર્યપણે સાધવું જ પડશે, અન્યથા મુક્તિ અશક્ય છે. સેવના તે સુલભ છે. સેવન કરવાથી છૂટકો થાય તેમ છે.

'અનુભવ પ્રવચન પ્રમાણિક ગણ.'

હરિન્દ્ર દવે લખે છે કે

"હજી ઊંચે ઊંચે ઈહ જીવનના સ્થૂલ સ્તરથી,
કૃપાના અદ્રિના પરમ શિખરોમાં ગતિ કરું;
તમારા સાન્નિધ્યે રહું ભગવતી, એ જ રટણા,
તમે દોરો એવા પથ પર હું આરોહણ કરું."

પરમ ઝંખનાથી ઝંકૃત થયેલો સાધક સત્પુરુષને શોધીને, કૃપાભાવથી પ્લાવિત થઈને, ઉભો છે. ત્યારે દિવ્યધ્વનિ ઘોષિત થાય છે. 'બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને...

હવે... "તેના ચરણકમળમાં સર્વ ભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા." સત્પુરુષના અસ્તિત્વમાં સાધક પોતાના અસ્તિત્વને ઓળઘોળ કરે છે અને પછી અસ્તિત્વનો અરુણોદય થાય છે. સાધકે સર્વભાવને સદ્‌ગુરુના ચરણે અર્પણ કર્યા... વર્તમાન દશા-વર્તતી વર્તમાન અવસ્થા તેમાં વર્ત્યો જા. ભૂતકાળની વાત નથી. ભવિષ્યકાળની વાત નથી. વર્તમાન વર્તતી પર્યાયમાં વર્ત્યો જા. વર્ત્યો જા. વર્ત્યો જા. સર્વભાવને અર્પણ કર્યા - કોરા કટ. કોઈ માન્યતા નહિ, કોઈ આગળપાછળના અભિપ્રાયો નહિ, કોઈ પરભાવમાં ફેરફાર કરવાની વૃત્તિ નહિ, કોઈ ગુરુત્વ - લઘુત્વ ભાવ નહિ. માત્રને માત્ર વર્તમાન વર્તતી પર્યાય - જે સત્પુરુષમાં નિમજ્જિત થઈ, મીઠાની ગાંગડી-સાગરનું માપ કાઢવા ગઈ, સાગરજળમાં ઓગળી ગઈ - સર્વભાવ સાગરને અર્પાઈ ગયા. ભેદઅભેદમાં, દ્વૈતઅદ્વૈતમાં, અલ્પતાપૂર્ણતામાં પરિવર્તિત થઈ. અસ્તિત્વ ઓગળી ગયું પછી સદ્‌ગુરુની જે ભાવના તે મારી - આવા અપૂર્વ ભાવથી ભાવિત થયો.

એક વ્યક્તિ સદ્‌ગુરુના આશ્રમમાં પ્રવેશે છે. સદ્‌ગુરુ પાસે જઈને પ્રણામ-વંદના કરી કહે છે, "ગુરુદેવ ! મને સાધનામાર્ગ, પરમ પ્રકાશ માર્ગ દર્શાવો." સદ્‌ગુરુ કહે છે, "સામે સાવરણો પડ્યો છે. આશ્રમને સાફ કર. આશ્રમને વાળવાનું કામ કર." વ્યક્તિને સદ્‌ગુરુની આજ્ઞા મળી - શિષ્ય બન્યો. સદ્‌ગુરુની આજ્ઞાને શિરોધાર્ય કરી, પવિત્ર ભાવથી સ્વીકારી, સદ્‌ગુરુમાં સર્વભાવ અર્પણ કર્યા અને સાવરણો લઈને આખા આશ્રમને સાફ રાખવાનું અલખ કાર્ય - આજ્ઞા સ્વીકારી. એક દિવસ-બે દિવસ-એક મહિનો-બે મહિના-એક વર્ષ-બે વર્ષ એવી રીતે સતત એક કાર્યમાં શિષ્ય લાગી ગયો. કોઈ સંકલ્પ-વિકલ્પ, લોકસંજ્ઞા, દેહસંજ્ઞા, સ્વજન સંજ્ઞા નથી. માત્ર સદ્‌ગુરુ પ્રતિ સર્વસ્વ અર્પણતા. આવો પરિપક્વ-યોગ્યતા પ્રાપ્ત શિષ્ય બાર વર્ષ સુધી એક જ કાર્ય કર્યે જ જાય છે. શિષ્યત્વ દૃઢ થાય છે. બાર વર્ષ પછી હવે શું ? કોઈ ભાવ શિષ્યની બુદ્ધિએ કર્યા નથી પણ પરમ શ્રદ્ધાથી ભાવિત થયેલો છે. અન્ય શિષ્યો એવા વ્યર્થ વિચાર કરે છે કે એને આશ્રમમાં કચરો વાળવા સિવાય શું આવડે છે ? તેનામાં બુદ્ધિપ્રતિભા ક્યાં છે ? વગેરે. સદ્‌ગુરુ એક દિવસ ગુરુકુટિરમાંથી બહાર આવી - આશ્રમના છેવાડે કચરો વાળતા શિષ્ય પાસે પ્રસન્ન મુખમુદ્રાથી ધીમે ધીમે પગલા ભરે છે. અન્ય શિષ્યો સદ્‌ગુરુની પ્રસન્ન મુદ્રાને જુએ છે. સદ્‌ગુરુને બાહ્યભાવે અનુસરે છે. સદ્‌ગુરુ શિષ્ય પાસે આવી - સાવરણો હાથમાંથી લઈને દૂર મૂકે છે અને આજ્ઞારૂઢ શિષ્યને ભેટી પડે છે - હવે હું અને તું અભેદ - એક થઈ ગયા, અદ્વૈત સધાયું, અસ્તિત્વમાં ઓગળી જવાયું. આત્મૈક્ય સધાયું. અનુભૂતિ સધાઈ.

સર્વભાવઅર્પણતાનું મૂલ્ય - આત્મ અનુભૂતિ છે. મૂલ્ય ઉપર દૃષ્ટિ નથી. એક નિર્વિકલ્પ અનુભૂતિથી અપૂર્વ દશા છે.

**"પ્રત્યક્ષ સદ્‌ગુરુ પ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર;**
**ત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર."**

**- શ્રી આત્મસિદ્ધિ - ૩૫**

आणाए धम्मो आणाए तवो - આજ્ઞાની અપૂર્વ રુચિ છે. પરમકૃપાળુદેવની ગિરામાં કહીએ, "(૧) આપ્તપુરુષના વચનની પ્રતીતિરૂપ, આજ્ઞાની અપૂર્વ રુચિરૂપ સ્વચ્છંદનિરોધપણે આપ્તપુરુષની ભક્તિરૂપ, એ પ્રથમ સમકિત કહ્યું છે. (૨) પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ તે સમકિતનો બીજો પ્રકાર કહ્યો છે. (૩) નિર્વિકલ્પ પરમાર્થ અનુભવ તે સમકિતનો ત્રીજો પ્રકાર કહ્યો છે."

**- પત્રાંક ૭૫૧**

પરમકૃપાળુદેવે - આત્માર્થીને સહિયારો આપ્યો છે. - સત્પુરુષ (જ્ઞાની)ની આજ્ઞાએ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે. અર્થાત્ અવશ્ય મોક્ષપદની પ્રાપ્તિ તને થશે જ. જે બીજ ઊગી તે પૂર્ણિમા થઈને પરિણમે.

અસ્તિત્વનો અરુણોદય થાય. અસંખ્ય પ્રદેશે દીપક પ્રગટે.

असतो मा सद्गमय, तमसो मा ज्योतिर्गमय,

मृत्योर्मा अमृत गमय સધાય છે. અનંતકાળનું ભવભ્રમણ શાંતતાને પામે. સાદિ અનંત અનંત સમાધિસુખ વેદાય. પરમકૃપાળુદેવ પણ સાક્ષી આપી આપીને આત્માર્થીને જાગૃતિ અર્પતા રહે છે.

**સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;**
**સદ્‌ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય.**

બીજમાં અંકુર થવાની તાકાત - સામર્થ્ય છે, બીજમાંથી પર્ણ થાય છે. પર્ણમાંથી પુષ્પ થાય છે. પુષ્પ હવે ફળ પ્રતિ ઉત્સાહી બને છે. ઝંખના, ઉત્સાહ, પ્રસન્નતા સાથે ફળ સ્વસત્તાને આંબી લે છે. સદ્‌ગુરુના ઉપનિષદમાં ગુરુનું મૌન પણ વ્યાખ્યાન બની જાય છે. શિષ્યત્વ પક્વ થતાં સદ્‌ગુરુ સામા પગલે કારુણ્યભાવથી હસ્ત પ્રસારે છે. પારસમણિથી પણ અધિકતા સત્પુરુષની છે. પોતાના ખોળામાં બેસાડી - સુધાસ્વાદ ચખાડી - સ્વસમાન મૂર્તિને આકારિત કરે છે. શિલ્પી જેમ પથ્થરમાંથી મૂર્તિ આકારિત કરે છે ત્યારે વધારાના પથ્થરને દૂર કરે છે. શિલામાં મૂર્તિને જુએ છે. ટંકોત્કીર્ણ કરે છે. ટાંકણાથી પથ્થરને દૂર કરે છે ત્યારે કેટલા પથ્થર દૂર થયા એમ શિલ્પકારની દૃષ્ટિ નથી. મૂર્તિ કેટલી ઉત્કીર્ણ થઈ તે લક્ષ છે. સદ્‌ગુરુ પણ વિભાવ કેટલો ગયો એમ દૃષ્ટિમાં લેતા નથી. સ્વભાવનું જાગરણ કેટલું થયું તે ધ્યાનમાં લે છે. પછી જેમ પ્રતિમાની પ્રતિષ્ઠા થાય છે તેમ શિષ્યને નિરંજન, નિરાકાર, અનંતગુણપિંડ જ્ઞાયક ભગવાનમાં પ્રતિષ્ઠિત કરે છે.

ભક્તની ભાવદશા સત્પુરુષના ચરણકમળે અર્ઘ્ય રૂપે ધરે છે. શ્રી હરિન્દ્ર દવેની મધુરી વાસળીમાં વહે છે -

"જો નિદ્રા સમ હોય આ જગત તો તું સ્વપ્ન થઈ આવજે,
જો માયા સમ અંધકાર અહીં તો તું તેજધારા બને;
જો મારે બનવું પડે ક્ષણજીવી કો ઓસબિંદુ અહીં,
તો આધાર બની જવા તવ કૃપાનું પુષ્પ ખીલી રહો."

## કેમ કરી ગાઉં રાજ તારા ગુણગાન

**- જશ્મી એ. પીપરીયા (બેંગ્લોર)**

શબ્દોમાં સમાય નહીં એવો તું મહાન (૨)
કેમ કરી ગાઉં રાજ તારા ગુણગાન !
મીઠી મધુર કેવી તારી મુસ્કાન (૨)
કેમ કરી ગાઉં રાજ તારા ગુણગાન.

હો.. કરુણાના સાગર, ધીર ગંભીરા,
સ્નેહ નિતરતા, અમી વરસાવતા (૨)
પલકોમાં તારો... હો...
પલકોમાં તારો પ્રેમ અપાર. (૨) કેમ કરી ગાઉં.

હો... વચન અતિશય જેને પ્રગટ્યા,
વીર ને સિદ્ધિનાં ગુણો જેને વર્યા, (૨)
આતમની રિદ્ધિ... હો...
આતમની રિદ્ધિ અપરંપાર. (૨) કેમ કરી ગાઉં.

હો... દેહે દેહાતીત અવસ્થા તમારી,
સંસારી વેશમાં રહ્યા વીતરાગી (૨)
દશા તમારી હો...
દશા તમારી સહુથી અજાણ (૨) કેમ કરી ગાઉં.

અમે અજ્ઞાની તમને ન ઓળખ્યા,
ભક્તિમાં ઊણા ને કાચા નીવડ્યા (૨)
ક્ષમાવંત પ્રભુ... હો...
ક્ષમાવંત પ્રભુ કરી દેજો માફ. (૨) કેમ કરી ગાઉં.

# આ છે અમારા અણગાર !

## પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રનું અંતરંગ ચારિત્ર અને સાધના...

**સુધીરચંદ્ર સી. મહેતા**

અણગાર એટલે ઘર વિનાના, અણગાર એટલે સર્વસંગપરિત્યાગી સાધુ. નિશ્ચયથી અણગાર એટલે અસંગદશાનો સાધક. બાહ્ય ત્યાગ-દેખીતો ત્યાગ ન હોય તો પણ અંતરંગ પરમ વૈરાગી દશા. જગત પ્રત્યે પરમ ઉદાસીન દશા, સ્વ પ્રત્યે પરમ અસંગ દશા અથવા તે દશાને પ્રાપ્ત કરવા અર્થે જીવનારો ઉત્કૃષ્ટ પુરુષાર્થી સાધક.

'પરમકૃપાળુદેવ'ના વહાલસોયા નામથી તેમના ભક્તોમાં પ્રચલિત અને હૃદયમાં બિરાજમાન શ્રીમદ્ રાજચંદ્રજીનું બાહ્ય તેમજ અંતરંગ જીવન એક માત્ર પરમપદને (પરમાત્મ સ્વરૂપની દશાને) પ્રાપ્ત કરવા માટેનું જ રહ્યું હોય તેમ જણાય છે.

**જન્મ-બાલ્યાવસ્થા :** તેઓશ્રીનો જન્મ મોરબી પાસેના વવાણિયા ગામમાં કારતક સુદ-૧૫ના દિવસે સંવત ૧૯૨૪માં થયો હતો. તેઓશ્રીના પિતાનું નામ મહેતા રવજીભાઈ પંચાણભાઈ હતું અને માતાનું નામ દેવબાઈ હતું. સંસ્કારી અને નીતિપરાયણ માતાપિતાને ત્યાં જન્મોજન્મના યોગી એવા શ્રીમદ્જીનો જન્મ થયો હતો. બાળપણમાં તીવ્ર સ્મરણશક્તિના લીધે સાત વર્ષનો પ્રાથમિક શાળાનો અભ્યાસ માત્ર બે જ વર્ષમાં પૂર્ણ કર્યો. આઠ વર્ષની ઉંમરથી કવિતા લખવાનું શરૂ કર્યું અને પહેલે જ વર્ષે ૫૦૦૦ કડીઓ લખેલી. બીજે વર્ષે (૮ વર્ષે) રામાયણ અને મહાભારત પદ્યમાં લખેલાં અને દસમા વર્ષથી તો વાક્છટા અદ્ભુત ખિલેલી અને વક્તાપણું પ્રાપ્ત કરેલું. ૧૧ મેં વર્ષે ચોપાનિયા-છાપામાં લેખ લખવા માંડ્યાં અને નિબંધ સ્પર્ધાઓમાં ઈનામો પણ પ્રાપ્ત કર્યા.

**જાતિસ્મરણ જ્ઞાન :** સંવત ૧૯૩૧ એટલે સાત વર્ષની વયે વવાણિયામાં પડોશમાં રહેતાં અમીચંદભાઈ સર્પદંશથી મૃત્યુ પામ્યાં. ત્યારે બાળ શ્રીમદ્જીએ પોતાના દાદાજીને મૃત્યુ એટલે શું ? એવો પ્રશ્ન કર્યો હતો. દાદાએ આડી વાતો કરી શિરામણ કરવાનું કહી ભુલાવવા પ્રયત્ન કર્યો પણ તેઓ ભૂલ્યા નહીં. ત્યારે સમજાવ્યું કે "અમીચંદકાકા હવે ખાશે-પીશે નહીં, હાલી-ચાલી કે બોલી શકશે નહીં. તેમાંથી જીવ નીકળી ગયો. તેથી તેને તળાવ પાસેના સ્મશાનમાં બાળી આવશે." પછી પોતે થોડો વખત પસાર કરી ચોરી-છુપીથી તળાવે ગયા અને એક બાવળના ઝાડ ઉપર ચડી ચિતાને સળગતી જોઈ અને મનમાં થયું કે આવા ભલા માણસને બાળી દેવો એ કેવી ક્રૂરતા ગણાય ? આમ વિચાર કરતાં આત્માના જ્ઞાન ઉપરનું આવરણ ખસી ગયું અને ક્રમે કરી પૂર્વ ભવનું જ્ઞાન પ્રાપ્ત થયું, જે જૂનાગઢનો ગઢ જોતાં વિસ્તાર પામી પૂર્વના નવસો ભવનું જ્ઞાન થયું.

આ વિષે શ્રીમદ્જી ૧૯૪૯, કાર્તિક વદ - ૧૨માં લખે છે : "પુનર્જન્મ છે. જરૂર છે. એ માટે હું અનુભવથી હા કહેવામાં અચળ છું."

**શાસ્ત્રાભ્યાસ :** તેર વર્ષની વયથી લગભગ દોઢ-બે વર્ષમાં છએ દર્શન (બૌદ્ધ, જૈન, સાંખ્ય, વેદાંત, નૈયાયિક અને ચાર્વાક)નો અભ્યાસ કરી લીધો. તે સમય દરમ્યાન તેઓશ્રીને ધર્મ શું ?

અને કેમ અચરાય ? જગતકર્તા કોણ ? અલગ અલગ મત-સંપ્રદાયો શા માટે ? અલગ અલગ દર્શનોની મુખ્ય માન્યતા શું ? જન્મ-મરણ કેમ ? અને કોના ? આત્મા શું છે ? તે નિત્ય કે અનિત્ય ? કર્મ શું ? બંધ અને મોક્ષ શું ? વગેરે વિષયો ઉપર નિષ્પક્ષ, તટસ્થ અને સર્વાંગી વિચારો કર્યા. તેના ફળ સ્વરૂપે વીતરાગ દર્શન (જૈન)ને સર્વશ્રેષ્ઠ અને ન્યાયિક રીતે સંપૂર્ણ સ્વીકાર્યું. આ વિચારધારાનું બીજું પરિણામ એ આવ્યું કે જગત અને જગતના પદાર્થો, દેહ અને તેના સંબંધો તથા પ્રાપ્ત પરિસ્થિતિ વિષે તેમને અદ્‌ભુત વૈરાગ્ય પ્રાપ્ત થયો. તે એવો કે ભગવાન રામને આઠ વર્ષની વયે જેવો વૈરાગ્ય હતો (જુઓ યોગવાસિષ્ઠ રામાયણ) તેવો વૈરાગ્ય તેમને પ્રાપ્ત થયો.

**મોક્ષમાળા અને ભાવનાબોધનું સર્જન :** વવાણિયામાં જૈન સાધ્વીજી મહારાજ આવેલા. તેમની સાથે ધર્મચર્ચા દરમ્યાન પૂ. મહાસતીજી-સાધ્વીજી મહારાજની વિનંતીથી ૧૬ વર્ષને ૫ માસની ઉંમરે **મોક્ષમાળા બાલાવબોધ**ના ૧૦૮ શિક્ષાપાઠ લખ્યાં અને તેના આગોતરા ગ્રાહક થયાં. તેમને છપાઈકામમાં ધાર્યા કરતાં મોડું થયું તેથી ઉપહારરૂપે **ભાવનાબોધ** લખ્યું. બન્ને પુસ્તકોથી સત્ય ધર્મ વિષે સાચી શ્રદ્ધા, સાચી સમજણ અને સાચા આચરણ દ્વારા મોક્ષમાર્ગની પ્રાપ્તિ સત્‌જિજ્ઞાસુને થાય તે હેતુથી, જૈનદર્શનના ગહન તત્ત્વજ્ઞાનને માપી માપીને, સૌ જૈન-જૈનેતર સારી રીતે સમજી શકે તેવું આલેખન કરી મોક્ષની પ્રસાદી આપી; જેમાં સત્‌દેવ-ધર્મ-ગુરુની યથાર્થ સમજણ ઉપરાંત માનવદેહની મહત્તા, સત્સંગ, ભક્તિ, પરિગ્રહને સંકોચવો, રાત્રિભોજનનો ત્યાગ, પ્રત્યાખ્યાન, સામાયિક, પ્રતિક્રમણ, પ્રમાદ, રાગ, માન (અહંકાર), વૈરાગ્ય અને તત્ત્વાવબોધના ૧૭ પાઠ, જ્ઞાન સંબંધી ૪ પાઠ અને ધર્મધ્યાન સંબંધી ૩ ભાગમાં સમજણ આપી.

**ગૃહસ્થાશ્રમ, અવધાન, જ્યોતિષજ્ઞાન અને વ્યવસાય :** શ્રીમદ્‌જીને ગૃહસ્થાશ્રમ અણગમતો - કારમો અને પ્રપંચરૂપ લાગતો હતો તે તેમના સ્વવૃત્તાંત કાવ્ય પરથી જાણી શકાય છે. **"ત્યાં આવ્યો રે ઉદય કારમો, પરિગ્રહ કાર્ય પ્રપંચ રે, જેમ જેમ તે હડસેલીયે, તેમ વધે ન ઘટે એક રંચ રે... ધન્ય રે દિવસ"** તેમ છતાં પૂર્વોપાર્જિત કર્મોને ભોગવ્યા વગર નિવૃત્ત નહીં થઈ શકાય તેમ જાણી, તે કર્મોને ભોગવીને નિવૃત્ત થવા સંવત ૧૯૪૪ના મહા સુદ - ૧૨ના રોજ મોરબી મુકામે શ્રી પોપટલાલભાઈના સુપુત્રી ઝબકબાઈ સાથે લગ્ન થયાં. તે જ રીતે પરમ વૈરાગ્યમય દશા હોવા છતાં સ્વજનોના ઋણ ચુકવવા તથા પૂર્વોપાર્જિત કર્મો ભોગવીને નિવૃત્ત થવા મુંબઈમાં હીરા-માણેક-મોતીનો વેપાર કર્યો. તેમાં ભાગીદાર તરીકે તેમના કાકાજી સસરા શ્રી રેવાશંકર જગજીવનભાઈ તથા રંગૂનના માણેકલાલ ઘેલાભાઈ હતા.

નાનપણથી જ સ્મરણશક્તિ અતિ તીવ્ર હોવાને લીધે, સં. ૧૯૪૦ માં ૧૬ વર્ષે મોરબી ઉપાશ્રયમાં શંકરલાલ શાસ્ત્રીના અષ્ટાવધાન જોયાં પછી પોતે મોરબીમાં ૮ તથા ૧૨ અવધાન કર્યાં. બોટાદ, જેતપુર અને અમદાવાદમાં ૫૨ અવધાન કર્યાં અને મુંબઈમાં ફરામજી કાવસજી ઈન્સ્ટીટ્યુટમાં યુરોપિયન લોકો અને ન્યાયાધીશની હાજરીમાં ૧૦૦ અવધાન કર્યાં. અવધાન એટલે ૮, ૧૨, ૫૨ કે ૧૦૦ વિષય ઉપર એકી સાથે ધ્યાન કેન્દ્રિત કરવું અને વચ્ચે ગમે તે વિષય વિષે પૂછવામાં આવે ત્યારે તે યથાર્થ કહી બતાવવો. આવી અદ્‌ભુત શક્તિનો પરિચય મેળવ્યા પછી તેઓશ્રીને લંડન જવાનું આમંત્રણ મળ્યું છતાં

તેઓએ નમ્રતાપૂર્વક અસ્વીકાર કર્યો, એટલું જ નહીં, આત્મપ્રાપ્તિમાં વિઘ્નરૂપ લાગવાથી અવધાન કરવાનું બંધ કર્યું.

મુંબઈના સો અવધાન કરતાં ભારતના મહાન જ્યોતિષીઓના સંપર્કમાં તેઓ આવ્યા અને જ્યોતિષનું ઉચ્ચ કોટિનું જ્ઞાન અને પૂર્વધારી ભદ્રબાહુસ્વામી કૃત **'ભદ્રબાહુસંહિતા'** માત્ર બે જ માસમાં અવગાહી ગયા અને ભારતમાં તે વખતે જવલ્લેજ કોઈને તે જ્ઞાન હોય, તેવું જ્ઞાન તેઓશ્રીને પ્રાપ્ત હતું. ભારતના દસ મહા સમર્થ જ્યોતિષીઓએ તેઓની જન્મકુંડળી જોઈ તેને પરમેશ્વર ગ્રહ ઠેરવ્યાં હતાં. આટલું ઉચ્ચ કોટિનું જ્યોતિષજ્ઞાન પણ આત્મપ્રાપ્તિમાં વિક્ષેપરૂપ જણાતાં ત્યાગ કર્યો.

ઉપરોક્ત જીવન તે બાહ્ય જીવનની ઝાંખી છે. અંતરમાં ઝળહળતો વૈરાગ્ય હોવા છતાં બાહ્યમાં કર્મના ઉદયને કારણે જીવનના વ્યવહાર કરવા પડ્યા, પણ તે સૌ ઉદાસીનભાવે અને નવા કર્મો ન બંધાય અથવા અતિ અતિ મંદ બંધાય તે રીતે પોતે જીવ્યાં. પણ તેમનું સાચું અણગારત્વ જાણવા-સમજવાં તેમનું અંતરંગ ચારિત્ર જ જાણવું રહ્યું.

એક સંનિષ્ઠ અણગારનું અંતર કેવું હોવું જોઈએ ? તેનો જન્મમરણથી મુક્ત થવાનો નિશ્ચય કેવો હોવો જોઈએ ? તેનો પુરુષાર્થ કેવો હોવો જોઈએ ? તેની ધર્મ-યથાર્થ ધર્મ-નિશ્ચય, વ્યવહાર રૂપ ધર્મની શ્રદ્ધા કેવી અખંડ હોવી જોઈએ ? તેના જવાબ અંતરચારિત્ર ઉપર નજર કરતાં જણાઈ આવે છે. તે માટે તેઓશ્રીએ કરેલ (૧) આત્મમંથન (૨) આત્મપ્રાપ્તિનો નિશ્ચય, પ્રતિજ્ઞા અને પુરુષાર્થ તથા (૩) અંતરચારિત્ર અને પરમાત્માની પ્રાપ્તિને વિચારતાં સન્નિષ્ઠ અણગારત્વના દર્શન થાય છે. તે દર્શનને નિષ્પક્ષ રીતે જાણીએ.

**[૧] આત્મમંથન :** ૧૭ વર્ષની ઉંમર પહેલા પોતે આંક ૭માં લખે છે : (૧) જે મહાકામ માટે તું જન્મ્યો છે, તે મહાકામનું અનુપ્રેક્ષણ કર. (૪) દૃઢ યોગી છો, તેવો જ રહે. (૭) મહાગંભીર થા. (૯) યથાર્થ કર. (૧૦) કાર્યસિદ્ધિ કરીને ચાલ્યો જા. ૨૧મા વર્ષે આંક - ૩૭માં લખે છે, "એક ભવ જો આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે, તો અનંત ભવનું સાટું વળી રહેશે, એમ હું લઘુત્વભાવે સમજ્યો છું; અને તેમ કરવામાં જ મારી પ્રવૃત્તિ છે." વળી લખે છે, "જગતમાંથી જે પરમાણુ પૂર્વકાળે ભેળાં કર્યાં છે તે હળવે હળવે તેને આપી દઈ ઋણમુક્ત થવું, એ જ તેની (શ્રીમદ્‌જીની) સદા સઉપયોગી, વહાલી, શ્રેષ્ઠ અને પરમ જિજ્ઞાસા છે." ૨૨માં વર્ષે આંક - ૭૧માં જણાવે છે : "સર્વ શાસ્ત્રના બોધનું, ક્રિયાનું, જ્ઞાનનું, યોગનું અને ભક્તિનું પ્રયોજન સ્વસ્વરૂપપ્રાપ્તિને અર્થે છે; અને એ સમ્યક્‌શ્રેણિઓ આત્મગત થાય, તો તેમ થવું પ્રત્યક્ષ સંભવિત છે.... બાહ્યભાવે ગૃહસ્થ શ્રેણિ છતાં અંતરંગ નિર્ગ્રંથશ્રેણિ જોઈએ, અને જ્યાં તેમ થયું છે ત્યાં સર્વ સિદ્ધિ છે... આત્મત્વ જે અનુપ્રેક્ષાથી, જે દર્શનથી કે જે જ્ઞાનથી પ્રાપ્ત થાય તે અનુપ્રેક્ષા, તે દર્શન કે તે જ્ઞાન સર્વોપરી છે; અને જેટલા આત્મા તર્યા, વર્તમાને તરે છે, ભવિષ્યે તરશે તે સર્વ એ એક જ ભાવને પામીને. આપણે એ સર્વ ભાવે તે પામીએ એ મળેલા અનુત્તર જન્મનું સાફલ્ય છે." વર્ષ ૨૩માં જણાવે છે : આંક ૧૦૮ "હે જીવ, તું ભ્રમા મા, તને હિત કહું છું. અંતરમાં સુખ છે, બહાર શોધવાથી મળશે નહીં." આંક ૧૨૮માં અંતર્જ્ઞાનથી સ્મરણ કરતાં ભ્રાંતિગતપણે

પરિભ્રમણ કર્યું તેમાં પોતાની ભૂલોનું જે ચિંતનાત્મક વર્ણન છે તેમાં મુખ્યત્વે સંકલ્પ-વિકલ્પ, આધિ-વ્યાધિ-ઉપાધિમાં થયેલ એકત્વબુદ્ધિ અને તેના પરિણામે થયેલું આત્મવિસ્મરણ, સ્વચ્છંદ વર્તના, કષાયયુક્ત પરિણામો અને રાગદ્વેષના ભાવો તથા તેવી પ્રવૃત્તિથી છૂટવારૂપ મંથન છે. લખે છે, "જે જે પૂર્વનાં ભવાંતરે ભ્રાંતિપણે ભ્રમણ કર્યું; તેનું સ્મરણ થતાં હવે કેમ જીવવું એ ચિંતના થઈ પડી છે." આંક - ૧૩૩માં જણાવે છે કે રાત્રિ અને દિવસ એક પરમાર્થ વિષયનું જ મનન રહે છે, આહાર પણ એ જ છે, નિદ્રા પણ એ જ છે, શયન-સ્વપ્ન-ભય-ભોગ-પરિગ્રહ-ચલન-આસન સર્વે એ જ છે. હાડ, માંસ અને તેની મજ્જાને એક જ એ જ રંગનું રંગન છે અને તેને લીધે નથી કંઈ જોવું - સૂંઘવું - સાંભળવું - સ્પર્શવું - બોલવું કે મૌન રહેવું ગમતું.

**[૨] આત્મપ્રાપ્તિનો નિશ્ચય, પ્રતિજ્ઞા અને પુરુષાર્થ :** પત્રાંક ૧૨૮માં જણાવે છે, "પણ કેટલીક નિરુપાયતા છે ત્યાં કેમ કરવું ? જે દૃઢતા છે તે પૂર્ણ કરવી; જરૂર પૂર્ણ પડવી એ જ રટણ છે, પણ જે કંઈ આડું આવે છે, તે કોરે કરવું પડે છે, અર્થાત્ ખસેડવું પડે છે, અને તેમાં કાળ જાય છે. જીવન ચાલ્યું જાય છે, એને ન જવા દેવું, જ્યાં સુધી યથાયોગ્ય જય ન થાય ત્યાં સુધી, એમ દૃઢતા છે તેનું કેમ કરવું ?... તેવા સંતો ક્યાં છે, કે જ્યાં જઈને એ દશામાં બેસી તેનું પોષણ પામીએ ? ત્યારે હવે કેમ કરવું ?" અહીં ઉદયકર્મો સામે નિરુપાયતા છે, તેમ તેની સામે આત્મ સામર્થ્યની દૃઢતા પણ છે. આત્મવિચાર વગરનો સમય વેડફવો તે પાલવતું નથી. હવે જે નિશ્ચય પ્રગટપણે કહે છે તે અદ્‌ભુતાદ્‌ભુત છે, "ગમે તેમ હો, ગમે તેટલાં દુઃખ વેઠો, ગમે તેટલા પરિષહ સહન કરો, ગમે તેટલા ઉપસર્ગ સહન કરો, ગમે તેટલી વ્યાધિઓ સહન કરો, ગમે તેટલી ઉપાધિઓ આવી પડો, ગમે તેટલી આધિઓ આવી પડો, ગમે તો જીવનકાળ એક સમય માત્ર હો, અને દુર્નિમિત્ત હો, પણ એમ કરવું જ. ત્યાં સુધી હે જીવ ! (પોતે પોતાને કહે છે) છૂટકો નથી." આવા દૃઢ નિશ્ચયને પરિપૂર્ણ કરવારૂપ પુરુષાર્થ ઉપાડવા માટે પ્રતિજ્ઞાનું બળ પ્રગટ કરે છે. આગળ જણાવે છે કે ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવવૃત્તિ નથી જોઈતી. અમુક કાળ સુધી શૂન્ય - તે ન હોય તો સંત - તે ન હોય તો સત્સંગ - તે ન હોય તો આર્ય પુરુષોએ કરેલાં આચરણ - તે ન હોય તો જિનભક્તિમાં અતિ શુદ્ધ ભાવે લીનતા અને તે ન હોય તો પછી માગવાની ઈચ્છા પણ નથી. આ જ પત્રમાં આગળ ટંકોત્કીર્ણવત્ પ્રતિજ્ઞા કે એવી પ્રતિજ્ઞા પ્રાયે ક્યાંય વાંચવામાં આવી નથી, તેવી શ્રીમદ્‌જી પ્રકાશે છે... "પરિભ્રમણ કરાયું તે કરાયું. હવે તેનાં પ્રત્યાખ્યાન લઈએ તો ? લઈ શકાય." આવો જ નિશ્ચય અને પુરુષાર્થ તેઓશ્રીના કાવ્યમાં રજૂ થાય છે.

"એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથરૂપ જો;
તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુઆજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો."

**[૩] અંતરચારિત્ર અને પરમાત્મપદની પ્રાપ્તિ :** વર્ષ ૨૪માં પત્રાંક ૧૭૦માં જણાવે છે : "આત્મા જ્ઞાન પામ્યો એ તો નિઃસંશય છે, ગ્રંથિભેદ થયો એ ત્રણે કાળમાં સત્ય વાત છે." પત્રાંક - ૧૮૭માં કહે છે, "પ્રાપ્ત થયેલા સત્‌સ્વરૂપને અભેદભાવે અપૂર્વ સમાધિમાં સ્મરું છું." પત્રાંક - ૨૫૫માં લખે છે, "અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ

છીએ.'' પત્રાંક - ૨૯૧માં લખે છે : ''આત્મા બ્રહ્મસમાધિમાં છે. મન વનમાં છે. એકબીજાના આભાસે અનુક્રમે દેહ કંઈ ક્રિયા કરે છે.'' **૨૫મા વર્ષની વિગત :** પત્રાંક - ૩૧૩માં લખે છે : ''સમયે સમયે અનંતગુણવિશિષ્ટ આત્મભાવ વધતો હોય એવી દશા રહે છે.'' પત્રાંક - ૩૨૨માં લખે છે કે : ''અમને જે નિર્વિકલ્પ નામની સમાધિ છે, તે તો આત્માની સ્વરૂપપરિણતિ વર્તતી હોવાને લીધે છે... કારણકે જે અમારું અનુભવજ્ઞાન તેનું ફળ વીતરાગપણું છે અને વીતરાગનું કહેલું જે શ્રુતજ્ઞાન તે પણ તે જ પરિણામનું કારણ લાગે છે; માટે અને તેના (મહાવીર-વીતરાગના) અનુયાયી ખરેખરા છીએ, સાચા છીએ.'' પત્રાંક - ૩૪૭ : ''અમે કે જેનું મન પ્રાયે ક્રોધથી, માનથી, માયાથી, લોભથી, હાસ્યથી, રતિથી, અરતિથી, ભયથી, શોકથી, જુગુપ્સાથી કે શબ્દાદિક વિષયોથી અપ્રતિબંધ જેવું છે; કુટુંબથી, ધનથી, પુત્રથી, 'વૈભવથી', સ્ત્રીથી કે દેહથી મુક્ત જેવું છે.'' પત્રાંક - ૪૧૧ : ''અશરીરીભાવપણે આત્મસ્થિતિ છે તો તે ભાવનયે ચરમશરીરીપણું નહીં, પણ સિદ્ધપણું છે; અને તે અશરીરીભાવ આ કાળને વિષે નથી એમ અત્રે કહીએ, તો આ કાળમાં અમે પોતે નથી, એમ કહેવા તુલ્ય છે.'' આવા દેહાતીત દશાના સ્વામી પત્રાંક - ૬૮૦માં લખે છે : ''જેની (શ્રીમદ્જીની) મોક્ષ સિવાય કોઈ પણ વસ્તુની ઈચ્છા કે સ્પૃહા નહોતી અને અખંડ સ્વરૂપમાં રમણતા થવાથી મોક્ષની ઈચ્છા પણ નિવૃત્ત થઈ છે, તેને હે નાથ ! તું તુષ્ટમાન થઈને પણ બીજું શું આપવાનો હતો ?'' આવા નિઃસ્પૃહ મહાત્મા, સંસારતાપથી ત્રાસ પામેલા અને કર્મબંધનથી મુક્ત થવા ઈચ્છનારને જ્ઞાનીને શરણે જવાની સલાહ (આજ્ઞા) કરે છે. પોતાની દશા દર્શાવતાં નિષ્કારણ કરુણાશીલ શ્રીમદ્જી લખે છે ''... વધારે શું કહેવું? આ વિષમકાળમાં પરમ શાંતિના ધામરૂપ અમે બીજા શ્રીરામ અથવા શ્રી મહાવીર જ છીએ, કેમકે અમે પરમાત્મસ્વરૂપ થયા છીએ.'' આ સાથે જરૂરી ખુલાસો પણ કર્યો છે કે ''આ અંતર અનુભવ પરમાત્મપણાની માન્યતાના અભિમાનથી ઉદ્ભવેલો લખ્યો નથી, પણ કર્મબંધનથી દુઃખી થતા જગતના જીવોની પરમ કારુણ્યવૃત્તિ થવાથી તેમનું કલ્યાણ કરવાની તથા તેમનો ઉદ્ધાર કરવાની નિષ્કારણ કરુણા એ જ આ હૃદયચિતાર પ્રદર્શિત કરવાની પ્રેરણા કરે છે.''

આવું અંતરચરિત્ર ધરાવનાર સત્પુરુષને આપણા સૌના શત શત વંદન હો !

॥ ૐ શાંતિઃ ॥

## રાજ પધાર્યા આંગણે

**રચયિતા : બા.બ્ર. અલકાબેન**

ભાવભક્તિના મોતીએ વધાવો, પ્રભુજી પધાર્યા આંગણે,
હૃદયમંદિરના દ્વાર ઉઘાડો, રાજ પધાર્યા આંગણે,
રાજ પધાર્યા આંગણે, પ્રભુજી પધાર્યા આંગણે.
પ્રભુજીના ચરણે મસ્તક મૂકી, વારંવાર નમાવજો,
અહંકારને બહાર કાઢી, હૃદયને પાવન રાખજો,
અણમોલો અવસર સંભારી, જીવન ધન્ય બનાવજો.
રાજવચનને વાંચી વિચારી, જિનવચનોને જાણજો,
વચનામૃતનો મર્મ ઉતારી, આતમભાવના ભાવજો,
સંતચરણનો આશ્રય પામી, આતમસિદ્ધિ પામજો.
સદ્ગુરુ મહિમા ઉરમાં આણી, સેવા ચરણની માગજો,
તન-મન-ધનની ભેટ ચઢાવી, શરણે જીવન રાખજો,
સંતચરણનો આશ્રય પામી, આતમસિદ્ધિ પામજો.

• • •

# શ્રીમદ્ રાજચંદ્રજીનું પરમ હિતકારક સાહિત્યસર્જન

**વિભાબેન એસ. મહેતા**

વિરલ સ્વરૂપનિષ્ઠ ધર્માત્મા, પરમકરુણાનિધાન મહાપુરુષ એટલે શ્રીમદ્ રાજચંદ્ર. શ્રીમદ્ એટલે અધ્યાત્મ-ગગનમાં ઝળકી રહેલી એક વિરલ વિભૂતિ. અધ્યાત્મ-યાત્રી, જ્ઞાનજ્યોતિર્ધર, મહાન તત્ત્વજ્ઞ, પરમ જ્ઞાનભાસ્કર, જ્ઞાનમૂર્તિ એવા શ્રીમદ્ રાજચંદ્રજીનો જન્મ સંવત ૧૯૨૪ના કાર્તિકી પૂર્ણિમાના દિવસે વવાણીઆ ગામ મધ્યે થયો હતો. તેમનું પૂર્વાશ્રમનું નામ રાયચંદભાઈ હતું. તેમના પિતાનું નામ રવજીભાઈ તથા માતાનું નામ દેવબાઈ હતું.

શ્રીમદ્ રાજચંદ્ર પૂર્વના આરાધક અને જ્ઞાન સંસ્કારનો ભવ્ય વારસો લઈને, પૂર્વની જે અધૂરી રહેલી સાધના હતી તેનું અનુસંધાન કરીને તે સાધનાને આગળ વધારવા માટે જન્મ્યા હતા. કોઈ પ્રારબ્ધયોગે ગૃહસ્થજીવન સ્વીકારવું પડેલું. ગૃહવેષમાં રહીને પણ તીવ્રવેગે સાધના કરતી વખતે તેમને થયેલા ઊંડા સંવેદનો કે અંતરશુદ્ધિમાંથી પ્રગટેલી જ્ઞાનજ્યોતિની નોંધ સદ્‌ભાગ્યે તેમના અંગત લખાણો કે પત્રવ્યવહારમાંથી મળી આવે છે. તેમની ચિંતન કણિકાઓ પ્રેરણાનું પાન કરાવનારી અને માર્ગદર્શન રૂપ બની રહે છે. આવા દિવ્યગુણ-સંપન્ન, સાક્ષાત્ જ્ઞાનાવતાર હોવાથી શ્રીમદ્ રાજચંદ્ર 'પરમકૃપાળુદેવ' અને 'શ્રીમદ્' યથાર્થ નામને પામ્યા હતા. આવા પરમકૃપાળુદેવનું આત્મસ્પર્શી જીવન અને કવન કોઈ પણ આત્માને સાચા આત્મકલ્યાણના માર્ગે ચઢાવી પરમ કલ્યાણકર થઈ પડે તેવું છે. કૃપાળુદેવનું કવન તો આત્માના અગાધ ઊંડાણમાંથી સહજ સ્વભાવે સ્ફૂરિત થતું આત્માનુભૂતિમય હોવાથી, કોઈપણ આત્માર્થી આત્માના અંતરને સ્પર્શી જાય છે.

શ્રીમદ્‌નું વ્યક્તિત્વ મુખ્યત્વે આધ્યાત્મિક રહ્યું છે. તેઓ એક મહાન સંત જ નહિ પણ એક પ્રબુદ્ધ કેળવણીકાર, જન્મજાત કવિ, લોકોત્તર સ્મરણશક્તિના ધારક, વિશિષ્ટ તર્કશક્તિના સ્વામી, ભારતીય સંસ્કૃતિના એક વિશિષ્ટ જ્યોતિર્ધર હતા. શ્રીમદ્‌નો આત્મદર્શન યુક્ત આત્મા પોતાની મૂળ વિશુદ્ધ, સંપૂર્ણ વિશુદ્ધ, આત્મ વિશુદ્ધ પ્રત્યે ક્ષણે ક્ષણે વર્ધમાનતાએ ગતિ કરતો કરતો સંપૂર્ણપણે પરભાવ - પરપદાર્થ આદિથી મુક્ત થઈ, એક નિજ સ્વભાવમય, નિજ અનુભવમય, નિજ વિશુદ્ધ ભાવમાં સ્થિત થાય છે. સર્વ દુ:ખોથી સર્વકાળને માટે મુક્ત થઈ શાશ્વતપણે નિજ શુદ્ધાત્મસુખના સ્વસંવેદનની પરિપૂર્ણતા પામે છે. આવા પ્રયોગોનું દર્શન શ્રી સદ્‌ગુરુ યોગે અનેક ભક્ત જીવાત્માઓના જીવનમાં આપણને સાંપડે છે. જગતના જીવોના કલ્યાણાર્થે, સદ્‌ધર્મના ઉદ્ધારાર્થે અનેક મુમુક્ષુઓને મુંઝવતા ગૂઢ પ્રશ્નોનું સ્પષ્ટીકરણ કર્યું છે. પોતાના અનુભવયુક્ત પ્રત્યુત્તર આપતા પોતાના અંતરના ભાવો સ્પષ્ટ કર્યા છે. પોતાની અંતર આત્મસ્થિતિ અને આત્માનુભવો તથા તે અર્થેના પુરુષાર્થની શ્રેણી આદિ સુસ્પષ્ટપણે આલેખ્યાં છે, પ્રરૂપ્યાં છે. આત્મદર્શનના અભિલાષી મુમુક્ષુ આત્માઓના કલ્યાણાર્થે એક અનન્ય, અલભ્ય, સહાયક સાધનરૂપ, અનેકવિધ પાસાને સ્પર્શતું પણ એક નિજ, આત્મવિશુદ્ધિલક્ષી સાહિત્ય આપી આ જગત પર પરમ ઉપકાર કર્યો છે.

આજન્મ કવિ શ્રીમદ્‌નું હૃદય ખૂબ સંવેદનશીલ અને ઊર્મિપ્રધાન હતું. કવિએ કવિતા લેખનનો મંગલ પ્રારંભ આઠમા વર્ષથી કર્યો હતો. નાન નાના વિષયોને કાવ્યમાં સરસ ઢબથી ગોઠવી રચના કરી હતી. આ વર્ષમાં જ તેમણે આશરે ૫૦૦૦ શ્લોકોની રચના કરી હતી. દશ વર્ષની ઉંમરે એમના વિચારો એક અનુભવીને છાજે તેવા હતા. અગિયારમાં વર્ષે તેમણે ચોપાનિયામાં લેખ લખવા માંડ્યા હતા. ચિંતનાત્મક નિબંધો લખી યોગ્ય ઈનામો પણ મેળવ્યા હતા. બાર વર્ષની વયમાં એમની કવિત્વશક્તિ રૂડી રીતે ખીલી નીકળી. ત્રણ દિવસમાં એક ઘડિયાના વિષય ઉપર ત્રણસો શ્લોકો તર્કથી ઉપજાવી કાઢ્યા હતા. રામાયણ અને મહાભારત ઉપર સંક્ષેપથી કાવ્ય રચ્યું હતું. આઠ વર્ષની ઉંમરથી શરૂ થયેલું તેમનું સર્જનકાર્ય સમયના વહેવા સાથે વધતું ગયું. શ્રીમદ્દે લખેલાં લખાણો તે સમયના વર્તમાનપત્રો તથા માસિકોમાં વારંવાર છપાતાં હતા. પંદર-સોળ વર્ષની ઉંમરથી જ કવિ તરીકેની ખ્યાતિ તેમને મળી હતી.

વીસ વર્ષની ઉંમર સુધીમાં તેઓએ રચેલા કાવ્યો, અવધાનપ્રસંગની અનેકવિધ કાવ્ય-રચનાઓ, તેમજ પ્રખર સમાજસુધારક તરીકેની ખ્યાતિ તેઓએ પ્રાપ્ત કરી હતી. સં. ૧૯૪૦માં સ્ત્રીસુધારણા હેતુ વિવિધ ગરબીઓમાં રચાયેલ **'સ્ત્રી નીતિબોધક ગરબાવલી'**ની રચના કરી. સ્ત્રી કેળવણી અંગેની જાગૃતિ આટલી નાની ઉંમરે રચેલી કૃતિમાં તેમનામાં રહેલી વિચારોની ઉચ્ચતા, પરિપક્વતા, સ્પષ્ટતા, ઉપયોગિતા, આશ્ચર્ય પમાડે એવાં છે. દેશપ્રેમથી છલકાતા અને દેશદાઝથી દ્રવતા પ્રખર દેશપ્રેમી તરીકેની રચનાઓ જેવી કે, **'સ્વદેશીઓને વિનંતી'**, **'આર્યપ્રજાની પડતી'**, **'ખરો શ્રીમંત કોણ'**, **'વીર યોદ્ધા સ્મરણ'**, **'આર્યભૂમિના પુત્રો'** વગેરે સમાજસેવા તેમજ દેશદાઝથી ઝળકતી પદ્ય રચનાઓ તેમની સ્વદેશ ભક્તિ તથા સમાજસુધારકવૃત્તિનો પરિચય આપે છે.

આ સિવાય તે જ ગાળામાં તેમણે રચેલું અન્ય ગદ્ય સાહિત્ય ધર્મ સંબંધી છે. જેમાં ૧૦૦૦ થી ૧૨૦૦ જેટલા નીતિવચનો, બોધવચનો તેમજ ધર્મ અને તત્ત્વજ્ઞાનના સૂત્રોને ગ્રંથિત કરતી **'પુષ્પમાળા'** છે. એકસો આઠ સૂત્રોથી ગૂંથેલી, એકસો આઠ મણકા પરોવેલી મંગલમયી પુષ્પમાળા પ્રથમ દર્શને જાણે કોઈ પ્રાચીન ઋષિ-મુનિ સૂત્રનિપાત કરતાં હોય તેવો ભાસ આપે છે. પ્રાતઃકાળથી માંડીને શયનકાળ પર્યંતની સંપૂર્ણ દિનચર્યાનું અનુપમ વિધાન આ પવિત્રતાના પુષ્પોથી છવાયેલી માળામાં કર્યું છે. પુષ્પમાળામાં ધર્મ, દયા, મૂળતત્ત્વ, પવિત્રતા, ન્યાયસંપન્નતા, નીતિ, ભક્તિ, વૈરાગ્ય, બ્રહ્મચર્ય આદિ વિવિધ વિષયોને સમાવી લીધાં છે.

તેરથી સોળ વર્ષની ઉંમર આસપાસ શ્રીમદે કેટલાંયે આગમો અને જૈન ગ્રંથો તથા અન્ય ધર્મોના પુસ્તકોનું અવલોકન કર્યું હતું. ઉપરાંત નરસિંહ, મીરાં, આનંદઘન, તુલસીદાસ અખો, પ્રીતમ, ભતૃહરિ, કબીર, દયારામ, સુરદાસ, છોટમ, મુક્તાનંદ, ધીરો, સહજાનંદ, બનારસીદાસ, મનોહરદાસ વગેરેની રચનાઓનો અભ્યાસ કરેલો. આ ગ્રંથો અને રચનાઓમાંથી સેંકડો અવતરણો એમણે સમજણ સાથે પોતાના લખાણોમાં આપ્યા છે. તેમની ગ્રહણશક્તિ અદ્‌ભુત હતી. તેમની રુચિ જૈનધર્મ તરફ વિશેષ હતી. તેઓનું શાસ્ત્રજ્ઞાન દિવસે દિવસે વધતું જતું હતું. પોતાના શાસ્ત્રાભ્યાસનો લાભ સામાન્યજનને મળી શકે એ હેતુથી સોળ વર્ષ અને પાંચ માસની ઉંમરે

**મોક્ષમાળા** નામના ગ્રંથની રચના કરી.

મોક્ષમાળા છપાતાં લાંબો સમય નીકળી જશે તેમ વિચારી, ગ્રાહકોની જિજ્ઞાસા સંતોષવા માટે વૈરાગ્યની જનની સમ **'ભાવનાબોધ'**ની રચના કરી. વૈરાગ્ય તરફ જીવને વાળતી બાર ભાવનાઓ તીર્થંકર પ્રભુએ સમજાવી છે. આ ભાવનાઓ માગધી કે સંસ્કૃત ભાષામાં હોવાથી ગુજરાતીમાં સામાન્યજન સમજી શકે તેવી સરળભાષામાં રચના કરી. સંસારના દુઃખથી નિવર્તવા શું કરવું જોઈએ તે ટૂંકમાં આ કૃતિમાં સમજાવ્યું છે. આખા પુસ્તકમાં શ્રીમદ્‌ના વૈરાગ્યના વિચારોની છાપ પડે છે. પાને પાને વૈરાગ્યરસ ઝરતો જોઈ શકાય છે. આ રચનામાં કથારસ તથા કાવ્યરસ સાથે જ્ઞાન પણ મળે છે.

વિ. સં. ૧૯૪૦માં બાલાવબોધરૂપ **'મોક્ષમાળા'**ની રચના ૧૦૮ શિક્ષાપાઠમાં કરી. આ રચના ત્રણ દિવસમાં કરી હતી. આ પુસ્તક બાળજીવોને જ્ઞાનદશામાં સુગમ અને સરળ લાગે તે રીતે રચ્યું છે. 'મોક્ષમાળા' મોક્ષના કારણરૂપ થઈ પડે તેવી છે. માનવદેહની મહત્તા બતાવતું આ પુસ્તકમાં રચેલું કાવ્ય **"બહુ પુણ્ય કેરા પુંજથી...** આજે ઘેર ઘેર નિત્યક્રમમાં વણાઈ ગયું છે. મોક્ષમાળામાં જૈનમાર્ગને યથાર્થ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. મધ્યસ્થતાથી એમાં તત્ત્વ, જ્ઞાન અને શીલ બોધવાનો ઉપદેશ સમાયેલો છે. આબાલવૃદ્ધને વીતરાગ માર્ગ પર રુચિ થાય, તેનું સ્વરૂપ સમજાય, તેનું અંતરમાં બીજ રોપાય એ હેતુએ આપણા કલ્યાણ માટે આ કૃતિ રચી છે. જૈનધર્મના મહત્ત્વના સિદ્ધાંતો તથા ક્રિયાઓનું શાસ્ત્રીય આધાર સાથે નિરુપણ કર્યું છે. જ્ઞાન અને ક્રિયા બન્નેનો સમન્વય તેમણે સાધ્યો છે.

આ ઉપરાંત ધર્મેતર પદ્યકૃતિઓ પણ તેમણે લખી છે. તેમાં **'પ્રેમની કળા ન્યારી છે', 'દ્રષ્ટાંતિક દોહરા', 'મિત્ર પરીક્ષા', 'કુમિત્ર નિંદા', 'પ્રાસ્તાવિક દોહરા', 'સદ્‌બોધ સૂચક પ્રાસ્તાવિક કાવ્ય', 'હનુમાન સ્તુતિ'** - એમ વિવિધ શીર્ષક નીચે દોહરાઓની રચના તેઓએ સં. ૧૯૪૦ થી ૧૯૪૨ સુધીમાં કરી છે.

મહાવીર પ્રભુ પ્રણિત ધર્મ પ્રગટ કરવાનો શ્રીમદ્‌ને ઘણો ઉત્સાહ હતો. સં. ૧૯૪૩માં તેમણે **સાતસો મહાનીતિના વાક્યો** પોતાની કલ્પના સાકાર કરવાના પહેલા પગથિયા રૂપે રચ્યાં છે. આ ઉપરાંત **'વચનામૃત'**માં **'વચન સપ્તશતી'**ના વચનો આપવામાં આવ્યાં છે. શ્રીમદ્‌ રચિત ૧૨૬ બોલ છે. આ વચનોમાં અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અપ્રમાદ, નીતિ, મોક્ષ વગેરે સૂત્રાત્મક શૈલીમાં તથા દિલમાં વસી જાય તેવી સચોટ વાણીમાં ઉપદેશ્યાં છે. તેઓએ **'બોધવચનો'**ની રચના કરી. તેમાં જુદાં જુદાં શીર્ષક નીચે ૧૨૫ વચનોમાં કેટલાંક ધર્મને લગતાં, કેટલાક વ્યવહારબોધના તો કેટલાંક નીતિને લગતાં છે. કેટલાંક વચનો પ્રશ્નોત્તરી અને ટૂંકા ઉત્તરોમાં લખ્યાં છે. આ પ્રશ્નો ધર્મ અને સદાચારની દૃષ્ટિએ લખ્યાં છે. ઉત્તરો ટૂંકા, સચોટ, માર્મિક અને સહેલાઈથી સ્મરણમાં રહી જાય તેવાં છે.

વીસ વર્ષની વય પહેલાંની ધર્મ કે ચિંતનને લગતી તેમની રચનાઓ વાંચીએ છીએ ત્યારે શ્રીમદ્‌ની આત્મા, ધર્મ વગેરે વિશે તેમણે કેટલું વાંચ્યું, વિચાર્યું અને અનુભવ્યું હશે તેનો ખ્યાલ એ કૃતિઓ વાંચતા આપણને થાય છે. ભાષાની સરળતા, યોગ્ય શબ્દની પસંદગી, વિચારોની સ્પષ્ટતા, ચિંતનનું ઊંડાણ અને ઘેરા વૈરાગ્યની છાપ તેમાં જોવા મળે છે. શ્રીમદ્‌માં ચમત્કારિક સ્મરણશક્તિ, અજબ ધારણાશક્તિ, તીવ્ર ગ્રાહ્યતા

એ વિશિષ્ટ શક્તિઓ ઉપરાંત પ્રજ્ઞા વિશેષપણે હતી. પ્રજ્ઞા એટલે મુખ્યપણે સ્મૃતિ, બુદ્ધિ, મર્મજ્ઞતા, કલ્પના સામર્થ્ય, તર્કપટુતા, સત્-અસત્, વિવેક, વિચારણા અને તુલના સામર્થ્ય. તેમની અપૂર્વ સિદ્ધિઓથી પ્રભાવિત અંગ્રેજોએ તેમને **'સાક્ષાત્ સરસ્વતી'** અને **'હિન્દના હીરા'**ના માનભર્યા બિરુદ આપેલાં.

શ્રીમદ્‌જી વૈરાગ્ય હ્રદય ધરાવતા હતા. અધ્યાત્મયોગી એવા કૃપાળુદેવને તેમના આત્માનું જેટલું હિત થાય તેટલું આ ભવમાં જ સાધી લેવાની મહેચ્છા હતી. આથી અવધાનના પ્રયોગો, કાવ્યો કે લેખોનું સર્જન તથા જાહેર પ્રવૃત્તિઓ તેમને પોતાના પરમાર્થમાર્ગમાં વિઘ્નરૂપ લાગ્યાં. પરિણામે વીસ વર્ષ પછી જાહેરક્ષેત્રનો ત્યાગ કર્યો. પહેલાં જે સાહિત્યની રચના કરતા હતા તે હવે બંધ કરી દીધી. માત્ર ધર્મને લગતી કૃતિઓની રચના કરવા લાગ્યા. તત્ત્વવિચારણાનો સાચો પરિચય આપતી પદ્યકૃતિઓ પોતાના ઉલ્લાસ માટે તથા અંગત પરિચયમાં આવનાર વ્યક્તિઓના હિતાર્થે થઈ હતી. આ કૃતિઓને પોતાની હયાતી દરમ્યાન પ્રસિદ્ધિ આપી ન હતી. બધી કૃતિઓ પોતાના હસ્તાક્ષરમાં લખેલી નોંધપોથીમાં અથવા નિકટ પરિચયમાં આવનાર વ્યક્તિઓની નોંધપોથીમાં સચવાયેલી હતી.

શ્રીમદ્‌ના નિકટ પરિચયમાં આવનાર ભાગ્યશાળીઓ શ્રી જૂઠાભાઈ, શ્રી સોભાગભાઈ, શ્રી અંબાલાલભાઈ, શ્રી લલ્લુજી મહારાજ, શ્રી ધારશીભાઈ, શ્રી મહાત્મા ગાંધીજી, શ્રી મનસુખભાઈ, શ્રી લાલન આદિ સત્‌જિજ્ઞાસુ હતા. મુમુક્ષુઓને લખાયેલા લગભગ ૯૫૦ જેટલા પત્રો તથા પદ્યરચનાઓની કૃતિઓ શ્રીમદ્‌જીના નાનાભાઈ શ્રી મનસુખભાઈ ર. મહેતા, પૂ. શ્રી લલ્લુજી મહારાજ, શ્રી અંબાલાલભાઈ તથા અન્ય મુમુક્ષુઓના પ્રયાસથી એકઠી કરી, **'શ્રીમદ્ રાજચંદ્ર'** નામક બૃહદ્ ગ્રંથ આપણા હાથમાં પ્રાપ્ત થયો છે; જેમાં જીવનું કર્તવ્ય, માનવજન્મનું સાફલ્ય, સત્સંગ, ભક્તિનું સ્વરૂપ આદિ પરમાર્થ વિષયક અનેકવિધ બાબતો અંગે તાત્ત્વિક તેમજ વ્યવહારિક પ્રશ્નો વિષયક વિશ્લેષણ તેમજ શાસ્ત્રશુદ્ધ નિરૂપણ જોવા મળે છે. શ્રીમદ્‌જીનું સમસ્ત આંતરજીવન આપણી આગળ તાદશ ખડું થાય છે.

શ્રીમદ્ રાજચંદ્રજીની ચમત્કૃતિ તેમજ તેમની આર્ષ કવિપ્રતિભાની વિલક્ષણતા તેમની પદ્યરચનાઓમાં સવિશેષ ઝળકે છે. સંક્ષિપ્ત શૈલી છતાં તદ્દન સરલ, સુગમ અને સાદી ભાષામાં દાર્શનિક તત્ત્વજ્ઞાનની અદ્‌ભુત રહસ્યભરી ગૂંથણી જોવા મળે છે. આત્માને લગતી તત્ત્વવિચારણાથી ભરપૂર રચનાઓમાં **'બિના નયન', 'યમનિયમ', 'મારગ સાચા મિલ ગયા'** તથા **'હોત આસવા પરિસવા'** એ ચાર રચનાઓ હિન્દી ભાષામાં છે. **'લઘુવયથી અદ્‌ભુત થયો તત્ત્વજ્ઞાનનો બોધ', 'ધન્ય રે દિવસ આ અહો'** અને **'આજ મન ઉછરંગ અનુપમ'** એમાં તેઓની આંતરિક પરિસ્થિતિનું વર્ણન છે. **'મૂળ માર્ગ રહસ્ય'** તથા **'પંથ પરમપદ બોધ્યો'** અને **'આતમભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે'** એ એક વાક્યની રચનામાં મોક્ષમાર્ગનું નિરુપણ તથા ગુરુમાહાત્મ્ય અને લોકના સ્વરૂપનું વર્ણન કર્યું છે. **'જડ ભાવે જડ પરિણમે'** તથા **'જડ ને ચૈતન્ય બન્ને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન'** એ કૃતિઓમાં જડ અને ચેતન એ બે તત્ત્વોનો ભેદ બતાવ્યો છે. જૈન દર્શન અનુસાર સાચું જ્ઞાન કોને કહેવા તે **'જિનવર કહે છે જ્ઞાન તેને'** એ કાવ્યમાં દર્શાવ્યું છે. પોતાની અલ્પતાનું ભાન

જ્યારે સાધકને થાય છે ત્યારે અંતરમાં કેવો લઘુત્વભાવ ઊઠે છે તે ભાવ પ્રભુ પ્રત્યે દીનત્વ નામના **'વીસ દોહરા'**માં આલેખેલ છે. પોતાના અંતિમ દિવસોમાં યોગીજનની અભિલાષા વર્ણવતું પદ **'અંતિમ સંદેશ'**માં શ્રીમદ્દે વર્ણવ્યું છે. પરમ આત્મદષ્ટા શ્રીમદ્‌ની પરમ અમરકૃતિ આત્મવિચારની ઉત્પત્તિથી માંડી ઠેઠ આત્મસિદ્ધિની પૂર્ણ પ્રાપ્તિ થવા અર્થે આ પરમ કલ્યાણકારી **'આત્મસિદ્ધિશાસ્ત્ર'**ની રચના કરી. શ્રીમદ્‌જીએ કલમના અસ્ખલિત ધારાપ્રવાહે, એક જ બેઠકે દોઢેક કલાકના સમયમાં શ્રી આત્મસિદ્ધિ શબ્દારૂઢ કરેલી છે. તેમાં આત્માની સિદ્ધિનો માર્ગ દર્શાવ્યો છે. 'આત્મા છે', 'તે નિત્ય છે', 'તે કર્તા છે', 'તે ભોક્તા છે', 'મોક્ષ છે', 'મોક્ષનો ઉપાય છે' - આ છ પદ શ્રીમદે આ શાસ્ત્રમાં સચોટ ન્યાયથી ને સરળ ભાષામાં વર્ણવ્યાં છે. ૧૪૨ ગાથાઓમાં આખો મોક્ષમાર્ગ બતાવી શ્રીમદ્‌જીએ મુમુક્ષુઓ પર મહા ઉપકાર કર્યો છે. અનેક સત્‌સાધકોના સંસારના પાપ, તાપ અને અશુદ્ધિને ટાળી નિષ્પાપ, નિર્મળ, શાંત અને શીતળ કરી, સનાતન સુખનિધાન શિવમાર્ગમાં પ્રગતિ કરાવવા પ્રત્યક્ષ પરમ ઉપકારભૂત બની રહી છે.

અપ્રમત્ત યોગી, પરમ તત્ત્વવેતા શ્રીમદે ૨૯ વર્ષની વયે એક જ બેઠકે અપૂર્વ ગણાય તેવા તત્ત્વજ્ઞાનથી ભરપૂર, પૂર્ણ દશાનો યથાતથ્ય ખ્યાલ **'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે'** એ અપૂર્વ કાવ્યમાં આપ્યો છે. આ અદ્‌ભુત અમૃતમય શાંતરસ વહાવતી કાવ્યગંગા સિદ્ધપદને પ્રાપ્ત કરવા સોપાન સમ ગુણસ્થાન આરોહણક્રમમાં જીવ પોતાના સ્થાનકના સોપાન પર ચઢતો હોય તે પદ્ધતિએ આ કાવ્ય રચાયું છે. આ કાવ્યમાં આત્મસ્વભાવ, જીવ, સ્થાનકક્રમ અને મોહનીય પ્રકૃતિના ક્રમવાર વિલયના યથાતથ્ય સ્વરૂપો બતાવ્યાં છે. મન, વચન અને કાયાના સંબંધની વર્ગણા છૂટે, સ્વસ્વરૂપમાં અવાય એવી દશાનું ક્રમવાર વર્ણન કર્યું છે. સર્વોત્કૃષ્ટ પરમપદ પ્રાપ્તિની ભાવના મહાજ્ઞાની શ્રીમદે અદ્‌ભુત, અલૌકિક, અનુપમ, ભાવનિર્ગ્રંથ મહાપુરુષની અંતરંગ અસ્ખલિત પુરુષાર્થ અને બાહ્યાભ્યંતર નિર્ગ્રંથ થવાના અપૂર્વ અવસરની ગવેષણાનું **'પરમપદ પ્રાપ્તિ'**ના પરમ ભવ્ય મનોરથનું આ કાવ્યલેખન કર્યું છે. શ્રીમદ્‌ના દિવ્ય આત્માનો કેવો આત્મનિશ્ચય ! કેવો અપૂર્વ પુરુષાર્થ ! જૈન ધર્મમાં તથા અન્ય ધર્મમાં આ કૃતિ ઘણી પ્રસિદ્ધ છે. ઘણે ઠેકાણે પ્રાર્થનામાં સ્થાન પામી છે.

પરમ આત્મજ્ઞાની, પરમ હંસ શ્રીમદે ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ કોટિની સ્થિતપ્રજ્ઞદશા-જીવનમુક્ત દશા પ્રાપ્ત કરી પોતાનું સર્વોત્કૃષ્ટ શ્રેય સાધી ગયા. પરંતુ સત્સાધકોને માર્ગદર્શક બને તેવું અપૂર્વ અલભ્ય સાહિત્ય નિષ્કામ કરુણાશીલતાથી બક્ષતા ગયા છે. **તેમના લખાણોની એક અસાધારણતા એ છે કે, પોતે જે અનુભવ્યું છે તે જ લખ્યું છે.** એમના લખાણો કેવળ આંતર-બાહ્ય જીવનના ઉત્કટ અનુભવનો નિચોડ છે. તેમાં સત્-અમૃતત્વ નીતરે છે. આજેય એમનું શ્રેષ્ઠ સર્જન-દર્શન અનેક મુમુક્ષુઓને પ્રેરણાપીયૂષ-જ્ઞાનામૃત પાય છે. સાધુચરિત શ્રીમદ્‌નું યથાર્થ આત્મજીવન પ્રત્યક્ષ પ્રતિબિંબિત છે. સ્વયોગ્યતા પ્રમાણે પાત્ર જીવો તે પ્રતિબિંબ ઝીલી આત્મપ્રકાશ પામે છે, ને પામશે.

"સત્‌પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો."

**જગતમાં રૂડું દેખાડવા માટે મુમુક્ષુ કંઇ આચરે નહીં, પણ રૂડું હોય તે જ આચરે.**

# સંભવામિ યુગે યુગે

**મધુભાઈ પારેખ**

ભગવાન શ્રીકૃષ્ણ મહારથી અર્જુનને કુરુક્ષેત્રની રણભૂમિ ઉપર ગીતા ઉપદેશ કરતાં ઉપરોક્ત વચન આપી ગયાં છે. પ્રત્યેક કપરા કાળમાં કોઈને કોઈ સ્વરૂપે મહાત્મા પુરુષ-યુગપુરુષ જગતજીવોના કલ્યાણ અર્થે, માર્ગદર્શક બની હાજર થાય છે. વર્તમાન દુ:ષમકાળમાં, નજીકનાં ભૂતકાળમાં આવા એક યુગપુરુષ ભારતભૂમિને પાવન કરી ગયા, જેને લોકો રાજચંદ્ર નામે જાણે છે.

ઈસુની ૧૯મી સદીમાં ઉત્તરાર્ધમાં અને વિક્રમની ૨૦મી સદીનાં પૂર્વાર્ધમાં, સૌરાષ્ટ્ર પ્રદેશના વવાણિયા (મોરબી નજીક) ગામે, વૈષ્ણવ વણિક પરિવારમાં, એક પૂર્વના યોગી મહાત્માએ પુત્રરૂપે પ્રગટ થઈ, અજ્ઞાન-અંધકારભર્યા કાળમાં આ ભારતભૂમિને અદ્‌ભુત જ્ઞાનપ્રકાશથી અજવાળી છે. રાયચંદ તેમનું નામ, આગળ જતાં રાજચંદ્ર નામ ધારણ કરેલું. લોકો તેમને માનાર્થે શ્રીમદ્ રાજચંદ્ર કે શ્રીમદ્‌જીથી જાણે છે. બાળવયે જ તેઓ ઉત્તમ વિચારો, સંવેદનશીલતા અને અદ્‌ભુત સ્મરણ જેવા નૈસર્ગિક ગુણો ધરાવતા હતા. સાત વર્ષની વયમાં પૂર્વનાં અનેક ભવોનું સ્મરણ થઈ આવતા વૈરાગ્યનું બીજ રોપાયું. વૈરાગ્યની ઝલક એ વયમાં કવિત્વશક્તિ રૂપે પ્રગટ થતી રહી. પંદર વર્ષની વય સુધીમાં અનેક કાવ્યરચનાઓ કરી. જરા વિહંગાવલોકન કરીએ તોઃ

(૧) ધર્મ વિષે - કાવ્યમાં **"ધર્મમર્મ વિના, માનવી મહાન પણ, કુકર્મી કળાય છે"** જેવું વિધાન વિચારવા જેવું છે.

(૨) પ્રભુ પ્રાર્થના-દોહા-૧૯માં -

"નીતિ પ્રીતી નમ્રતા, ભલી ભક્તિનું ભાન;
આર્ય પ્રજાને આપશો, ભયભંજન ભગવાન."

(૩) વીરસ્મરણનાં સવૈયા-૨૪ કડીમાં શૂરવીરતાનું અદ્‌ભુત સ્વરૂપ બતાવ્યું છે :

"વેરીને ઘેરી લેતા ઝટ,
ભરતભૂમિનાં જે ભડવીર,
અરે અરેરે આજ ગયા ક્યાં
રઢિયાળા એવા રણધીર."

અને આક્રંદ કરતા લખે છે,

"હાય રામ આ ગતિ થઈ શી
હાય હાય શો કાળો કેર,
હાય હૃદય ફાટે છે હર, હર,
નથી જોવાતી આવી પેર."

(૪) હનુમાન સ્તુતિ - ૧૬ લીટીના કાવ્યમાં લખે છે :

"આ રાયચંદ્ર વણિક વિનવે, હામથી હર્ષિત બની,
મહાવીર શ્રી હનુમાન તમને વંદના મારી ઘણી."

બીજી સ્તુતિ - ૮ લીટીમાં ભાવ વ્યક્ત કર્યો છે :

"નિશદિન રટણ કરું છું, આપ નામ તણું,
માગું છું અલ્પમતિ, આશા પૂરો હેતથી."

(૫) કેટલાક દોહામાં બાલવયમાં લખ્યુ :

"નથી ધર્યો દેહ વિષય વધારવા,
નથી ધર્યો દેહ, પરિગ્રહ ધારવા."

જે વયમાં વિષય અને પરિગ્રહનું સ્વરૂપ પણ ન સમજાય તે વયે આવી વૈરાગ્યધારા,

પૂર્વજન્મની યોગદશા વ્યક્ત કરે છે.

(૬) શાંતિનાથ ભગવાનની સ્તુતિમાં ભક્તિભાવ વ્યક્ત કરતાં લખે છે -

'નીરાગી મહા શાંત મૂર્તિ તમારી,
પ્રભુ પ્રાર્થના શાંતિ લેશો અમારી.'

(૭) એક યુક્તિ દોહો -

"**રા**યે **ય**શ **ચં**દ્રોદયે **ર**હે **વ**ધુ **જી**વિનામ;
તેવા નરને પ્રેમથી, નામ કરે પ્રણામ."

મોટા અક્ષરો રાયચંદ્રરવજી નામ વ્યક્ત કરે છે.

(૮) બાળલગ્ન વિરોધ કરતું કાવ્ય-૮ લીટીનું લખેલું છે. જેમાં-

"ચેતો ચેતો ચેતો રે, ચતુર નર ચેતો ચિત્ત
બાળો નહીં હાથે કરી, બાળ અને બાલિકા."

(૯) જુગારનો વિરોધ કરતાં લખે છે :

"કર્યું રાજ તે ધર્મનું ધુળધાણી,
વળી ફેરવ્યું કૌરવો શિરપાણી,
તજી તું પ્રતાપે નળે નિજરાણી,
હવે જોઈ ચોપાટ તારી કમાણી."

અત્રે કૌરવો અને નળદમયંતીની વિકટ દશાનું કારણ ચોપાટ બતાવી.

(૧૦) માનવ દેહનું મૂલ્ય બતાવતો દોહેરો-

"એમ સૂચવે કાંકરો, દિલ ખોલીને દેખ,
મનખા કેરા મુજસમા, વિના ધર્મથી લેખ."

ધર્મ રહિત માનવદેહ કાંકરા સમાન કહ્યો.

આ ઉપરાંત ઘણી બધી કાવ્યરચનાઓ કર્યા ઉપરાંત લેખન પ્રવૃત્તિઓ પણ આ વયમાં કરી છે; જેમાં ધ્યાન ખેંચે તેવી **પુષ્પમાળા** (૧૦૮-બોલ), **પ્રશ્નોત્તર** (૨૨ પ્રશ્નો + ૨૨ ઉત્તર), **નિત્ય સ્મૃતિ** (૧૦-વચનો), **સહજ પ્રકૃતિ** (૧૯-બોલ), **બોધવચન** (૧૨૫ બોલ) લખેલાં છે, તે ઉપરાંત જૈનમાર્ગનો ગહન વિષય કે જેમાં ૧૨ ભાવનાની તાત્ત્વિક વિચારણા છે તે **'દ્વાદશાનુપ્રેક્ષા'**નો ગુજરાતી ભાષામાં અનુવાદ કર્યો છે. ૧૭મા વર્ષે **ભાવનાબોધ, મોક્ષમાળા** જેવા ગ્રંથોની તત્વસભર રચનાઓ કરી છે. ૧૯ વર્ષની વયે જ્યોતિષશાસ્ત્રનો ઊંડો અને સૂક્ષ્મ અભ્યાસ સ્વબળે કર્યો હતો તેમજ મુંબઈમાં શતાવધાનનાં પ્રયોગો કરી અદ્‌ભુત અને અનુપમ સ્મરણશક્તિનો જગતને પરિચય આપી 'હિંદના હીરા' બિરુદ મેળવ્યું હતું અને કીર્તિની ટોચ ઉપર શોભાયમાન થયા હતા. ૨૦મા વર્ષે જીવનનો રાહ બદલી નાખ્યો. સાપ કાંચળી ઉતારે તેમ જ્યોતિષ અને શતાવધાનની સિદ્ધિઓને અંતરંગમાં સમાવી દીધી. અધ્યાત્મના માર્ગમાં આવી સિદ્ધિઓને અવરોધક જાણી તેનો સર્વથા ત્યાગ કર્યો.

૨૦માં વર્ષથી દેહત્યાગ (૩૪મું વર્ષ) પર્યંત જીવન કેવળ અસંગતાના માર્ગે લઈ જાય છે ત્યારે પૂર્વપ્રારબ્ધયોગે, ગૃહસ્થદશા, વ્યાપાર, વ્યવહાર બધું જ અતિ અતિ વિકટ અને વિષમ પ્રકારે ઉદયમાં આવે છે, તેમાં પરિપૂર્ણ સ્વસ્થતા, સમાધિ અને સાક્ષીભાવે જે પ્રવર્તન થયું છે તેનું દર્શન કરતાં ગમે તેવા વિદ્વાનોનાં શિર ઝૂકી જાય છે. આવી કપરી અવસ્થામાં રહીને પણ માનવજગતને જે અતિ મૂલ્યવાન, પારમાર્થિક ખજાનો ભેટ ધરી ગયા છે તેનું વર્ણન શબ્દોથી થઈ શકે તેમ નથી જ.

**શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર**માં, સર્વધર્મસંમત મોક્ષમાર્ગ પરિપૂર્ણ પ્રકાશ્યો છે, જે છયે દર્શનોને સ્વીકાર્ય બને છે. **'અપૂર્વઅવસર'** કાવ્યમાં જૈન માર્ગના ઉત્થાનનાં ૧૪ ગુણસ્થાનકોમાં આત્માની

અંતરંગ દશાનું અદ્ભુત અને અલૌકિક દર્શન કરાવ્યું છે. જડ-ચેતનનું તાત્ત્વિક સ્વરૂપ સહજતા અને સરળતાપૂર્વક પ્રગટાવ્યું છે. **'અમૂલ્ય તત્ત્વ વિચાર'**માં દેહધારી મનુષ્યને આત્મસ્વરૂપ પ્રત્યે લક્ષ કરી વિચારણા માટે પ્રેરણા આપી છે. **'મૂળ મારગ સાંભળો'**- કાવ્યમાં વીતરાગ જિનેશ્વરનો સંપૂર્ણ મોક્ષમાર્ગ ગાયો છે અને **'ઇચ્છે છે જે જોગીજન'** કાવ્યમાં મોક્ષમાર્ગના આરાધક સાધકને અંતિમ લક્ષ પ્રાપ્ત કરવાની ચાવી આપી છે.

ગદ્ય વિભાગમાં મુમુક્ષુઓને ૮૦૦ થી વધુ પત્રો મારફત અધ્યાત્મ સંબંધમાં ઉત્તમ માર્ગદર્શન આપ્યું છે; જેમાં જ્ઞાનીનું, મુમુક્ષુનું, સત્સંગનું, અસંગતાનું, કર્મનું અને મુક્તિનું યથાર્થ સ્વરૂપ પ્રત્યેક સાધકને અતિ ઉપકારી થાય તે પ્રકારે સરળ સમજણપૂર્વક ઉપદેશ્યું છે. આ પુરુષે માત્ર શાસ્ત્રકથનના આધારે જ નહીં, પરંતુ સ્વઅનુભવના આધારે ઉપદેશ કર્યો છે અને તે કારણે વાચકને હૃદયસ્પર્શ થાય જ છે. **'અભ્યંતર પરિણામ અવલોકનમાં'** સ્વહસ્તે લખેલી હાથનોંધમાં પોતે કરેલું અંતર્ગત અધ્યાત્મમંથન પ્રકાશ્યું છે; જેમાં ગહન-અતિગહન તેમની વિચારણા-ચિંતન જોવા મળે છે.

છેલ્લે તા. ૯-એપ્રિલ ૧૯૦૧ના રોજ દેહત્યાગ કરતાં છેલ્લી ૬ કલાકની સમાધિ અવસ્થા અદ્ભુત હતી. છેવટનો વાણીપ્રયોગ **'હું મારા સ્વરૂપમાં લીન થાઉં છું.'** ઉચ્ચારીને પૂર્ણ સમાધિ અવસ્થામાં, શ્વાસોશ્વાસ સિવાય દેહના બધાંજ યોગ સ્થિર કરીને, મહા યોગેશ્વર સ્વરૂપનું દર્શન કરાવ્યું અને સ્વધામ સંચર્યા.

આવા દુષમ કળિકાળમાં આવું અદ્ભુત, અલૌકિક, અસંગ આત્મદશાયુક્ત જીવન કોઈ યુગપુરુષને જ સંભવે, તે જોતાં આ પુરુષ ખરા અર્થમાં યુગપ્રધાન પુરુષ હતા તેવી પ્રતીતિ સહેજે થઈ આવે છે.

મહાત્મા ગાંધીજીએ આ પુરુષને પોતાના અધ્યાત્મગુરુ તરીકે ઓળખાવ્યાં છે; ખરેજ યથાર્થ ઓળખાણ છે. પાંચ હજાર વર્ષ પૂર્વે ભગવાન શ્રી કૃષ્ણએ, મહારથી અર્જુનને ગીતાનો ઉપદેશ કરી અધ્યાત્મનું સચોટ દર્શન કરાવીને, કૌરવોના અન્યાય સામે યુદ્ધ માટે પ્રોત્સાહિત કરેલો; કંઈક એવું જ આ યુગપુરુષ રાજચંદ્રજીએ કર્મો સાથે યુદ્ધ કરવાનું પ્રોત્સાહન આપીને મુમુક્ષુઓ પર પરમ ઉપકાર કર્યો છે. અધ્યાત્મદર્શન સાથે ગાંધીજીને પત્રો દ્વારા દક્ષિણ આફ્રિકામાં અન્યાય સામે અહિંસક રીતે લડવાની પ્રેરણા આ પુરુષથી પરોક્ષતાએ પ્રાપ્ત થઈ હતી, જે તે સમયે અંકુર અને છોડ રૂપ પ્રગટેલી અને પછીથી ભારતવર્ષમાં વૃક્ષરૂપે પ્રગટ થઈને અતિબળવાન બ્રિટીશ સામ્રાજ્યના અન્યાયી અને જુલ્મી શાસન સામે અહિંસક લડત દ્વારા પ્રગટ થઈ હતી. મહાભારતના યુદ્ધમાં શ્રીકૃષ્ણ સ્વયં લડતા નથી તેમ આ રાજચંદ્ર પણ સ્વયં લડ્યા નથી, પરંતુ લડવા માટેના મહાન યોદ્ધા - ગાંધીજીનું નિર્માણ આ શિલ્પીએ કર્યું છે.

- **એક સત્પુરુષને રાજી કરવામાં, તેની સર્વ ઈચ્છાને પ્રશંસવામાં, તે જ સત્ય માનવામાં આખી જિંદગી ગઈ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે અવશ્ય મોક્ષે જઈશ.**
- **આત્માને ઓળખવો હોય તો આત્માના પરિચયી થવું, પરવસ્તુના ત્યાગી થવું.**
- **મોટા પુરુષોએ અને તેને લઈને અમે એવો દૃઢ નિશ્ચય કર્યો છે કે જીવને સત્સંગ એ જ મોક્ષનું પરમ સાધન છે.**

**- શ્રીમદ્ રાજચંદ્રજી**

# ભગવત્દર્શનાર્થે વલખા મારતું પરમકૃપાળુદેવનું હૃદય

**દીપ્તિબેન ડી. શાહ**

શ્રીમદ્જીનું બાળપણ, બાળપણની ક્રિયાઓ, તેમની અવધાનશક્તિ, તેમની કવિત્વ શક્તિ તથા જ્યોતિષજ્ઞાન વિષયક લગભગ ઘણોખરો આપણો મુમુક્ષુવર્ગ પરિચિત છે.

હું જે લખાણ દ્વારા શ્રીમદ્જીના ભાવોનું વર્ણન કરવા પ્રયત્નવાન છું તે છે સમ્યક્ સન્મુખ શ્રીમદ્જીના પરિણામ.

શ્રીમદ્જી સ્વસંવેદન રૂપ ફળનો આસ્વાદ માણવાની તૈયારીમાં હતા, તે પહેલાં કેવા કેવા ભાવો હિલોળા લેતાં હતાં અથવા જેવી રીતે સમુદ્રમાં ઘુઘવાટ કરતાં અને ઉછાળા મારતાં મોજાં પોતાની જાતને શાંત દરિયામાં શમાવી દેવા ઇચ્છે છે તેવી જ રીતે, શ્રીમદ્જીએ પત્રાંક ૧૬૧ થી ૧૬૪ માં પોતાના શુદ્ધ દ્રવ્યનો આસ્વાદ માણવા ઇચ્છતી પર્યાયમાં કેવા કેવા શુભાશુભ ભાવરૂપી મોજાનાં ઉછાળા આવતા હતાં તેનું વર્ણન કર્યું છે.

પત્રાંક - ૧૬૫ માં શાંત દરિયામાં શમાઈ ગયેલા મોજાંનો આભાસ તેમના જ શબ્દો દ્વારા મળે છે કે **"જગતને, જગતની લીલાને બેઠા બેઠા મફતમાં જોઈએ છીએ."** તથા **"મોક્ષની આપણને કાંઈ જરૂર નથી."** એવા અનેક વાક્યો તેમના આત્મદર્શનની સાક્ષી પૂરે છે. શ્રીમદ્જીએ સ્વવૃત્તાંત કાવ્યની રચના કરી છે એટલે કે 'ધન્ય રે દિવસ આ અહો' (અભ્યંતર પરિણામ અવલોકન -હાથ નોંધ-૧/૩૨) ની ત્રીજી કડીમાં પોતાને સમકિતની પ્રાપ્તિ થઈ છે તેમ જણાવે છે,

**"ઓગણીસસેં ને સુડતાળીસે, સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે;**
**શ્રુત અનુભવ વધતી દશા, નિજ સ્વરૂપ અવભાસ્યું રે."**

આપણું આ લખાણ મુખ્યત્વે પત્રાંક - ૧૬૧ ને વિષય બનાવે છે; જેમાં શ્રીમદ્જી આર્ત્તહૃદયે અંતરાત્માને પૂછે છે કે આપની શી મૂંઝવણ છે ? "આવી વિભ્રમ અને દિગ્મૂઢ દશા શી ?" અંતરમાં વ્યાકુળતાના પરિણામ નિરાકુળતા અર્થે ચાલે છે. અતૃપ્તહૃદય પરમતૃપ્તિ ઇચ્છે છે. જ્યાં મનનું કાંઈ જ નથી ચાલતું, જ્યાં શ્રીમદ્જી પોતાના શુભ પરિણામથી થાકેલાં જણાય છે. આત્મત્વપ્રાપ્તિના વિરહની વેદના અસહ્ય બની છે.

પોતે નિષ્પક્ષપણે પોતાના સૂક્ષ્મ માન કષાયને વર્ણવતાં જણાવે છે કે "હું હવે બીજા મુમુક્ષુઓને પણ સાચા સ્નેહે પ્રિય નથી." अति परिचयात् अवज्ञाः । મુમુક્ષુઓના અતિ પરિચયાર્થે ખેદ વ્યક્ત કરે છે.

તેઓશ્રીની પ્રજ્ઞાશક્તિ તીવ્ર હોવાને કારણે જ્ઞાનપ્રધાન તેમનું હૃદય બધા દર્શનોમાં શંકા કરે છે અને તે શંકાને પોતે પોતાની રીતે જ શમાવે છે.

જ્યારે સ્વાત્મા અંતરમુખ થવા ઇચ્છે છે ત્યારે અનેક આલંબન થકી નિરાવલંબન થાય છે, તેમાંનું એક અવલંબન છે - બારહ ભાવના; જેમાં લોકસ્વરૂપની ચિંતવના પ્રભુએ કહી છે. તે વિષયક શુભાશુભ ગતિ ભોગવવાના સ્થાનો, ચક્રવર્તી આદિના સ્વરૂપ તથા પૃથ્વ્યાદિના સ્વરૂપમાં શ્રીમદ્જી થોડી શંકા કરે છે. સમાધિમાં ઊઠતાં વિકલ્પોને શમાવવાની તેઓ કોશિશ કરે છે. છતાં શુભભાવોનું વાવાઝોડું ઊઠે છે, જેમાં તેમને ઠેકઠેકાણે વિરોધ ભાસે છે.

તેઓશ્રી નાનપણથી જ અતિ વિચક્ષણ, સત્યના કામી અને આત્મત્વપ્રાપ્તિના પુરુષાર્થી હતા એ વાત તો જગવિદિત છે. તેથી તેઓ પાછા પોતાની જાતને સમજાવે છે કે આત્મન્ ! પોતાની જાતે જાતે અમુક વસ્તુઓ જ્ઞાનમાં ચોખ્ખી નથી થતી, તે સદ્‌ગુરુથી જ સમજાય. શ્રીમદ્‌જી સદ્‌ગુરુનું શરણું ઈચ્છે છે, પરંતુ તે સમયે પણ તેઓશ્રીને સદ્‌ગુરુનો યોગ દુર્લભ જણાયેલો. તે સમયે તેઓશ્રી પાસે આત્મદર્શન ન હોવા છતાં પોતે સદ્‌ગુરુ તરીકે પ્રખ્યાતિ પામેલાં તેનો તેઓશ્રીને ખેદ વર્તે છે અને તે પત્રાંકમાં પ્રગટ પણ કરે છે. આ જ મહાન પુરુષોની મહાનતા છે કે તેઓ કીર્તિ-પૂજા-સત્કારાદિથી દૂર રહેવા ઈચ્છે છે. સૂક્ષ્મ પરિણામે કરી સ્વદ્રવ્યની પરિણતિને સ્વદ્રવ્યમાં સ્થિર કરી સાચી મહાનતા પ્રાપ્ત કરવા ઈચ્છે છે. શ્રીમદ્‌જીએ આત્મ-અનુભવ પહેલાંના પરિણામોનું આલેખન કરી આપણા પર ઘણો જ ઉપકાર કર્યો છે. અનેક જ્ઞાનીઓએ પોતાના સમ્યક્ સન્મુખના પરિણામો જુદી જુદી રીતે આલેખ્યાં છે, જે સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિ અર્થે જ કહ્યાં છે. જે આપણને સૌને પ્રેરણાદયી નિવડે અને પરમકૃપાળુદેવની આવી ઉત્તમ પ્રસાદી સૌને તુરંત મળે એ જ ભાવથી મારું આ લખવું સફળ થશે.

આત્યંતિક શુભભાવોના ઉછાળા આવવાં છતાં દૃષ્ટિ સ્વદ્રવ્યમાં સ્થિર ન થતાં શ્રીમદ્‌જી ઉત્કટ દર્શનપરિષહ વેદે છે.

હવે શ્રીમદ્‌જી પોતાના પુરુષાર્થને પ્રબળ બનાવવા અર્થે પર્યાયની મૂઢતાનો સ્વીકાર કરી, કર્મબંધને સ્થાન આપી પ્રભુ પાસે પ્રયાચના કરે છે કે હે પ્રભુ ! મને સમ્યગ્‌દર્શન નહીં મળે તો હું અવશ્ય ઝેર પીને મરી જઈશ !

પુરુષાર્થમાં શુભ સંકલ્પ-વિકલ્પોની જાળના ઘેરાવાથી ગભરાઈને તેમનું અંતર કાંતો મરણ ઈચ્છે છે અથવા પ્રભુદર્શન ઈચ્છે છે, જ્યારે જીવ આવો પ્રબળ અને પરાક્રમયુક્ત પુરુષાર્થ ઉપાડે છે ત્યારે હરિને હાજર થવું જ પડે છે.

શ્રીમદ્‌જીને અંતરમાં ઊઠતાં દરેક શુભભાવો કાળા સર્પ જેવા ભાસે છે. બસ શુદ્ધતામાં સ્થિર થવું છે, ઠરવું છે અને ત્યાં જ વિસામો લેવો છે.

સાચા મુમુક્ષુજનોને આવો વિરલ પુરુષ શુભમાં રમતો દેખાય, નિરંતર સત્શાસ્ત્રો-સંતો અને વૈરાગીઓનો પરિચય કરતો જણાય છે, ભક્તિમાં ઓતપ્રોત થતો જણાય છે, પોતાના દોષો જાહેર કરતો જણાય છે, અનેક નિકટવર્તી મુમુક્ષુઓ વડે પૂજાય છે. પરંતુ તે વિરલ આત્મા અહીં અટકી ન જતાં, દેવશાસ્ત્રગુરુનું આલંબન લેતો થકો વારંવાર અંતરમાં ડૂબકી મારવા લાગે છે. ધ્યાનમાં બેસે ત્યારે આત્યંતિક શુભભાવોનો ધસારો થાય છે તે બધાંને હડસેલીને તે પોતે, પોતાથકી, પોતાના વડે, પોતાને જ સાધન બનાવી, પોતે જ સાધ્ય સાધી લે છે. આ તે જ ક્ષણ છે કે જ્યાં જીવ ઈન્દ્રિયાતીત થતાં અતીન્દ્રિય આનંદનો આસ્વાદ લે છે. પરનું એકત્વ તૂટતાંની સાથે જ સ્વનું એકત્વ કાયમી થઈ જાય છે. તે જ સમયે કર્મનો આસ્રવ, સંવર, બંધ અટકી જતાં સમ્યક્ નિર્જરા ચાલુ થાય છે. આવો જીવ નિરંતર આત્મ અનુભવ ન કરતો હોવા છતાં અજ્ઞાનતામાં તે જેવું 'પર' સાથે જોડાણ કરતો હતો, તેવું જોડાણ હવે નથી કરી શકતો.

શ્રીમદ્‌જીએ આપણને પત્રાંક - ૧૬૧ થી ૧૬૪ માં પોતે સિદ્ધ કરેલ આત્મરૂપી માખણને વલોવવાની પ્રક્રિયા જણાવી હોય તેવું જણાય છે; જેથી આપણે પણ યથાશક્તિ પુરુષાર્થની મુખ્યતા કરી તે પ્રક્રિયા આજથી જ ચાલુ કરી દઈએ. ■

# શ્રી રાજવંદના

પૂર્ણિમાબેન શાહ

## ગુરુ રાજચંદ્ર એમ બોધે

સૂત્રો અને શ્રાવકપણું, તપશ્ચર્યાદિ સાધનો જે કહ્યાં,
તે તે સર્વ એક આત્માનો લક્ષ થવાને કહ્યાં;
આત્માર્થે થતાં પ્રયત્નોથી સમ્યક્ત્વ થવું સંભવે,
ગુરુ રાજચંદ્ર એમ બોધે, તો જીવનું ભ્રમણ ટળે.

સત્સમાગમમાં આવી, આજ્ઞાનું આરાધન જો કરે,
અંતઃકરણની શુદ્ધિ થતાં જ્ઞાન આપોઆપ મળે;
નિષ્કામપણું અને ભક્તિ થકી, માહાત્મ્ય સમજાય છે,
ગુરુ રાજચંદ્ર એમ બોધે, જ્ઞાનીથી જ્ઞાન પમાય છે.

સંસારમાં રહેવું ઉદાસ અને પરના ગુણમાં પ્રીતિ રહે,
અલ્પ પણ નિજ દોષ વિષે, કલેશ ઉપજવો સંભવે;
દોષના વિલય મહીં, અત્યંત વીર્યનું સ્ફુરવું,
ગુરુ રાજચંદ્ર એમ બોધે, રહો સ્મરણ આ સર્વનું.

નિજના મહિમાયોગ્ય ગુણથી ઉત્કર્ષ પામવું ઘટતું નથી,
અલ્પ પણ નિજદોષ વિષે અભાન રહેવું ઘટતું નથી;
સત્સંગ, સત્શાસ્ત્ર અને સદ્‌ગુરુ એ તેના ઉપાય છે,
ગુરુ રાજચંદ્ર એમ બોધે, એથી સિદ્ધિ સધાય છે.

આરંભ અને પરિગ્રહની નિવૃત્તિનું ફળ કેવળજ્ઞાન છે,
અસત્સંગથી ઉત્પન્ન થતી ઈચ્છામાં જીવ રમમાણ છે;
એ ભાવની નિવૃત્તિ વિના જીવ ઈચ્છી રહ્યો કલ્યાણ છે,
ગુરુ રાજચંદ્ર એમ બોધે, તે જીવનું અજ્ઞાન છે.

રૂડું દેખાડવા જગતને પ્રયત્ન અનંતવાર કર્યું,
રૂડું થયું નહીં જીવનું, પરિભ્રમણ પ્રત્યક્ષ રહ્યું;
એક ભવ જો જીવનું રૂડું કરવામાં વ્યતીત થશે,
ગુરુ રાજચંદ્ર એમ બોધે, તો ભવોનું સાટું વળી રહેશે.

પરિભ્રમણના હેતુઓ જીવને મહાબંધન છે,
એ બંધનથી છોડાવે તે સાધનો શ્રેષ્ઠ છે;
શ્રેષ્ઠ સાધનને ગ્રહવાં તે જ જીવને યોગ્ય છે,
ગુરુ રાજચંદ્ર એમ બોધે, તે જ સમાધિજોગ છે.

આત્મા આત્મભાવ પામે તે પ્રકાર ધર્મરૂપ છે,
આત્મા અન્યભાવ પામે તે પ્રકાર અન્યરૂપ છે;
ગુરુરાજચંદ્ર એમ બોધે, ધર્મ એ વસ્તુ બહુ ગુપ્ત છે,
મહાભાગ્યથી ગુરુઅનુગ્રહે પ્રાપ્ત તેનું સ્વરૂપ છે.

જે પ્રકારે પરદ્રવ્યના કાર્યનું સંક્ષેપપણું થાય છે,
નિજદોષ દર્શનનો દૃઢ નિશ્ચય જ્યારે રખાય છે;
સત્સંગ અને સત્શાસ્ત્ર વિષે પરમભક્તિ વર્તાય છે,
ગુરુ રાજચંદ્ર એમ બોધે, ત્યારે સમાધિ થાય છે.

સમયે સમયે જીવના ઉપયોગને આકર્ષતો સંસાર છે,
તેમાં ક્ષણમાત્ર અવકાશ લેવા જ્ઞાનીપુરુષનો નકાર છે;
જગત સ્પૃહામાં જેમ જેમ ખેદ ઊપજતો જાય છે,
ગુરુ રાજચંદ્ર એમ બોધે, જ્ઞાનમાર્ગ સ્પષ્ટ સિદ્ધ થાય છે.

અનિત્ય, અશરણ અને અસાર એવો આ સંસાર છે,
જીવને તે સંસારમાં પ્રીતિનું કારણ અપાર છે;
અનિત્ય પદાર્થ પ્રત્યે જીવને મોહબુદ્ધિ થાય છે,
ગુરુ રાજચંદ્ર એમ બોધે, તેથી આત્મિકસુખ અવરાય છે.

અસંગતાએ આત્મભાવ સિદ્ધ કરવો યોગ્ય છે,
એ પ્રકારે પ્રવર્તવું એ જ જિનનો બોધ છે;
સંયોગી ભાવમાં જીવને તાદાત્મ્યપણું જણાય છે,
ગુરુ રાજચંદ્ર એમ બોધે, તેથી દુઃખનો અનુભવ થાય છે.

પ્રમાદભાવમાં જીવ રાચી રહ્યો છે અનાદિકાળથી,
તેથી જીવનું ભૂંડું થયું છે અનંત અનંત કાળથી;
જીવને નિજહિતનો ઉપયોગ રહેવો અતિ દુષ્કર છે,
ગુરુ રાજચંદ્ર એમ બોધે, પ્રમાદ અતિ દુઃખકર છે.

સંસાર માત્ર પુણ્યપાપના ઉદયરૂપ જણાય છે,
પરમાર્થથી તે બન્ને પરના કર્યા મનાય છે;
પૂર્વે બાંધેલા કર્મનો, જીવને ભોગવવો ભોગ છે,
ગુરુ રાજચંદ્ર એમ બોધે, સાક્ષીભાવ જ યોગ્ય છે.

## અહો રાજચંદ્ર !

ચંદ્રની ચાંદનીમાં સૂર્યનો પ્રકાશ થયો,
અજ્ઞાન અંધકારમાં જ્ઞાનનો ઉજાસ થયો;
શિશુવયમાં જ્ઞાનવૃદ્ધનો આભાસ થયો,
અહો રાજચંદ્ર ! દુષમકાળે તમારો વાસ થયો !

વૈશ્યવેષમાં ઉદાસીનતાનો નિવાસ થયો,
હીરામોતીમાં અધ્યાત્મનો પ્રતિભાસ થયો;
વિપુલ ધનરાશિમાં આત્મા અતિ ઉદાસ થયો,
અહો રાજચંદ્ર ! સુખમાં પણ સુખાભાસ થયો !

મોહમયીમાં અમોહસ્વરૂપનો નિવાસ થયો,
પરમપુરુષ મુમુક્ષુઓનો દાસાનુદાસ થયો;
પુરુષસિંહમાં પરમ કારુણ્યનો વાસ થયો,
અહો રાજચંદ્ર ! કેવો વિરોધાભાસ થયો !

સંસારના યોગમાં વૈરાગ્યનો જોગ થયો,
સર્વસંગપરિત્યાગની ઇચ્છાનો નિરોધ થયો;
તરણતારણને અલ્પ આયુષ્યનો ભોગ થયો,
અહો રાજચંદ્ર ! કેવો જોગ - સંજોગ થયો !

બાહ્ય ઉપાધિમાં સમાધિનો સંયોગ થયો,
પ્રવૃત્તિમાં સંસારનિવૃત્તિનો બોધ થયો;
વીતરાગીને સત્સંગનો અતિશય લોભ થયો,
અહો રાજચંદ્ર ! લોભને પણ ઘણો ક્ષોભ થયો !

વિકરાળ કલિકાળમાં સત્‌યુગનો વાસ થયો,
જૂઠ અને પાખંડ વચ્ચે સરળતાનો નિવાસ થયો;
અન્યાય અને આતંકમાં સત્‌નો સહવાસ થયો,
અહો રાજચંદ્ર ! તિમિરમાં જ્યોતિપ્રકાશ થયો !

કૃશ દેહમાં પરમબુદ્ધિનો આવિષ્કાર થયો,
અલ્પ આયુષ્યમાં ઉત્કૃષ્ટ યોગનો સંચાર થયો;
સંસારીને આત્મસ્વરૂપનો અજબ નિર્ધાર થયો,
અહો રાજચંદ્ર ! અદ્‌ભુત જ્ઞાનાવતાર થયો !

અહિંસકના હાથે કષાયો પર વાર થયો,
અનાદિકાળના કર્મોનો અજબ સંહાર થયો;
કૃશ દેહનો પણ વસુંધરાને ભાર થયો,
અહો રાજચંદ્ર ! સફળ તમારો અવતાર થયો !

## પ્રણમું શ્રી રાજને

તેજસ્વી નયનો અને ગંભીર દશા,
ચિંતનાત્મક મુદ્રા અને ચિત્તની વ્યથા;
ઉપસાવતી મનના મનોમંથનની કથા,
પ્રણમું શ્રી રાજને, ધન્ય આપની દશા.

ધીરગંભીર અને અપૂર્વવાણી,
ફૂટતી હૃદયમાંથી સ્નેહસરવાણી;
જગહિતકારિણી અને મોક્ષચારિણી,
પ્રણમું શ્રી રાજને, ધન્ય આપની વાણી.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી અબંધ,
સત્સંગ અને નિવૃત્તિનો રહ્યો પ્રતિબંધ;
સર્વ પ્રકારે આત્મસ્વરૂપનો સંબંધ,
પ્રણમું શ્રી રાજને, ધન્ય આપ નિગ્રંથ.

વૈશ્યવેશ અને ઉદાસીન વૃત્તિ,
વિકટ કેવી મિશ્રગુણસ્થાનક સ્થિતિ;
સર્વસંગપરિત્યાગની ઝંખના અતિ,
પ્રણમું શ્રી રાજને, ધન્ય આપની પરિણતી.

આત્મિક સુખથી વર્તતું પરિતૃપ્તપણું,
દુન્યવી પદાર્થથી ચિત્ત દૂર ઘણું;
આત્મભાવને વિષે વર્તતું સ્થિરપણું,
પ્રણમું શ્રી રાજને, ધન્ય આપનું અબંધપણું.

• • •

# સનાતન સત્ય ધર્મના ઉદ્ધારક કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી

**જયકાંત શાંતિલાલ ઘેલાણી**

**મળે કે ના મળે, સત્ય, અન્યના જીવનમાંથી,**
**'પ્યારે' મળશે સત્ય જરૂર, તને તારા જ જીવનમાંથી.**

જગતનો માનવી આજે ભૌતિક સુખ મેળવવાની દોડમાં, અનેક પુણ્યોદયે મળેલા અમૂલ્ય માનવજીવનને વેડફી રહ્યો છે અને તેમાં પણ જગતના સનાતન છ દર્શન વેદાંત, જૈન, સાંખ્ય, યોગ, નૈયાયિક અને બૌદ્ધને આધારિત જુદાં-જુદાં સર્વ ધર્મમાં છુપાયેલાં આત્મિક ધર્મને ભૂલી પોતાને સગવડરૂપ લાગતા સિદ્ધાંતો, વ્યક્તિઓ અને સંપ્રદોયોમાં વ્યસ્ત બની ગયો છે. આવા સંજોગોમાં આત્મિક (સાચી) શાંતિ મળવી કેવી રીતે સંભવી શકે ? અને તેમાં પણ પોતાની જાતને કહેવડાવતાં ગુરુઓ (કુગુરુઓ) પોતાનું વર્ચસ્વ જમાવવા અને પોતાને અનુરૂપ પોતાના જ હક્કો સાચાં ઠેરવવાં, અનુયાયીઓને ખોટે રસ્તે દોરી રહ્યા હોય ત્યારે કહેવાતા સાધક જ સંહારક બની રહ્યાનું અનુભવાય છે. રક્ષક જ ભક્ષક બની રહ્યાનો ભય દેખાય છે. ''યોગપુરુષ જગતનું કલ્યાણ કરો.''

જગતમાં ઉપરના છ દર્શન કાયમ છે, છતાં દંભી કુગુરુઓએ પોતાના સ્વાર્થ માટે સત્યધર્મનું ખોટી રીતે પ્રતિપાદન કરી મત-મતાંતર વધાર્યા. જૈન દર્શનના પાયાના સિદ્ધાંતો-સત્ય-પ્રેમ-અહિંસા-અપરિગ્રહ અને પર્યાવરણને ભૂલી, મૂળભૂત સિદ્ધાંતોમાં બાંધછોડ કરી, અશાંતિ અને ભયનું વાતાવરણ ફેલાવ્યું તેવા વિકટ સમયે વવાણિયા ગામમાં શ્રીમદ્ રાજચંદ્રજીનો જન્મ વિ.સં. ૧૯૨૪ માં થયો તે પણ એક યોગાનુયોગ કહી શકાય.

બાળપણથી જ ઘણી વિચક્ષણબુદ્ધિ, અપાર યાદદાસ્ત અને અમાપ આત્મશક્તિ ધરાવતા હતા. પારિવારિક સંબંધોને કારણે બચપણથી જ વૈષ્ણવ સંપ્રદાય તેમજ જૈન સંપ્રદાયની અમાપ છાંટ તેઓના ઉછેરમાં વારસાગત મળી હતી.

પ્રાથમિક-વ્યવહારિક અભ્યાસકાળમાં તેઓની વિરલ યાદશક્તિ અને કુશાગ્રબુદ્ધિથી સ્કૂલના શિક્ષકો તેમજ આચાર્ય પણ ઘણાજ પ્રભાવિત રહેતા અને તેઓને, આગળને આગળના ધોરણમાં અભ્યાસ કરવાની અનુમતિ આપતા હતા. જે 'પુત્રના લક્ષણ પારણામાં' કહેવતને સાર્થક કરી હતી.

યુવાનવયે ધીમે-ધીમે એકસો અવધાન કરવાની ક્ષમતા કેળવી અને જાહેરમાં અવધાન પ્રયોગો કરી ભારતીય પ્રજામાં તેમજ અંગ્રેજ અમલદારોમાં પોતાનું નામ રોશન કર્યું. અંગ્રેજ અમલદારોએ તેઓને બ્રિટન આવી આવા અવધાનના પ્રયોગો કરવા તેમજ તેના બદલામાં મોટી રકમના ધન અને માનની ઑફર કરી, પરંતુ 'આત્મધ્યાન' માં વિચરતા યુગપુરુષે ધન અને માનની ઑફર ઠુકરાવી.

નાની ઉંમરમાં દરેક ધર્મના ગ્રંથોનો વિશેષ અભ્યાસ કર્યો અને તેમાં તેઓને જૈનધર્મના સિદ્ધાંતો અને આગમવાણીના વિશેષ અભ્યાસ દ્વારા જૈનધર્મ જ પ્રમાણભૂત ધર્મ જણાયો અને તેઓએ સ્વીકાર્યો. પછી તો ગહન અભ્યાસ માટે વિશેષ ને વિશેષ ગ્રંથો મેળવ્યા અને તે સમયે જૈનધર્મમાં ફાલી-ફૂલી રહેલી તર્કહીન વાતોનો છેદ ઉડાવ્યો અને પ્રમાણભૂત વાતો, પત્રો દ્વારા તેમજ

સત્સંગ દ્વારા જનમાનસ સુધી પહોંચાડવા અવિરત પ્રયત્ન આરંભ્યો.

તે સમયે, તેઓને સાધુસમાજ તેમજ શ્રાવકવર્ગનો જોઈએ તેવો સહકાર મળ્યો નહિ. છતાં આગમવાણીના સત્યને રજૂ કરતા પોતાના પ્રયત્નોમાં કદી કચાસ રાખી નહિ અને નમ્રતાપૂર્વક આત્મધર્મને સમજાવવાના પ્રયત્નો ચાલુ જ રાખ્યા કારણ તેઓ દુનિયાને એ સમજાવવા માગતા હતા કે જૈનદર્શન એ પૂર્ણ દર્શન છે. સોનું તે સોનું જ રહે છે.

હા, તેમના આ સત્ પ્રયાસમાં સાધુ સંપ્રદાયમાંથી પૂ. લઘુરાજ સ્વામી જેવા કેટલાંક સાધુઓનો અમૂલ્ય સહકાર મળ્યો. સાથે સુ.શ્રી સૌભાગ્યભાઈ, શ્રી જૂઠાભાઈ, શ્રી અંબાલાલભાઈ જેવા અનેક શ્રાવકોનો સહકાર બહુમૂલ્ય રહ્યો અને સહકારનો બદલો પણ, શ્રીમદ્ સાચો આત્મધર્મ બતાવી ચૂકવ્યો.

બ્રિટીશ હકૂમત પાસેથી ફક્ત સત્ય અને અહિંસાના શસ્ત્ર વડે આપણને આઝાદી અપાવનાર પૂ. મહાત્મા ગાંધીજીએ પોતાની નોંધપોથીમાં લખેલ છે કે, "ઘણીવાર કહીને લખી ગયો છું કે ઘણાના જીવનમાંથી ઘણું બધું લીધું છે પણ સૌથી વધારે કોઈના જીવનમાંથી મેં ગ્રહણ કર્યું હોય તો, તે કવિ શ્રીમદ્‌ના જીવનમાંથી છે. દયાધર્મ પણ હું તેમના જીવનમાંથી જ શીખ્યો છું....

ખૂન કરનાર ઉપર પણ પ્રેમ કરવો, એ દયાધર્મ મને કવિશ્રીએ શીખવ્યો છે. એ ધર્મનું મેં કૂંડા ભરીને પાન કર્યું છે." ('જીવનકળા'માંથી)

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી, કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રની પ્રતિભાથી ઘણા જ પ્રભાવિત થયેલા, અને તેઓને મુંઝવતા પ્રશ્નોનું સમાધાન પૂ. કૃપાળુદેવ પાસેથી મેળવતા. પૂ. ગાંધીજી અને શ્રીમદ્ રાજચંદ્રજીનો પ્રશ્નોત્તર પત્રવ્યવહાર પુસ્તકરૂપે અગાસ આશ્રમ તરફથી બહાર પણ પડેલ છે.

બાળવયમાં, સ્નેહીજનના મૃત્યુ પછીની દહનવિધિની ક્રિયા જોઈ અને વડીલો પાસેથી જન્મ અને મૃત્યુ વિષેની વિશેષ છણાવટ સાથેની જાણકારી/જ્ઞાનપિપાસા વિશેષ ને વિશેષ વધતી ચાલી અને પોતાની દિવ્યદૃષ્ટિ વડે પૂર્વભવોનું સચોટ જ્ઞાન પ્રાપ્ત કર્યું.

ઝવેરાતના વેપાર સાથે પોતાના જીવનનો અમૂલ્ય સમય તેઓએ વિશેષ ને વિશેષ જ્ઞાન કેળવવામાં અને તે જ્ઞાનની પ્રસાદી - સદ્‌ભાગી મુમુક્ષુઓને પત્ર દ્વારા આપી. અવકાશના સમયમાં તેઓ એકલતાના વિશેષ આગ્રહી હતા. ગુજરાતની ચરોતર ભૂમિના વિસ્તારમાં તેઓ કલાકો સુધી ચિંતન-ધ્યાન અવસ્થામાં ગરકાવ થઈ જતા હતા.

કર્મના સિદ્ધાંત સમજનારા અને સમજાવનારા પૂ.કૃપાળુદેવને સર્વસંગપરિત્યાગના ભાવ હતા. પરંતુ ૩૪ વર્ષની ભરયુવાન વયે વિ.સં. ૧૯૫૭ માં અસાધ્યરોગથી રાજકોટ મુકામે નશ્વર દેહનો ત્યાગ કરી આત્મસ્વરૂપને પામ્યા.

વિશ્વને તેઓ અલ્પ સમયમાં આધ્યાત્મિક-ધર્મના સાહિત્યનો અમર વારસો આપી ગયા છે. તેમાં વિશેષ ઉલ્લેખનીય તેવા 'મોક્ષમાળા', 'છ પદનો પત્ર', 'આત્મસિદ્ધિશાસ્ત્ર' વગેરે માનવજાતને માટે ઘણા જ ઉપકારી સાધન-સાહિત્ય છે. માનવીને જીવન-મરણના ભવફેરામાંથી છૂટવાને માટે કર્તા-કર્મ અને ભોક્તાનો સરળભાષામાં સમજાવેલો તેમનો સદ્‌બોધ, ડૂબતાં પ્રાણીઓને માટે જહાજ સમાન છે.

ઓ રાજ તારી આત્મવાણી, જાણી અમે સૌ થયા પાણી-પાણી... ઓ રાજ તારી વાણી...

# व्यवहार धर्म व परमार्थ धर्म में पारस्परिक संबंध

बा. ब्र. सुरेशजी

आर्य जीवनपद्धतिमें चेतना के विकास के लिए चार प्रकार के पुरुषार्थ हमारे आर्षदष्टा मनीषियों ने निर्धारित किये है – धर्म, अर्थ, काम एवं मोक्ष । न्यायनीतिपूर्वक धनोपार्जन करना अर्थ पुरुषार्थ है । '**तेन त्यक्तेन भुंजिथाः ।**' अर्थात् त्यागपूर्वक भोग करना वह काम पुरुषार्थ है । समस्त जागतिक पदार्थो व भावों से सर्वथा निवृत्त होकर पूर्णत्व की प्राप्ति का नाम मोक्ष है । उपयुक्त तीनों का आधार धर्म पुरुषार्थ है ।

भारतीय साहित्य में धर्म को '**धारयते इति धर्मः ।**' अर्थात् जो धारण किया जाता है वह धर्म है ऐसा कहा गया है । धारण करने का अर्थ चेतना के विकास के लिए जिन तत्वो या संस्कारो को धारण किया जाता है उनसे है । धर्म के इस विस्तृत व व्यापक स्वरुप को आर्य चिन्तको ने चार प्रकार से समझाया है –

**१. वस्तु सहावो धर्म :**

अर्थात् जो वस्तु का स्वभाव है वही उसका मूल धर्म है । जैसे कि अग्नि का स्वभाव उष्णता है तो उष्णता ही उसका धर्म कहा जायेगा । वैसे ही जल का शीतलता, जीव का चैतन्यता आदि ।

**२. रत्नत्रयं च धर्म :**

रत्नत्रय का अर्थ सम्यक् श्रद्धा, सम्यक् ज्ञान व सम्यक् आचरण से है । परमात्म तत्त्व जैसा हे वैसा ही बिना संशय, विभ्रम, विपर्यास पूर्वक जानना वह सम्यक् ज्ञान है । परमात्म तत्त्व जैसा है वैसी ही स्वानुभव पूर्वक की अचलश्रद्धा सम्यक् श्रद्धा है । परमात्व तत्त्व जैसा है वैसा ही जानकर, मानकर उस रुप होना वह सम्यक् आचरण है । इन तीनों की पूर्णता ही मोक्ष है । मोक्ष ही जीवन का मूल स्वभाव है । अतः यही धर्म है ।

**३. जीवानाम् रक्षणो धर्म :**

अहिंसा जीव का स्वभाव है । इसका विरोधी तत्त्व हिंसा है । यह दो प्रकार से होती है – मन, वचन, काय से परजीवों के प्राणों का हरण या उसे किसी भी प्रकार की शारीरिक या मानसिक कष्ट पहुँचाना । इसे परहिंसा कहते हे । परहिंसा से या पर निमित्त से राग-द्वेषादि उत्पन्न होने से आत्मा के मूल गुणों का घात होता है वह स्वहिंसा है । उपरोक्त दोनों प्रकार की हिंसा से परजीवों व स्वात्मा की रक्षा करना ही अहिंसा है । यह जीव का मूल स्वभाव होने से धर्म है । इसी कारण श्रुतियों मे 'अहिंसा परमो धर्मः' कहा गया है ।

**४. क्षमादि दशलक्षण धर्म :**

क्षमा, विनय, सरलता, सत्य, संतोष, संयम, तप, त्याग, निर्ममत्व, ब्रह्मचर्य इन दस भावों को धर्म कहा गया है । क्योंकि क्रोध, अहंकार, कपट, झूठ, लालच, असंयम, शाताशिलीयपना, संग्रहवृत्ति, ममत्व, स्त्री आदि बाह्य पदार्थों में प्रवर्तन आदि जो भाव है, वे पर निमित्तजन्य-कर्मोपाधिजन्य है अतः पर है । इसके विपरीत क्षमादि भाव आत्मा के मूल व स्वभाव हैं, अतः ये ही धर्म है ।

उपर्युक्त जो धर्म का स्वरुप कहा गया है उसे क्रियात्मक दृष्टि से दो भागो में विभाजित

किया गया है –

## *व्यवहार धर्म – परमार्थ धर्म*

**१. व्यवहार धर्म :**

सामान्यतया जो बाहर दिखता है वह व्यवहार कहलाता है । व्यवहार तीन प्रकार से होता है । प्रथम तो जो जागतिक संबंधो या समाज जीवन संबंधी जो कर्तव्य आदिरुप होता है वह । दूसरा सुगति आदि की प्राप्ति हेतु जो पुण्यरुप धर्मक्रियायें की जाती है वह, उसे धर्म व्यवहार कहा जाता है । तीसरा निष्काम अर्थात् केवल मोक्षार्थ जो परमार्थ द्रष्टि रखकर जो धर्मक्रियायें की जाती है वह परमार्थ परमार्थ व्यवहार कहलाता है ।

### व्यवहार धर्म व परमार्थ धर्म में पारस्परिक संबंध:

व्यवहार धर्म व परमार्थ धर्म में दो प्रकार के संबंध हमारे प्राच्य तत्त्वज्ञो ने बताये है **:**

**१. निमित्त - नैमित्तिक संबंध :**

तत्त्व पुरुषार्थ द्वारा परमार्थ द्रष्टि से देखा जाये तो आत्मा स्वयं ही स्वपुरुषार्थ द्वारा धर्मरुप परिणत होता है, अत**:** बाह्य धर्मक्रिया तथा स्वाध्याय, संयम आदि निमित्त मात्र है । क्योंकि शुभ और शुद्ध भावों का मात्र निमित्तरुप ही संबंध है । परंतु निमित्त के बिना भी कार्य संभवित नहीं है यह सदैव स्मरण रखने योग्य बात है ।

**२. कार्य-कारण संबंध:**

यद्यपि परमार्थ द्रष्टि से व्यवहार धर्म व परमार्थ धर्म में मात्र निमित्त–नैमित्तिक ही संबंध है फिर भी व्यवहारापेक्षा से कार्य–कारण संबंध भी कहा गया है । क्योंकि भक्ति, स्वाध्याय, आदि परमार्थ के प्रत्यक्ष देखे जाते हैं । ये हेतु भी दो प्रकार से होते है **:**

**( १ ) परम्परा हेतु :**

पूजा, भक्ति, दान, संयम आदि जब आत्मार्थ के लिए किये जाते है तो परभव में या इस भव में ही परम्परा के हेतुभूत बन जाते हैं । जैसे देव–शास्त्र–गुरु की पूजा–भक्ति । भक्ति से अर्जित पुण्य द्वारा तथारुप सुदेव, सुगुरु आदि की प्राप्ति होती है, उनके उपदेश से तत्त्वद्रष्टि की प्राप्ति होती है, जो परमार्थ का कारण है ।

**( २ ) तात्त्विक हेतु :**

जब साधक परमार्थ द्रष्टि रखकर भक्ति, पूजा, स्वाध्याय आदि साधना करता है तो तत्काल ही उसके भावों की विशुद्धि होती जाती है, यही भाव विशुद्धि उसके लिए तत्क्षण परमार्थ तत्त्व में तन्मयता का अनन्य कारण बन जाती है ।

वस्तुत**:** व्यवहार वही है जो परमार्थ की तरफ ले जाये । यदि उस व्यवहार से परमार्थ की प्राप्ति नहीं होती है तो वह संसार का ही कारण बन जाता है, यही बात परम तत्त्वज्ञ श्रीमद् राजचंद्रजी कहते है **:**

**एक होय त्रण कालमां, परमारथनो पंथ;**
**प्रेरे ते परमार्थने, ते व्यवहार समंत ।**

अत**:** व्यवहार व परमार्थ का यथोचित समन्वय ही मोक्ष का सुसंगत उपाय है । पुन**:** परमकृपालु श्रीमद्जी कहते है –

**निश्चय वाणी सांभळी, साधन त्यजवां नो'य;**
**निश्चय राखी लक्षमां, साधन करवां सोय ।**

महापुरुषों द्वारा बताये गये व्यवहार – परमार्थरुप मार्ग का सेवन कर हम चरमलक्ष्य मोक्ष को पा जाये यही परमात्मा से प्रार्थना...


**॥ श्री सद्‌गुरुचरणार्पणमस्तु ॥**

# સમાજ-સંસ્થા દર્શન

## શ્રુતભક્તિમય શ્રુતસંપુટ સમર્પણ સમારોહ

સુરક્ષિત શ્રી જ્ઞાનને સંકલિત, સુરક્ષિત અને સંવર્ધિત કરવાના પ્રયોગ સંઘ દ્વારા થતા રહ્યા છે. અમેરિકામાં કાર્યરત 'જૈના' સંસ્થાની અંતર્ગત જૈના એજ્યુકેશન કમિટિ દ્વારા છેલ્લા કેટલાંય વર્ષોથી શ્રુતસંગ્રહણનું કાર્ય ઓનલાઈન તથા ડી.વી.ડી. રૂપે કરવામાં આવે છે. એ શ્રૃંખલામાં ૪ ડી.વી.ડી.ના દ્વિતીય સેટ રૂપે નવીન સંકલન શ્રી સંઘને સમર્પિત કરવાનો સમારોહ તા. ૫-૨-૨૦૧૨ના દિવસે શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબાના જ્ઞાનમંદિર ખાતે યોજાઈ ગયો. આ ૪ ડી.વી.ડી.ના સેટમાં ૧૮૫૩ જેટલાં પુસ્તકો તથા અન્ય પ્રકાશનો સંકલિત છે. પૂજ્ય આચાર્ય અમૃતસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ મુનિ ભગવંતોની શુભ નિશ્રામાં તેમજ શ્રી મધુસૂદનભાઈ ઢાકી, આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શ્રી સંવેગભાઈ લાલભાઈ, ડૉ. સાગરમલજી જૈન તથા અન્ય જૈન વિદ્વાનોની ઉપસ્થિતિમાં ઉપરોક્ત સમારોહ યોજાઈ ગયો. આપણી સંસ્થામાંથી પૂજ્યશ્રી તથા પૂજ્ય બહેનશ્રી સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા.

## ડો. કુમારપાળ દેસાઈને 'જૈન વિભૂષણ'નું સન્માન




પ્રસિદ્ધ સાહિત્યકાર, પત્રકાર અને જૈનદર્શનના ખ્યાતિપ્રાપ્ત ચિંતક ડૉ. કુમારપાળ દેસાઈને ૩૭૫ સેન્ટરો અને સાઠ સભ્યો ધરાવતા જૈન સોશ્યલ ગ્રૂપ ફેડરેશન દ્વારા તેનો સર્વોચ્ચ ખિતાબ 'જૈન વિભૂષણ' ગોવામાં યોજાયેલી જૈન સોશ્યલ ગ્રૂપ ફેડરેશનના આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં આપવામાં આવ્યો.

આ સમયે ગોવા રાજ્યના મુખ્ય પ્રધાન શ્રી દિગંબર કામત ઉપસ્થિત રહ્યા હતા. વિખ્યાત રાષ્ટ્રીયસંત શ્રી ભૈયુજી મહારાજના હસ્તે આ સન્માન શરદ જૈન, સુરેશ કોઠારી અને અશોક જૈન જેવા પદાધિકારીઓની ઉપસ્થિતિમાં અર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ ૧૦૮ પુસ્તકો લખીને કરેલી સાહિત્યસેવા તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જૈનદર્શનના પ્રસારનું જે અવિસ્મરણીય કાર્ય કર્યું છે, તેની ખાસ નોંધ લેવાઈ હતી અને તાજેતરમાં 'મહાવીર કથા' અને 'ગૌતમકથા' દ્વારા જૈન ધર્મના સિદ્ધાંતોને દેશ અને વિદેશમાં ફેલાવવાના એમના વિશિષ્ટ કાર્યની અગ્રણીઓએ પ્રશંસા કરી હતી, તેમજ એમણે પુસ્તકો, અખબારની કૉલમ, પ્રવચનો અને અન્ય આયોજનો દ્વારા જૈનધર્મના ક્ષેત્રે કરેલાં અવિસ્મરણીય સર્વતોમુખી પ્રદાનનું ગૌરવ કર્યું હતું. કોન્ફરન્સના બે દિવસો દરમિયાન ડૉ. કુમારપાળ દેસાઈના 'વૈશ્વિક દૃષ્ટિએ જૈનદર્શન અને જીવનશૈલી' એ વિશે વક્તવ્યો રાખવામાં આવ્યા હતા. સમગ્ર કોબા પરિવાર પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈને હાર્દિક અભિનંદન પાઠવે છે.


## જ્ઞાનમંદિર, પાલડી મુકામે આધ્યાત્મિક શિબિર

શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, પાલડી (અમદાવાદ) મુકામે તા. ૨૪,૨૫ માર્ચ, ૨૦૧૨ (શનિ-રવિ) દરમ્યાન આત્માર્થી શ્રી પ્રકાશભાઈ ડી. શાહની 'ત્રિમંત્રનો સાર' વિષયના આધારે શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. (સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦)

## વૈરાગ્ય સમાચાર




(૧) **વાપી :** જીવનની સફરમાં અગણિત વ્યક્તિઓ મળી જાય છે, પરંતુ અમુક જ આપણા હૃદયમાં વસી જાય છે. અનેકના જીવનને દિશા દેનારા વ્યક્તિત્વનું સ્મરણ કરતાં જ આદરથી આપણું મસ્તક નમી જાય છે. આપણી સંસ્થા સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા પરોપકારી અને લાગણીશીલ સ્વભાવ ધરાવતા વાપી નિવાસી મુમુક્ષુ ભાઈશ્રી **પિનાકીનભાઈ ત્રિભોવનદાસ મહેતા**નું તા. ૧૬-૨-૨૦૧૨ના રોજ ૭૪ વર્ષની વયે શાંતિપૂર્વક દેહાવસાન થયું છે. તેઓ આપણી સંસ્થામાં અવારનવાર પધારી પૂજ્યશ્રી ગુરુદેવના સત્સંગ અને સ્વાધ્યાયનો લાભ લેતા હતા. તેઓ ધર્મપ્રેમી, વિનયવાન તેમજ સરળ પ્રકૃતિના હતા. શ્રી પિનાકીનભાઈ પોતાના કુટુંબીજનોને ધર્મનો વારસો સોંપતા ગયા છે. શ્રી પિનાકીનભાઈએ ધર્મનું શ્રવણ કરતાં કરતાં નશ્વર દેહનો ત્યાગ કર્યો છે. સ્વર્ગસ્થના આત્માને ચિર શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



(૨) **પૂના :** આપણી સંસ્થા સાથે સક્રિય સંકળાયેલ આદ.શ્રી પ્રતાપભાઈ મહેતાના નાનાભાઈ **શ્રી પ્રવીણચંદ્ર ગિરધરલાલ મહેતા**નું તા. ૩-૨-૨૦૧૨ના રોજ ૬૯ વર્ષની વયે દેહાવસાન થયું છે. સ્વર્ગસ્થ ધાર્મિક વૃત્તિના તથા મિલનસાર સ્વભાવના હતા. તેઓ ધાર્મિક અને સામાજિક સંસ્થાઓમાં દાન આપતા હતા. આપણી સંસ્થામાં અવારનવાર પધારીને તેઓ સત્સંગનો લાભ લેતા હતા. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે તેવી કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.




(૩) **પૂના :** પૂના નિવાસી આદ.શ્રી પ્રતાપભાઈ મહેતાના બહેન**શ્રી અનસૂયાબેન દોલતરાય દોશી**નું તા. ૧૮-૧૨-૨૦૧૧ના રોજ ૭૮ વર્ષની વયે દેહાવસાન થયું છે. તેઓ ધાર્મિક વૃત્તિના હતા. તેમણે અનેક સત્કાર્યો કર્યા હતા અને દાનવૃત્તિ પણ પ્રશંસનીય હતી. તેઓ આપણી સંસ્થામાં સત્સંગ અર્થે પધારતા હતા. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે તેવી કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



(૨) **આંત્રોલી (જિ. ખેડા) :** આપણી સંસ્થાના કાર્યનિષ્ઠ, સેવાભાવી, સરળ અને પ્રામાણિક કાર્યકર્તા શ્રી સંતોષભાઈ શંકરભાઈ રાણા (રાણાભાઈ) ના પિતાશ્રી **શંકરભાઈ માનાભાઈ રાણા**નું તા. ૧૪-૨-૨૦૧૨ ના મંગળવારના દિવસે ૮૫ વર્ષની જૈફ વયે દેહાવસાન થયું છે. તેઓને ધર્મ પ્રત્યે સારી રુચિ હતી. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે. શ્રી સંતોષભાઈ ઉર્ફે રાણાભાઈ છેલ્લા પાંચ વર્ષથી આપણી સંસ્થામાં સન્નિષ્ઠપણે સેવાઓ બજાવી રહ્યા છે.

# સંસ્થાના જિનમંદિરમાં શ્રી સત્‌શાસ્ત્રો (શ્રી જિનવાણી)ની સ્થાપનાની વેળાએ














Registered under RNI No. : GUJGUJ/2008/25883
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal
Regd. No. : GAMC - 309/2012-14 issued by SSP Ahmedabad valid upto 31-12-2014

## મહોત્સવ દરમ્યાન ભાવવાહી ભક્તિસંગીત પીરસતા રાજભક્તો





### આ વિશિષ્ટ અંકના સહયોગી દાતાઓ

શ્રી રાજમંદિર પ્રતિષ્ઠા મહોત્સવ વિશેષાંક માટે નીચેના પ્રત્યેક મહાનુભાવો તરફથી રૂા. ૧૧,૦૦૦/-નો આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે. સંસ્થા સર્વ દાતાઓના 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

૧ શ્રી દીપકભાઈ અને શ્રી દીપ્તિબેન શાહના સુપુત્ર ચિ. દેવાંગ શાહના જન્મદિવસ નિમિત્તે (રાજકોટ)

૨ સ્વ. રેવાશંકર ડાહ્યાભાઈ સંઘવીની ૫૦મી પુણ્યતિથિ નિમિત્તે હસ્તે. શ્રી સરોજબેન સી. પારેખ (રાજકોટ)

૩ શ્રીમદ્ રાજચંદ્ર સત્સંગ મંડળ, સાંતાક્રુઝ - વીલેપાર્લા - અંધેરી (મુંબઈ), હસ્તે. આદ. શ્રી મહેન્દ્રભાઈ દોશી (બાપુ)

૪ 'જમનાદાસ હેમાણી ટ્રસ્ટ, કોલકાતા' તરફથી શ્રી રાજમંદિર પ્રતિષ્ઠા મહોત્સવની ખુશાલીમાં હસ્તે. શ્રી રાજેન ડોલરભાઈ હેમાણી

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of Shreemad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah